Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : 33 ● અંક : ૨૮૧
તા.૨૦-૧૧-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૮ સૂર્યાસ્ત : ૦૫:૫૪

તાપમાન
ડીસા ૧૮.૦
અમદાવાદ ૧૬.૧
ગાંધીનગર ૧૬.૦
વડોદરા ૧૫.૦
સુરત ૧૯.૪
નલિયા ૧૦.૬

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# રાહુલની તાજપોશીનો તખ્તો તૈયાર : આજે કારોબારીની મિટિંગ

## પાર્ટી પ્રમુખની ચૂંટણી માટે કાર્યક્રમને લીલીઝંડી આપવા તૈયારી : સોનિયા ગાંધીના ૧૦ જનપથ નિવાસસ્થાન પર સીડબલ્યુસીની બેઠક મળશે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા રાહુલની તાજપોશી કરાય તેવી તૈયારી

નવી દિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા રાહુલ ગાંધીએ કોંગ્રેસ પ્રમુખ બનાવી દેવાની તૈયારી કરી લેવામાં આવી છે. મળેલી માહિતી મુજબ આવતીકાલે કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક મળનાર છે જેમાં પાર્ટી પ્રમુખની ચૂંટણી માટે કાર્યક્રમને લીલીઝંડી આપવામાં આવી શકે છે. કોંગ્રેસ પાર્ટીના આગામી પ્રમુખ બનવા રાહુલ ગાંધી આડેની તમામ અડચણો દૂર થઇ ચુકી છે. આવતીકાલે કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક મળનાર છે. પાર્ટીના સુત્રોનું કહેવું છે કે, સીડબલ્યુસીની આ બેઠક આવતીકાલે સવારે ૧૦.૩૦ વાગે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના ૧૦ જનપથ નિવાસસ્થાને મળશે જેમાં



કોંગ્રેસ પ્રમુખની ચુંટણી માટે કાર્યક્રમને આખરીઓપ આપી દેવામાં આવશે. ચૂંટણી મેદાનમાં રાહુલ ગાંધી એકમાત્ર ઉમેદવાર રહેશે. એક વખતે કોંગ્રેસ કારોબારી દ્વારા ચૂંટણી માટે કાર્યક્રમને મંજુર કર્યા બાદ પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સત્તા દ્વારા આના માટે નિવેદન જારી કરાશે. ચૂંટણી પ્રક્રિયા ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા પૂર્ણ કરી લેવામાં આવે તેવી શક્યતા છે. ૯મી ડિસેમ્બરના દિવસે ગુજરાતમાંમ ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે. પાર્ટીના સુત્રોનું કહેવું છે કે, પ્રમુખની ચૂંટણીના કાર્યક્રમને મંજુરી આપવા માટે સીડબલ્યુસીની બેઠક બોલાવવાની બાબત જરૂરી નથી પરંતુ સોનિયા ગા- ંધીએ પાર્ટીની સર્વોચ્ચ નિર્ણય લેતી કમિટિની મંજુરી લેવાનો નિર્ણય કર્યો છે.

## કોંગ્રેસે પ્રથમ ચરણના ૭૭ ઉમેદવારોની જાહેરાત કરી

અમદાવાદ

રાજ્યમાં ભર શિયાળે વિધાનસભા ચૂંટણીનો માહોલ પુર જોશમાં જામી રહ્યો છે. ત્યારે છેલ્લા એક સપ્તાહથી કોંગ્રેસ તેના ઉમેદવારો જાહેર કરવા માટે તારીખો પાડી રહી હતી. જે દરમિયાન ભાજપાએ પ્રથમ અને બીજા ચરણના થઈને કુલ ૧૦૬ ઉમેદવારોની જાહેરાત કરી દીધી હતી. ત્યારે ગઈ મોડી રાત્રે કોંગ્રેસે પણ પ્રથમ ચરણમાં પોતાના ૭૭ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. જેમાં તેણે તેના તમામ સિટીંગ ધારાસભ્યોને ફરીથી તક આપી હતી. તેમજ કેટલાક હારેલા તથા નવા ચહેરાઓને પણ સ્થાન આપ્યું હતું. આ યાદીમાં કોંગ્રેસના દિગંજનેતા શક્તિસિંહ ગોહિલ, અર્જુનભાઈ મોઢવા ડીયા, પરેશ ધાનાણી અને કુંવરજી બાવળીયા વગેરેનો સમાવેશ કરાયો છે.

પ્રથમ બે યાદી જાહેર થયા બાદ અસંતોષનું મોજુ

## ભાજપમાં ભડકો : કેટલાક વિસ્તારોમાં બળવાના સુર

### નિકોલમાં જગદીશ પંચાલની સામે વિરોધ : ઘણા વિસ્તારોમાં ઉમેદવારોની પસંદગીથી જોરદાર રોષ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી લઇને ભાજપે શુક્રવારના દિવસે પ્રથમ અને શનિવારના દિવસે બીજી ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદથી ટિકિટ નહીં મેળવનાર સભ્યોના સમર્થકોમાં જોરદાર નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. ટિકિટ ફાળવણી લઇને ભાજપમાં પણ ભડકો થયો છે. બળવાના સુર અનેક વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે. ભાજપ ટોપ લીડરશીપે આને લઇને ડેમેજ કન્ટ્રોલની કવાયત પણ હાથ ધર હોવાના પ્રયાસ કર્યા હતા. વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા બીજી યાદી જાહેર કરવામા આવ્યા બાદ રાજ્યમાં વઢવાણ ઉપરાંત નિકોલ,ઝાલોદ સહિતની છથી વધુ બેઠકો ઉપર કરવામા આવેલી ઉમેદવારોની પસંદગીને લઈને ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.આ રોષમાં ભાજપના જ બે સીટીંગ સાંસદ દ્વારા પક્ષના નિર્ણયની સામે ઉગ્ર રોષ વ્યકત કરવામા આવ્યો છે.તો આ સાથે જ રાજ્યમાં જસદણ, મહુવા, નિકોલ, ઠાસરા સહિતની છથી વધુ બેઠક ઉપર ઉમેદવારોની પસંદગી સામે રાજીનામા આપવાનો ક્રમ પણ શરૂ થઈ ગયો છે. રાજયમાં આગામી ૯ તેમજ ૧૪મીના રોજ બે તબકકામા ચૂંટણી યોજાવા જઈ રહી છે આ અગાઉ ઉમેદવારોની પસંદગીને લઈને ભાજપના કાર્યકરોમા ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને હાલમાં જ કોંગ્રેસમાંથી ભાજપમાં પ્રવેશ મેળવનારા રામસિંહ પરમાર અને રાઘવજી પટેલ જેવાઓને ઉમેદવારી કરવાની તક આપવામા આવતા ખેડા જિલ્લાના કાર્યકરોમા ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.

બન્ને પક્ષના નેતાઓ વચ્ચેની બેઠક સકારાત્મક

## અનામત માટે કોંગ્રેસ-પાસ ‘પાસ પાસ’:ઘણા મુદ્દે સહમતિ

### આજે હાર્દિક જાહેરાત કરશે

અમદાવાદ

ઓબીસીમાં અનામતની માંગણીને લઇ આજે સાંજે કોંગ્રેસ અને પાસના નેતાઓ વચ્ચે મહત્વની બેઠક યોજાઇ હતી. જેમાં બંને પક્ષે સારી એવી અને મહત્તમ સમજૂતી સધાઇ ગઇ હોવાની વાત સામે આવી હતી. બેઠક બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી, કોંગ્રેસના સિનિયર નેતા સિધ્ધાર્થ પટેલ અને પાસના નેતા દિનેશ બાંભણીયાએ પત્રકાર પરિષદ યોજી આ સમગ્ર મામલે અધિકૃત જાહેરાત કરી હતી. હવે કોંગ્રેસને સમર્થન આપવું કે કેમ અને અનામત મુદ્દે કોંગ્રેસની સહમતી સ્વીકાર્ય છે કે કેમ તે સહિતના તમામ મુદ્દે આવતીકાલે હાર્દિક પટેલ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના મતવિસ્તારમાંથી જાહેરસભા મારફતે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે એમ પણ પાસના નેતાઓએ સ્પષ્ટ કર્યું હતું. કોંગ્રેસ દ્વારા બિનઅનામત આયોગમાં તમામ વર્ગ માટે અનામતની ફોર્મ્યુલા પર સહમતિ સધાઇ હોવાનું જાણવા મળે છે. કોંગ્રેસના સિનિયર નેતા સિધ્ધાર્થભાઇ પટેલના નિવાસસ્થાને આજે સાંજે પાસના નેતાઓ દિનેશ બાંભણીયા, અલ્પેશ કથીરીયા સહિતના નેતાઓની એક મહત્વની બેઠક ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે યોજાઇ હતી. લગભગ એકાદ કલાક સુધી ચાલેલી બેઠક બાદ બંને પક્ષના નેતાઓ બહાર આવ્યા હતા. બેઠક બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને કોંગ્રેસના સિનિયર નેતા સિધ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, પાસના નેતાઓએ જે ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું તે મુજબ બેઠક યોજાઇ ગઇ છે અને બંને પક્ષે સારા વાતાવરણમાં બેઠક યોજાઇ છે. અમારી વચ્ચે સારી સહમતિ સધાઇ ગઇ છે અને એક સારા નિષ્કર્ષ પર આવ્યા છીએ. દરમ્યાન પાસના નેતા દિનેશ બાંભણીયા અને અલ્પેશ કથીરિયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ સાથે અનામતના મુદ્દા પરની સ્પષ્ટતાને લઇ આજે અમારી બેઠક યોજાઇ હતી,

## ભરતસિંહ સોલંકી ૨૦૧૭ની ચૂંટણી નહીં લડે

ગાંધીનગર

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી આ વખતે ચૂંટણી નહીં લડે. કહેવાઇ રહ્યું છે કે, ભરતસિંહ સોલંકી અને કોંગ્રેસ હાઇકમાન્ડ વચ્ચે ઉમેદવારોના નામને લઇને વિખવાદ ઊભો થયો હતો અને આ કારણે જ તેઓ વખતે વિધાનસભાની ચૂંટણી નહીં લડે. ઉલ્લેખનીય છે કે, ભરતસિંહ સોલંકી શુક્રવારે હાઇકમાન્ડની મુલાકાત કરવા દિલ્હી ગયા હતા અને તેમણે પોતાના તરફથી કેટલાક ઉમેદવારોના નામ સૂચવ્યા હતા. પરંતુ તેમના ટેકેદારોને ટિકિટ આપવાની વાત નકારાતા તેઓ નારાજ થયા હતા. જો કે, ભરતસિંહ સોલંકીએ આ અંગે કહ્યું હતું કે, સૌએ પોત-પોતાના

અનુસંધાન પાના નં.૬

## ઉંઝામાં યુવતીના ભાઈ ઉપર ગોળીબાર

### ભાંખરના યુવક સહિત ત્રણ સામે ફરિયાદ દાખલ

પ્રતિ. ઉંઝા

ગઈકાલે સાંજે ઉંઝા શહેરના બહારમાઢ વિસ્તારમાં ભાંખર ગામના એક વિધર્મી યુવાને પોતાની પ્રેમજાળમાં ફસાવેલ યુવતીનું બળજબરી પૂર્વક અપહરણ કરવા માટે બાઈક પર યુવતીના ઘેર જઈ ધમાલ કરી રીવોલ્વર જેવા હાથિયારથી ફાયરિંગ કરી યુવતીના ભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહેંચાડી બાઈક પર નાસી છૂટવા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે ભય સાથે સનસનાટી મચી જવા પામી છે. ખાનગી ગોળીબારમાં ગંભીર રીતે ઘાયલ થયેલ યુવતીના ભાઈને સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયેલ છે.

વિગત એવી છે કે ઉંઝા શહેરના બહારમાઢ વિસ્તારમાં રહેતી એક યુવતી ઉંઝા નજીકના ભાંખર ગામના વતની અને સાઉદી અરેબિયામાં રહેતા એક વિધર્મી યુવાન સાથે કહેવાતા ફેક આઈડીના આધારે ફેસબુક પર સંપર્કમાં આવી હતી. બાદ વિધર્મી યુવાને સદર યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી દીધી હતી. દરમિયાન યુવતીને સાચી હકિકતનું ભાન થતાં તેણીએ વિધર્મી યુવાન સાથે સંબંધ કાપી નાંખ્યો હતો. જેથી યુવાને ફેસબુક પર તેણીની બદનામી કરી હતી. જે અંગે યુવતીએ ઉંઝા પોલીસ મથકે ફરિયાદ પણ કરી હતી. જેની અદાવત રાખી વિધર્મી યુવાનની માતા અને અન્ય એક અજાણ્યો શખ્સ મળી કુલ ત્રણ જણાઓ બાઈક પર યુવતીના રહેઠાણના સ્થળે ગયા હતા. જ્યાં ઘરમાં ધમાલ મચાવી યુવતીના પરિવારજનોને ડરાવી ધમકાવી રીવોલ્વર જેવા હથિયાર તાકી યુવતીને ઘરમાંથી ઢસડી જતાં યુવતીનો ભાઈ તેને જાનથી મારી નાંખવા માટે રીવોલ્વર જેવા હથિયારથી ફાયરિંગ કરતાં યુવતીના ભાઈને છાતીના ભાગે ગોળી વાગતાં તે નીચે પડી ગયો હતો. ફાયરિંગ કર્યા બાદ વિધર્મી યુવક તેની માતા અને એક અજાણ્યો શખ્સ ત્રણેય જણા બાઈક પર ક્યાંક નાસી ગયા હતા.

અનુસંધાન પાના નં.૬

### વિચાર વૈભવ...

#### હું તો જાણું છું ને!

સવારના નવ વાગ્યાની આસપાસનો સમય હતો.

પોતાના હાથના અંગૂઠા પર લીધેલા ટાંકા કઢાવવા માટે એક દાદા પરદેશના એક નર્સિંગ હોમનાં વેઈટિંગ રૂમમાં બેઠા હતા. ડ્યુટિ પરની નર્સ પોતાના કામમાં થોડી વ્યસ્ત હતી. પોતે ઉતાવળમાં છે એવું દાદાએ નર્સને એકાદ- બે વખત કહ્યું એટલે નર્સે એમનો કેશ હાથમાં લીધો. દાદાના અંગૂઠા પરનો ઘા જોયો, બધી વિગત જોઈ. એ પછી એ નર્સે અંદર જઈ ડૉક્ટરને જાણ કરી. ડૉક્ટરે દાદાના ટાંકા કાઢી નાંખવાની નર્સને સૂચના આપી.

નર્સે દાદાને ટેબલ પર સુવડાવ્યા. પછી પૂછ્યું, ‘દાદા! તમારી ઉતાવળનું કારણ હું પૂછી શકુ? કોઈ બીજા ડૉક્ટરને બતાવવા માટે જવાનું છે?’

‘ના, બહેન! પરંતુ ફલાણા નર્સિંગ હોમમાં મારી પત્નીને દાખલ કરેલી છે. એની સાથે નાસ્તો કરવાનો સમય થઈ ગયો છે. છેલ્લા પાંચ વરસથી સવારે સાડા નવ વાગ્યે એની જોડે જ નાસ્તો કરવાનો મારો અતૂટ ક્રમ રહ્યો છે. છેલ્લા પાંચ વરસથી એ નર્સિંગ હોમમાં મારી પત્ની દાખલ થયેલી છે.’

‘પાંચ વરસથી? શું થયું એને?’ નર્સે પૂછ્યું.

‘એને સ્મૃતિભ્રંશ - અલ્ઝાઈમર્સનો રોગ થયેલો છે.’ દાદાએ જવાબ આપ્યો.

મોં પર સહાનુભૂતિના ભાવ સાથે નર્સે ટાંકા કાઢવાની શરૂઆત કરી. એકાદ ટાંકાનો દોરો ખેંચતી વખતે દાદાથી સહેજ સિસકારો થઈ ગયો એટલે એમનું ધ્યાન બીજે દોરવા નર્સે ફરીથી વાત શરૂ કરી, ‘દાદા! તમે મોડા પડશો તો તમારાં પત્ની ચિંતા કરશે કે તમને ખિજાશે ખરા?’

દાદા બે ક્ષણ નર્સ સામે જોઈ રહ્યા. પછી બોલ્યા. ‘ના! જરા પણ નહીં. એ ચિંતા પણ નહીં કરે અને ખિજાશે પણ નહીં. કારણ કે છેલ્લા પાંચ વરસથી એની યાદશક્તિ સંપૂર્ણપણે ચાલી ગઈ છે. એ કોઈને ઓળખતી જ નથી. હું કોણ છું એ પણ એને ખબર નથી!’

નર્સને અત્યંત નવાઈ લાગી. એનાથી પુછાઈ ગયું. ‘દાદા! જે વ્યક્તિ તમને ઓળખતી પણ નથી એના માટે તમે છેલ્લાં પાંચ વરસથી નિયમિત નર્સિંગ હોમમાં જાઓ છો? તમે આટલી બધી કાળજી લો છો, પરંતુ એને તો ખબર જ નથી કે તમે કોણ છો?’

દાદાએ નર્સનો હાથ પોતાના હાથમાં લઈ હળવેથી કહ્યું, ‘બેટા! એને ખબર નથી કે હું કોણ છું, પરંતુ મને તો ખબર છે ને કે એ કોણ છે?’

દાદાની આંખોના ખૂણામાં ભીનાશ આવી ગઈ અને નર્સની આંખોમાં આંસુ!

સાચો પ્રેમ એટલે... સામી વ્યક્તિનો જેમ છે તેમ સંપૂર્ણ સ્વીકાર, એના સમગ્ર અસ્તિત્વનો સ્વીકાર, જે હતું તેનો સ્વીકાર, જે છે તેનો સ્વીકાર, ભવિષ્યમાં જે હશે તેનો સ્વીકાર અને જે કંઈ નહીં હોય તેનો પણ સ્વીકાર!

- ડૉ.આઈ.કે.વીજળીવાળા

### ગતકડું....

- દેવન વ્યાસ



મને ફરી વિધાનસભાની ટીકીટ ન મળી, તેની નોંધ ગીનીજ બુકવાળા કેમ નહીં લેતા હોય...!!

## ભાજપના ૨૦૦ આગેવાનો અને યુવાનો કોંગ્રેસમાં જોડાયા





### કોતરવાડા ગામે કોંગ્રેસની જાહેર સભા યોજાઈ

ડીસા

દિયોદર તાલુકાના કોતરવાડા ગામે શિવશંકર ભગવાનના મંદિરની સામે મળેલી કોંગ્રેસની જાહેરસભામાં ૨૦૦ ભાજપના આગેવાનો અને યુવાનો કોંગ્રેસમાં જોડાયા હતા. જેમને કોંગ્રેસના ઓ.બી.સી.પ્રમુખ સોરાબજી ઠાકોર સહિતના આગેવાનોએ આવકાર્યા હતા.

પ્રારંભે શાબ્દિક સ્વાગત બાદ ઓ.બી.સી. પ્રમુખ સોરાબજી ઠાકોરે ભાજપની ખેડૂતો અને આમ પ્રજા વિરોધી નીતિઓની ઝાટકણી કાઢી કોંગ્રેસ સરકાર ખેડૂતોના દેવા માફ અને બેકારોને રોજગારી ભથ્થુ આપી શિક્ષણનો વ્યાપ પણ વધારશે. દિયોદર કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ અને શિવાભાઈ ભુરીયાએ પણ ભાજપના શાસનમાં ખેડૂતોનો મરો થઈ ગયો હોવાનું જણાવી કોંગ્રેસ સરકાર આવશે તો ખેડૂતોને નર્મદાના નીર ખેતરે ખેતરે આપવા સહિત તમામ પ્રશ્નોના નિરાકરણની ખાત્રી આપી હતી. વધુમાં દિયોદરમાં કોંગ્રેસની ટીકીટ જેને મળે તેને વધાવી લેવાની પણ હાકલ કરી હતી.

આ પ્રસંગે દિયોદર તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખ નરસિંહભાઈ રબારી, દિયોદર એપીએમસીના ચેરમેન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શીવાભાઈ ભુરીયા, બી.કે. જોશી, ભાવનાબેન ઠાકોર, મેલાજી ઠાકોર, ભરતજી ઠાકોર (વકીલ), મનુજી ઠાકોર, કોતરવાડા ગામના આગેવાન શિવાજી ઠાકોર, જોયતાજી ઠાકોર, શાંતિભા ભગત, અભેસિંહ ઠાકોર, અમીચંદજી ઠાકોર, માનાજી ઠાકોર, રમેશજી ઠાકોર, શ્રવણજી ઠાકોર વગેરે ઠાકોર સેનાના અને કોંગ્રેસના કાર્યકરો, હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહી હતી. ત્યાર બાદ અભેસિંહ ઠાકોરે આભાર વિધિ કરી હતી.

## ડીસામાં ભાજપના ઉમેદવારને લઈ ઘમાસાણ

### સાંસદ લીલાધર વાઘેલાની રાજીનામાની ચિમકી

ડીસા

ભરત સુંદેશા



ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા બે તબક્કામાં ઉમેદવારોની જાહેરાત કરી દેવામાં આવી છે. જેમાં ઘણી બેઠકો પર ટિકિટ ન મળતાં દાવેદારોનો અસંતોષ જોવા મળી રહ્યો છે ત્યારે બનાસકાંઠાની ડીસા બેઠકની જાહેરાત થઈ ન હોવાથી ડીસા બેઠક પર પાટણના સાંસદ લીલાધર વાઘેલાએ પોતાના પુત્ર દિલીપ વાઘેલા માટે ટિકિટ માંગી છે, અને પાર્ટી જો ટિકિટ નહીં આપે તો તેઓ સંસદસભ્ય પદેથી રાજીનામું આપશે તેવી ચીમકી આપી હતી. જેથી ભાજપના મોવડીઓમાં હડકંપ મચી જવા પામ્યો હતો. બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ઠાકોર સમાજના મત પર પ્રભુત્વ હોઈ વર્ષોથી વિવિધ બેઠકો પર ધારાસભ્ય તરીકે અને હાલ પાટણના સંસદસભ્ય તરીકે ચૂંટાયેલા લીલાધરભાઈ વાઘેલા ઠાકોર સમાજના મોટા ગજાના નેતા ગણાય છે. લીલાધર વાઘેલા હાલમાં પાટણના સાંસદ છે. તેઓએ તેમના પુત્ર દિલીપ વાઘેલા માટે ડીસા અને દિયોદર વિધાનસભાની ટિકિટ માંગી હતી. જોકે ભાજપ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ પ્રથમ યાદીમાં દિયોદર બેઠક પરથી ચાલુ ધારાસભ્ય અને રાજ્ય સરકારના મંત્રી કેશાજી ઠાકોર ને રિપીટ કરાતા હવે માત્ર ડીસા બેઠક તેમના માટે બચી હોવાથી રવિવારે સંસદ લીલાધર વાઘેલાએ પોતાના નિવાસસ્થાને મીડિયાકર્મીઓ સમક્ષ પાર્ટી પર દબાણ ઉભુ કરવા

અનુસંધાન પાના નં.૬

સૂર્યોદય - ૬.૫૮ સૂર્યાસ્ત - ૫.૫૪

## તિથિદર્શન

માગસર સુદ-૨ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :બીજ સોમવાર નક્ષત્રઃ જયેષ્ઠા સવારે ૭.૦૮ પછી મુલ યોગ : ગંડ કરણ:કિસ્તુધન આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) સવારે ૭.૦૮ પછી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### ગતે શોકો ન કર્તવ્યો ભવિષ્યં નૈવ ચિન્તયતે વર્તમાનેન કાલેન પ્રવર્તન્તે વિચક્ષણાઃ

જે વસ્તુ ગયેલી છે - ભૂતકાળમાં નાશ પામી છે, તે વસ્તુ શોક- દુઃખ અને ભવિષ્યમાં શું થશે એની ચિંતા ન કરતા, બુદ્ધિમાન- ડાહ્યાજનો વર્તમાનમાં જ આનંદથી જીવે છે. અધકચરું જ્ઞાન- સમજ દ્વારા માણસ વધારે દુઃખી થાય છે, કુદરતી આપત્તિઓમાં કે વેપાર- સટ્ટામાં નુકસાન થતાં પોતાનું ઘર- ખેતર- જમીન- ગરાસ ધોવાઈ જાય, નાશ પામે પછી પોતાની ભૂતકાળની જહોજલાલીનાં રોદણાં ગાતાં યાદ કરી બેસી રહેવાનો કોઈ અર્થ નથી. તેને બદલે જાગૃતિ અને હિંમત એકઠી કરી નવેસરથી ઊભા થવાનો પ્રયત્ન કરનાર તથા સ્વસ્થ થઈ જઈ આગળ વધે છે. અધકચરા જ્ઞાનથી આવનાર આપત્તિ- રોગો- મુશ્કેલીઓની ચિંતા કરી માનવી ચિંતામાં દૂબળો પડી જાય છે. ભવિષ્યમાં શું થશે એની ચિંતા કર્યા વિના 'કર્મ' અને 'ભાગ્ય' પણ ભરોસો રાખી આજની, આ પ્રવર્તમાન 'ક્ષણ' ને માણી લેવી જોઈએ. આમ ભૂતકાળને યાદ કરી રડવું નહીં અને ભાવિની ચિંતામાં પડવું નહીં. વર્તમાન ક્ષણનો આનંદ માણી લેવો જોઈએ. પંડિત- જ્ઞાન- વિદ્વાન- ડાહ્યા માણસો ભૂત અને ભવિષ્યને યાદ કર્યા વિના માત્ર 'વર્તમાન' ને માટે સજાગ હોય છે.

# પાલનપુરનું ગૌરવ



પાલનપુર

ખેલ મહાકુંભ-૨૦૧૭ ગોધરા ખાતે ગત ૧૯મી નવેમ્બરના રોજ યોજાયો હતો. જેમાં પાલનપુર નગરપાલિકામાં ફરજ બજાવતા ટેક્સ સુપરવાઈઝર સંજયભાઈ વ્યાસની દીકરી કરાટે માસ્ટર હિરલ વ્યાસે ફાઈટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. કુ. હિરલ વ્યાસે સિલ્વર મેડલ મેળવી માત્ર પાલનપુર જ નહી પરંતુ સમગ્ર બનાસકાંઠા જિલ્લા બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યું છે.

## આજનો દિન મહાન - યશવંત કડીકર

માભોમ ખાતર મરી મીટનાર શહીદીમાં શ્રી સત્યેન્દ્ર બસુ અને કન્હાઈ દત્તનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું છે. આ બંને વીરોની પુણ્યતિથિ છે. આજની તારીખે (૨૦-૧૧-૧૯૦૮) બંનેને ફાંસી અપાયેલી.

દેશદ્રોહી બની નરેન્દ્ર ગોસ્વામી તાજનો સાક્ષી બની ગયેલો. એને ખતમ કરવાની જવાબદારી લેનાર સત્યેન્દ્ર બસુ અને કન્હાઈ દત્ત જેઓ નરેન્દ્રની સાથે એક જ જેલમાં હતા. એમણેકુનેહથી આ કામ પાર પાડયું. જેથી અંગ્રેજી અમલદારો પણ આભા બની ગયા.

૨૦ નવેમ્બર ૧૯૦૮ ના રોજ ફાંસી પામેલા આ બંને શહીદોએ તો આપણો સ્વાતંત્ર્યનો ઈતિહાસ સર્જ્યો છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે. જોખમી અને સાહસભર્યા કાર્યોમાં સાવધાની રાખવી. માનસિક ત્રાસ અનુભવાય. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે. માનસિક સંયમ કેળવવા તેમજ લાગણી પર કાબુ રાખવો હિતાવહ. નાણાંકીય દ્રષ્ટિએ સાનુકૂળ સમય છે. હાથ ધરેલી કામગીરીમાં ઝડપથી સફળતા પ્રાપ્ત થાય. વિદ્યા-અભ્યાસને લગતા કાર્યમાં પણ સફળતા પ્રાપ્ત મળે. વ્યર્થ ક્રોધ ન થાય તેની તકેદારી રાખવી, નહિંતર અગત્યના સંબંધો તુટી જાય.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન સ્થાન પરિવર્તનના યોગ છે. કૌટુંબિક મિલ્કતના પ્રશ્નોનો ઉકેલ આવે. અલબત્ત આરોગ્યની કાળજી રાખવી હિતાવહ છે. વ્યવહારિક બાબતોમાં જાગૃતિ કેળવવી જરૂરી છે. તેમજ અચાનક વ્યર્થ ખર્ચના ભોગ ન બની જવાય તે માટે સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં વિલંબ બાદ સફળતા પ્રાપ્ત કરી શકશો. તબિયત જાળવવી નહિંતર તકલીફમાં પડી જવાય.

**મિથુન**

આ સપ્તાહ દરમિયાન કોઈપણ નાની-મોટી ચિંતા કે જવાબદારી હશે તો તેમાંથી મૂક્તિ મેળવી શકશો. મનની બેચેની દૂર થાય. ભાગીદારી વર્ગ સાથે મતભેદ હોય તો તે દૂર કરી શકશો. આ ઉપરાંત નાણાંકીય બાબતો માટે આ સપ્તાહ મિશ્રફળદાયી ગણાવી શકાય. રોકાયેલા નાણાં પરત લેવા જતા પૂરે પૂરી સફળતા ન મળે. નોકરીયાત વર્ગને આ સપ્તાહ પ્રગતિકારક અને આશાકારક નીવડે, સ્વાસ્થય સારૂં રહે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન જૂના મતભેદો નિવારી શકશો. અલબત કાર્યબોજમાં વધારો થાય પરંતુ તેનું પૂરે પૂરૂં વળતર પણ પ્રાપ્ત કરી શકશો. અગત્યના કામકાજોમાં સફળતા મળે. સંતાનો સાથે મતભેદની શક્યતા નકારી શકાતી નથી. કંઈક નવું આયોજન વિચાર્યું હોય તો તે પણ સફળતાપૂર્વક પાર પાડી શકશો. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી અચાનક જ આવી પડે. આર્થિક બાબતને લગાત કાર્ય પૂર્ણ થાય. નવી આવકના યોગ છે. સમાજિક બાબતે કાર્યોમાં ગુંચવણ જોવા મળે. સ્વમાન ભંગ ન થાય તે માટે સાવધ રહેવું જરૂરી બને. પ્રવાસ-યાત્રા ટાળવો હિતાવહ. જો કે, આનંદ-પ્રમોદમાં વિશેષ પ્રવૃત રહેવાય અને નવિન ખરીદીઓ પણ થાય. નવા સંબંધો વિકસાવવામાં સાવધાની રાખવી જરૂરી બને. તબિયત સંભાળવી નહિંતર વાતાવરણને કારણે તકલીફ ઊભી થાય.

**કન્યા**

આ સપ્તાહ દરમિયાન જૂના મિત્રો, સગા-સંબંધીઓની મુલાકાત થાય. જે લાભદાયી રહે. વ્યર્થ ચિંતાને કારણે અકારણ ગુસ્સો રહ્યા કરે. જીવનસાથી કે સંતાનના આરોગ્ય અંગે સંભાળ રાખવી જરૂરી બને. આર્થિક સમસ્યા દૂર થાય. અણધાર્યો ધન લાભ થાય. અટકી પડેલા કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. વાદ-વિવાદમાં ન ઉતરતા વાણી સંયમ જાળવવો હિતાવહ.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન માનસિક તાણનો અનુભવ થાય. વ્યર્થ ઉત્પાત કરતા ધીરજ ધરી કાર્યો કરવા. કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવા. નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળે. આવકવૃધ્ધિના તમારા પ્રયત્નોમાં જરૂરી સફળતા મળે. તેમ છતાં કૌટુંબિક ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. પ્રતિકૂળતામાંથી માર્ગ કાઢી શકશો. આ સપ્તાહમાં કોઈ મોટી લે-વેંચ હોય તો તે સ્થગિત રાખવી.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન એક નવિન અનુભવ અને ચંચળતા આપનાર નીવડે. ધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત રહેવું. નવિન મિલન-મુલાકાત કે મુસાફરીથી હૃદય અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરે. પારિવારીક સમસ્યાઓને વાટાઘાટો દ્વારા હલ લાવી શકાય. નાણાંનો દૂરવ્યય થતો અટકે. સાસરાપક્ષ કે મોશાળપક્ષ તરફથી નાનોએવો લાભ મળે. જીવનસાથી સાથે વાદ-વિવાદમાં ન ઉતરવો હિતાવહ. કોઈ ગેરસમજ ન સર્જાય તેની ખાસ સાવચેતી રાખવી. તબિયત સંભાળવી હિતાવહ.

**ધન**

આ સપ્તાહમાં તમારા મનના મનોરથ ધીરે-ધીરે સફળ થતા જણાય. આ ઉપરાંત પ્રિયજનથી વિશેષ લગાવ રહે. તેના સાથે મનદુઃખ હોય તો દૂર થશે. અણધાર્યો લાભ મેળવી શકશો. કોર્ટ-કચેરી અને જમીનને લગતા કાર્યોમાં લાભ પરંતુ આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. મનમાં ચિંતા હશે તે પણ દૂર થાય તેવું બને. વ્યવસાયના કાર્યમાં મહેનત વધારવી જરૂરી બને. શેર-સટ્ટા જેવા કાર્યથી દૂર રહેવું. તબિયત એકંદરે સારી રહે.

**મકર**

આ સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે જેથી વ્યસ્ત રહેવાય. નાણાંકીય આયોજનોને સફળતાથી પાર પાડી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. અણધાર્યો પ્રવાસ કે મુસાફરી થાય. લાભની આશા ઠગારી નીવડે. અકારણ ક્રોધના ભોગ બનો. ગુપ્ત શત્રુવર્ગની પ્રબળતા છતાં પણ હિમ્મતથી વર્તાવથી નુકશાનીમાંથી બચી જવાય. મુંઝવણભર્યા પ્રશ્નોમાંથી માર્ગ મળે. રચનાત્મક પ્રવૃત્તિઓ વેગવંતી બને. મહત્વના નિર્ણયો કરી શકશો. તબિયત સંભાળવી.

**કુંભ**

આ સપ્તાહ દરમિયાન જમીન, મકાન, વાહન, વ્યવસાયને લગતા કાર્યો માટે સમય સાનુકૂળ રહે. એકંદરે આ સપ્તાહ દરમિયાન રોકાયેલા નાણાં છૂટા થાય. મુંઝવણમાંથી માર્ગ કાઢી શકશો. જૂના સ્નેહિવર્ગ દ્વારા પણ લાભ પ્રાપ્ત કરી શકશો પરંતુ વાણીસંયમ જાળવવો અનિવાર્ય બની જાય. જીવનસાથીને મનદુઃખ રહે. સંતાન વર્ગ દ્વારા શુભ સમાચાર મળે. મહત્વની વ્યક્તિ માટે મિલન-મુલાકાતમાં સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય.

**મીન**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે અગત્યના કાર્યમાં મંદગતિએ સફળતા મેળવી શકશો. શત્રુ પક્ષથી ખાસ સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં નાણાંનો વ્યય થાય તેવા સંજોગો છે. પરોપકારીના કાર્યમાં પણ સાવધાની જરૂરી છે. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહપૂર્વક રહે. જીવનસાથી સાથે મનદુઃખ કે મતભેદ હોય તો નિવારણ થાય. મોજ-શોખ તરફ આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે. ગેર સમજના ભોગ ન બનો તેની સાવચેતી રાખવી જરૂરી બને. એકંદરે આ સપ્તાહ મધ્યમફળ આપનારું રહે.

# અમીરગઢ પોલીસે લકઝરી બસમાંથી વિદેશી દારૂ સાથે એક ઈસમની ધરપકડ કરી

અમીરગઢ

આગામી વિધાનસભાની ચુંટણી - ૨૦૧૭ ના અનુસંધાને પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજર - પાલનપુરની સુચના અનુસાર તથા નાયબ પોલીસ અધિક્ષક - ડીસા તથા સર્કલ પોલીસ ઈન્સ.ના માર્ગદર્શન હેઠળ પી.સી.દેસાઈ (પો.સ.ઈ.અમીરગઢ) ને મળેલી બાતમીના આધારે તા.૧૯/૧૧/૧૭ ના રોજ અમીરગઢ બોર્ડર ચેક પોસ્ટ ઉપર તેઓ વાહન ચેકીંગમાં હતા. તે દરમિયાન લકઝરી બસ નં.આર.જે.૧૪ પી.એ. ૫૬૫૫ ની તલાશી લેતા તેની ડેકીમાંથી અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારુ પેટી નંગ.-૨ તથા છુટક બોટલ નંગ ૧૪૦ મળી કુલ ૧૬૪ બોટલ (કિં.રૂ.૭૭.૬૦૦) તથા મોબાઈલ ફોન નંગ.- ૨ (કિંમત રૂ.૫૫૦૦) અશોક લેલન કંપનીના




લકઝરી બસ (કિંમત રૂ.દસલાખ) મળી કુલ રૂ.૧૦,૮૩.૧૦૦ નો મુદામાલ કબજે કરી બસમાં બેસેલ ઈસમ મહેન્દ્ર સાંખલા (રહે. અસારવા, અમદાવાદ) ને અટકમાં લઈ પોહી- એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

# પાંથાવાડા મુકામે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



પાંથાવાડા

પાંથાવાડા ના ધાનેરા વિધાનસભા સીટ ઉપર એક નવો રાજકીય રંગ દેખાયો જેમ જેમ વિધાનસભા ની ચુંટણીઓ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકારણમાં ગરમાવો દેખાઈ રહયો છે ત્યારે આજ રોજ રવિવારે પાથાવાડા હનુમાનજી ના મંદિરે જનવિકલ્પ પાર્ટીના ધાનેરા મત વિસ્તાર ના ઉમેદવાર એવા તેજાભાઈ રબારી દ્વારા સ્નેહમિલન કારેકર્મ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તમામ સમાજો નો લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા અને આવેલ ગામજનોનું તેજાભાઈ એ સ્વાગત પણ કાર્ય હતું અને જણાવેલ છે હું આવનારી ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણી માં જનવિકલ્પ પાર્ટી માંથી મને ટીકીટ આપવામાં આવી છે તેથી સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

## રાવળ યોગી સમાજ દ્વારા નાગજીભાઈ બબાસણીયાનું સન્માન

ડીસા

રાવળ સમાજના ભામાસા અને રાવળ સમાજના વિકાસ માટે શિક્ષણની જ્યોત પ્રગટાવવામાં અથાગ પ્રયત્નો થકી સહ ભાગી થઈ રહ્યા છે. તેવા નવપરગણા રાવળ સમાજના માજી પ્રમુખ નાગજીભાઈ એમ.બબાસણીયાનું સોખગામ રાવળ સમાજ સંચાલિત બનાસકાંઠા રાવળ સમાજ સંસ્કાર મંડળ દ્વારા ડાંગીયા ગામે આયોજીત સન્માન સમારોહમાં ધામધુમથી ભવ્યાતી ભવ્ય રાવળ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# ડીસા સ્પોર્ટ્સ કલબના બે ખેલાડીઓ બેડમિન્ટનમાં રાજ્ય કક્ષાએ ઝળકયા

## ખેલમહાકુંભ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો

ડીસા

રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં ડીસા સ્પોટ્ર્સ ક્લબના બે ખેલાડીઓએ સુરત ખાતે સમગ્ર રાજ્યમાં બીજો ક્રમાંક મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

ગુજરાત સરકાર દ્વારા ખેલ મહાકુંભ ૨૦૧૭ અંતર્ગત સુરત ખાતે યોજાયેલ બેડમિન્ટન સ્પર્ધામાં બનાસકાંઠા જિલ્લામાંથી અંડર-૧૪, અંડર ૧૭, ઓપન તેમજ એબોવ ૪૦ એમ વિવિધ વિભાગોમાં ડીસા સ્પોટ્ર્સ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ડીસાના ડૉ. વિનય પઢીયાર અને પંકજ માધવાણીની જોડીએ સમગ્ર રાજ્યમાં બીજો ક્રમ મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. ડીસા જેવા નાના શહેરમાંથી ભાગ લઈ સુરત,




વડોદરા, રાજકોટ, અમદાવાદ જેવા શહેરોમાં કે જ્યાં બેડમિન્ટનની સંપૂર્ણ સુવિધા છે તેવા ખેલાડીઓ સામે આ જોડીએ ટક્કર લઈ સમગ્ર રાજ્યમાં બીજો ક્રમાંક મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ડીસા શહેર નું ગૌરવ વધાર્યું હતું. જે બદલ ડીસા સ્પોટ્ર્સ ક્લબ દ્વારા તેમજ શુભેચ્છકો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સરકારી વિનયન કોલેજ, અમીરગઢમાં કોચિંગ કલાસનો શુભારંભ

તા.પ્રતિ અમીરગઢ

સરકારી વિનયન કોલેજના ભૂતપુર્વ વિદ્યાર્થી સંગઠનના સહયોગથી કોલેજમાં કાર્યરત ઈ.ઓ.સી સીઈએલએલ અંતર્ગત વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં જવલંત સફળતા પ્રાપ્ત કરી સરકારી નોકરી મેળવે તેવા શુભાશયથી કોલેજના નિયમિત તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે કોચિંગ વર્ગોનું આયોજન ગત રોજથી કરવામાં આવેલ છે. જેના ઉદ્ઘાટન સમારંભ પ્રસંગે મોટીવેટર તેમજ ઈતિહાસ વિષયના તજજ્ઞ મનોજભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને હકારાત્મક વિચારસરણી રાખી લક્ષ્ય પ્રાપ્તિ માટે આત્મવિશ્વાસથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા પ્રોત્સાહીત કર્યા હતા. તેમજ કોલેજના આચાર્ય નરેશભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને કોલેજની સ્વચ્છતા તેમજ નીતિનીયમોને જાળવી આ વર્ગોનો મહત્તમ લાભ મેળવી સફળતા પ્રાપ્ત કરવા માટેની શભેચ્છાઓ પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન આચાર્યના માર્ગદર્શન હેઠળ ઈઓસી સીઈએલએલ દ્વારા કરવામાં આવ્યું હતુ.

## સરયુનગર આશ્રમ ખાતે બ્રહ્મલિન સરયુસરણજીની ૧૬ મી પુણ્યતિથી ઉજવાય

જુનાડીસા

જુનાડીસા - રાજપુર રોડ સ્થિત સંકટ મોચન વિજય હનુમાન મંદિર અને પરમહંસ આશ્રમના આદ્યસ્થાપક, હજારો ભક્તોના શ્રધ્યેય, સંત મહાત્મા બ્રહ્મલિન પૂજ્ય સરયુશરણજી મહારાજની સોળમી પૂણ્યતિથિ કાર્તક વદ અમાસના દિવસે શરયૂનગર આશ્રમ ખાતે ભક્તિ ભાવ, ભજન, ભોજન પ્રસાદ ત્રિવેણી આધ્યાત્મિક ઉત્સવ સાથે યોજાઈ આ પાવન પર્વે પૂજ્ય બ્રહ્મલિન મહારાજ શરયૂશરણજી મહારાજ ઉચ્ચકોટીના પરમહંસ મહાત્માની મૂર્તિનું પૂજન અર્ચન, આરતિ, ગુરૂવંદનાનો ભાવવ વાહી ધર્મોત્સવની ઉજવણી પૂજ્યશ્રીના કૃપાપાત્ર હજારો સેવકોએ ઉપસ્થિત રહી ગુરૂ ૠણ અદા કર્યુ હતું. આ પ્રસંગે સેવવક રમેશભાઈ મહેતાએ તેમના દ્વારા પ્રાસંગિક પ્રવચન કરી જ્ઞાન જ્યોત પ્રગટાવી અજ્ઞાન અંધશ્રધ્ધાને દૂર કરનાર મહીમાને ઉજાગર કરનાર સંત ને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સાધુ સંતોએ હાજરી આપી હતી.

# ટી.વી ચેનલોથી મહિલા વર્ગમાં વૈચારિક ક્રાંતિ

## મન-દર્પણ -મંજુ પ્રજાપતિ

સમાજમાં કોઈપણ પરિવર્તનનો પ્રારંભ દિમાગથી એટલે કે વિચારોથી થાય છે આકાશમાંથી વરસી રહેલી આશરે ૩૦૦ થી ૩૫૦ જેટલી ટીવી ચેનલોએ સમાજ ઉપર તેની વિવિધ પ્રકારની સીધી કે આડકતરી અસરો પણ છોડી છે.આજે આપણે અહીં ચર્ચા કરવી છે મહિલાઓ ઉપર થયેલી ટીવી ચેનલોની સારી અને વિપરીત અસરોની.

આપણો સમાજ અવારનવાર એવી ચર્ચા છેડતો રહે છે કે, મહિલા તો પુરૂષ સમોવડી જ હોવી જોઈએ.જો કે હજુ આપણે ૩૩ ટકા મહિલા અનામત સુધી પણ પહોંચી શક્યા નથી.સરકાર આવા પગલા લે એ પહેલા તો મહિલાએ જાતે જ દોટ મૂકી છે.કેટલાક ક્ષેત્રોમાં તો પુરૂષને પાછળ છોડીને મહિલાઓ આગળ નિકળી ગઈ છે.આગળ ધપવાના પ્રોત્સાહન અને પ્રેરણા આપવામાં ટીવી ચેનલોએ ખુબજ મહત્વની ભૂમિકા ભજવી છે.

દર્શક મહિલાઓના દિમાગ પર ટીવી ચેનલોની સીરીયલોમાં ચમકતી તેજોતરોર, પ્રખર બુધ્ધિશાળી, બહાદુર, ખટપટમાં નિપૂણ, સમજદાર અને સદગુણોનો ભંડાર ધરાવતી ઉપરાંત ગુનાખોર માનસ ધરાવતી કે પછી રૂપરૂપના અંબાર જેવી મહિલાઓએ જબરદસ્ત અસરો પહોંચાડી છે.ખાસ કરીને મહત્વકાંક્ષાઓ વધી છે.જે પૂર્ણ કરવાની ધુનમાં યુવતીઓ ગફલત કરી બેસે છે.

ચિત્ર વિચીત્ર આભુષણો, સુંદર વસ્ત્ર પરિધાન અને મેકઅપના ઘપેડાથી અત્યંત આકર્ષક તથા ખુબસુરત બાહ્ય દેખાવથી ઓપતા ટીવીના વિભિન્ન મહિલા પાત્રોએ કરોડો મહિલા દર્શકોને નવુ નવુ વિચારતા કરી મૂક્યા છે.

વૈચારિક પરિવર્તનની દિશામાં કદાચ આ પ્રથમ પગલુ ગણાશે.કોઈપણ પરિવર્તન કે ક્રાંતિની શરૂઆત કે તેનો જન્મ વ્યક્તિના દિમાગમાં થાય છે.નવો ઉદભવતો વિચાર માત્ર પણ અભૂતપૂર્વ પરિવર્તન સર્જે છે.

એક વાત ખાસ નોંધવા જેવી છે અત્યાર સુધી મનોરંજનના માધ્યમોએ સ્ત્રી પાત્રને માત્ર ઉપભોગ અને આનંદ પ્રમોદના એક સાધન તરીકે જ પેશ કર્યું છે પરંતુ ટીવી ચેનલોએ એવું પુરવાર કરવાનો પ્રયાસ કર્યો છે કે મહિલાઓ ઈચ્છે તો પુરૂષોને પોતાના વશમાં રાખી પ્રગતિની રાહ પર ઘણે દૂર સુધી જઈ શકે છે.

ટીવી ચેનલોએ મહિલાને જાગૃત કરવામાં ખુબ મોટુ યોગદાન આપ્યું છે.કમ સે કમ મહિલાને ચોક્કસપણે વિચારતી તો કરી જ મૂકી છે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી.ટીવી ચેનલો જોઈને મહિલાઓ ઉત્તમ અને પવિત્ર વિચારો અપનાવે તો ટીવી સમાજ માટે આશીર્વાદ બની રહેશે પંરતુ નકારાત્મક વિચારોના પ્રવાહમાં તણાઈને મહિલાઓ અણધાર્યા પરિણામોને આમંત્રણ આપે છે.ખાસ કરીને યુવા વર્ગની મહિલાઓમાં સવિશેષ જોવા મળે છે એ અસરો દરેક કુટુંબે સમજવા જેવી છે.વડીલોએ પરિવારની જુવાન પુત્રી કે પુત્રવધુમાં આવતા વૈચારિક પરિવર્તનોનો ગંભરીતા પૂર્વક અભ્યાસ કરતા રહી વખતો વખત સલાહ સૂચનો કરવા જરૂરી બને છે.

જેમ કે વધુ પડતું વજન ધરાવતી યુવતીઓને પાળતા બનવાની ઈચ્છા જાગે છે.ઘણી યુવતીઓ સુંદર દેખાવા માટે અવનવા પ્રયોગો કરશે.પોતાના અસલ વ્યક્તિત્વને ઓળખ્યા વગર નવા રંગરૂપ અને દંભી બાહ્ય દેખાવ પાછળ દોડવા લાગતી યુવતીઓને એ પણ સમજાવવું જરૂરી બની જાય છે કે વ્યક્તિની સુંદરતા માત્ર વસ્ત્રો, શરીરનો બાંધો, મધ મીઠી ભાષા કે મેકઅપથી જ પ્રાપ્ત થઈ જતી નથી.

વ્યક્તિને તેના સદગુણો, સંસ્કાર, સારો વ્યવહાર અને સમજદારી તેને વધુ સુંદર બનાવે છે.હા, દંભી સુંદરતા પામવાની ઘેલછામાં અને સહુ કોઈને પોતાના ઘણી આકર્ષિત કરવાની ધૂનમાં યુવતીઓ ક્યારેક તેની જાત માટે પણ મુશ્કેલીઓ ઉભી કરી દે છે.

ટીવી ચેનલોના ચીત્ર-વિચીત્ર કાર્યક્રમો પરથી શું શીખવું ને કેવી રીતે તેનો અમલ કરવો તેની સમજદારી કેળવવી અત્યંત જરૂરી છે.અનૈતિક, અસામાજિક અને અધઃપતન નોંતરે અવી એક પણ વાત ટીવી પડદા સુધી જ સીમીત રહેવી જોઈએ એવી નકારાત્મક બાબતોને ટીવીમાંથી બહાર કાઢી આપણા ઘરમાં ના લવાય.ટીવીનો માત્ર નિર્દોષ મનોરંજન અને માહિતી મેળવવાના એક સાધન તરીકે સદૂપયોગ કરવો જોઈએ.પરિવારોના યુવા સદસ્યો ઉપર થતી ટીવીની નકારાત્મક અસરો ઓછી કરવા વડીલોએ જાગૃતિ દાખવવી પડશે.યુવા વર્ગને સમજદારીપૂર્વક વર્તવાને અનુસરવાનું માર્ગદર્શન પણ આપવું પડશે.જો વડીલો ઉંઘતા રહી જશે તો યુવક યુવતીઓ વધુ પડતા જાગૃત થઈ જશે...!

-મંજુ પ્રજાપતિ

# ડીસામાં બ્યુટીકેર તથા ચોકલેટ મેકીંગનો દ્વિદિવસીય તાલીમ વર્ગ યોજાયો

ડીસા

શ્રી શ્રીમાળી સોની મહિલા ઉત્કર્ષ મંડળી ડીસા તથા ભારત વિકાસ પરિષદ મહિલા પાંખ, ડીસાના સંયુક્ત ઉપક્રમે તા.૧૭ અને ૧૮ નવેમ્બર (બે દિવસીય) બ્યુટીકેર તથા ચોકલેટ અને કેક મેકીંગની તાલીમ આપવાનો સુંદર કાર્યક્રમ ડીસામાં ડો.અજયભાઈ જોશીની હોસ્પીટલના હોલમાં સંપન્ન થયો પ્રથમ દિવસે પાટણથી પધારેલા બ્યુટીશીયન સ્વીટબેન સોનીએ મહિલાઓ એ પોતાનો શણગાર કઈ રીતે કરવો ? તથા અન્ય પ્રસંગને કેવી રીતે શોભાવી શકાય તેની સુંદર માહિતી પ્રાયોગિક ધોરણે આપી. બીજા દિવસે અમદાવદથી આવેલ હીનાબેન સોનીએ કેક તથા ચોકલેટ કેવીરીતે સરળ પધ્ધતિથી તૈયાર કરી શકાય તેની વિસ્તૃત માહિતી આપી ઉપસ્થિત બહેનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ તાલિમ વર્ગમાં ૧૭૦ થી વધારે બહેનોએ ઉપસ્થિત રહીને સુંદર માર્ગદર્શન મેળવ્યું તથા આવો સુંદર કાર્યક્રમ ફરીથી વારંવાર યોજાય તેવી માંગણી કરી. આ કાર્યક્રમની સફળતા માટે શ્રી શ્રીમાળી સોની મહિલા ઉત્કર્ષ મંડળ ડીસાના પ્રમુખ ભાવનાબેન લલીતભાઈ સોની તથા મનીષાબેન કે.સોની તેમજ ભારત વિકાસ પરિષદ ડીસા શાખાના મહિલા સંયોજિકા ગીતાબેન ત્રિવેદી ઉતર પ્રાંત ગુજરાતના મહિલા સંયોજિકા ડો.અમીતાબેન જોષી રીનાબેન પટેલ તથા સંસ્થાના ઉત્સાહી કાર્યકર ભાઈઓ તથા બહેનોને ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વાવ વિધાનસભા ઉપર ભાજપનો ભગવો લહેરાશે : વાવ રાણા ગજેન્દ્રસિંહ ચૌહાણ

**૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં દરબાર સમાજનો ઝોક ભાજપ તરફી રહેશે**

તા.પ્રતિ. વાવ

આગામી ૧૪ ડીસેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં વાવ બેઠક ઉપર રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીને ભાજપાએ ટીકીટ ફાળવતા સમર્થકોમાં અને કાર્યકર મિત્રો ખુશીની લહેર જોવા મળી છે. ત્યારે વાવ સ્ટેટના રાણા ગજેન્દ્રસિહજી ચૌહાણે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે, મંત્રી શંકરભાઈ ચૌધરીની વાવ બેઠકના ઉમેદવાર તરીકે જાહેરાત કરતાની સાથે જ


વિષ્ણુ પરમાર

કાર્યકરો અને સમર્થકો ગેલમાં આવી ગયા છે. સર્વત્ર કેશરીયો માહોલ છવાઈ ગયો છે. દરેક કાર્યકર મિત્રો પ્રચારમાં જોડાઈ ચૂક્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં દરબાર સમાજ તરફથી ભાજપને વિશાળ મતો મળશે અને વાવ બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાઈ જશે તેવું વાવ રાણા ગજેન્દ્રસિંહજી ચૌહાણે જણાવ્યું હતું. વાવ રાજવી અને દરબાર સમાજના અગ્રણી તેમજ ગુજરાત સરકારના અન્ન પુરવઠા નિગમના ડીરેક્ટર ગજેન્દ્રસિંહજી ચૌહાણે ભાજપને વિજયી બનાવવા માટે તેમના મત વિસ્તારમાં ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. તેમનું સરહદી વાવ પંથકમાં ઠેરઠેર ઉસ્માભેર સ્વાગત થઈ રહ્યું છે. તેમની સાથે તેમના સમર્થકો પણ પ્રચારમાં જોડાઈ રહ્યાં છે. દીન પ્રતિદીન ભાજપના પ્રચારમાં નવા જોશ ઉમંગ અને ઉત્સાહ જણાઈ રહ્યો છે. સમગ્ર સરહદી પંથકમાં કમલનો નાદ ગુંજી ઉઠ્યો છે.

# વડગામ તાલુકા ભાજપ યુવા મોરચાની બેઠક યોજાઈ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગઈકાલ તા.૧૯ મી નવેમ્બર ૨૦૧૭ રવિવાર સવારે ભાજપ કાર્યાલય ખાતે વડગામ વિધાનસભા પ્રભારી કેશરભાઈ જે.વાયડા (ચાંગા) ની અધ્યક્ષતામાં તા.યુવા મોરચાની બેઠક યોજાઈ હતી. યુવા મોરચા તા.પ્રમુખ કામરાજભાઈ એચ.ભૂતડીયા (એદ્રાણા), મહામંત્રી શ્રવણસિંહ આર.ડાભી (સરપંચ ધોરી) ઉપપ્રમુખ જગદીશભાઈ વિ.ચૌધરી (સરપંચ કબીરપુરા), કોષાધ્યક્ષ ધવલભાઈ પી.બારોટ (વડગામ), ઉપપ્રમુખ રમેશજી ઠાકોર, મંત્રી રાકેશભાઈ બી.પ્રજાપતિ (મેપડા સરપંચ) મંત્રી સંજયભાઈ ડી.મોઢ (છાપી) મંત્રી અશ્વિનસિંહ એલ.રાઠોડ (મેમદપુર), મંત્રી ભરતભાઈ ચૌધરી (હરદેવાસણા) સહિત કારોબારી સમીતીના તમામ પ્રતિનિધીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ કાંમરાજભાઈ ભુતડીયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. તથા મહામંત્રી શ્રવણસિંહ ડાભીએ બેઠકના મુદ્દાની ચર્ચા કરી હતી. અને ઉપપ્રમુખ જગદીશભાઈ ચૌધરી, કોષાધ્યક્ષ ધવલભાઈ બારોટે બેઠકનું સફળ સંચાલન કર્યુ હતું. પ્રભારી કેશરભાઈ જે.વાયડાએ વિધાનસભા ચૂંટણી વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. સતિષભાઈ ભોજક, આઈ.ટી. સેલ કન્વીનર રાકેશભાઈ ખમોર વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ખાનપુર સંઘમાં ચાતુર્માસ પુર્ણાહુતિ અને ઉત્તમ આરાધકોના બહુમાનનો સમારોહ યોજાયો

ડીસા

શ્રી ખાનપુર જૈન શ્વે.મૂ.પૂ.સંઘમાં પ.પૂ.ગુરુમા શ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા.ના સુશિષ્ય પૂ.આ.દેવ શ્રી જીતરક્ષિત સૂરીશ્વરજી મ.સા.નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી શ્રી સંઘમાં પ્રગટેલો આરાધનાનો ઉત્સાહ કાર્તિકી પૂર્ણિમા સુધી યથાવત જળવાઈ રહ્યો.પર્યુષણ પર્વમાં સારી તપશ્ચર્યાઓ અને યુવાનો, બાળકો, બહેનોના પૌષધ થયા, ૭ નિયમોના કાર્ડધારકોના ભવ્ય બહુમાન થયેલ.

માકુભાઈ શેઠના બંગલામાં ૧૨૦ બાલક-બાલિકાઓની જ્ઞાનગમ્મત ગેઈમ રમતોત્સવનું ભવ્ય આયોજન થયું. સંઘવી પરીવારના રાજેશભાઈ અને સંજયભાઈ શેઠના સૌજન્યથી બાળકોને જમણવાર, ઈનામો અને પ્રભાવનાઓ અપાઈ. સંધ્યાભક્તિમાં બાળકોએ અનેરો રંગ જમાવ્યો. પ્રસંગોપાત સામુહિક આયંબિલ અને જાપના અનુષ્ઠાનો થયા. વિવિધ શાળાઓમાં સેંકડો બાળકોને પૂ.મુનિશ્રી પદ્મરક્ષિત વિજયજી મ.સા.તથા શિબિર સંચાલક નરેન્દ્રભાઈ કામદાર ગઢડાવાળાએ નૈતિક શિક્ષણ અને સંસ્કારો વિશે પ્રેરક વકતવ્યો આપી બાળકોમાં જુસ્સો જગાવ્યો.

પ્રણવભાઈ શાહ, શ્રેણીકભાઈ મુમુક્ષુ વિ.વિવિધ દાતાઓ તરફથી હજારો બાળકોને સીંગદાણાની ચીક્કી પ્રભાવના પ્રસાદ રૂપે અપાયેલ. દિપાવલીના છઠ્ઠ, પૌષધ, નૂતન વર્ષના માંગલિક દિને તથા જ્ઞાનપંચમી અને કારતકી પખ્ખી ચૌદસ તથા પુર્ણીમાની આરાધના સરસ થઈ. આ બધા પ્રસંગોમાં વ્યાખ્યાન અને ઉજવણી પ્રસંગે માનદ્ મંત્રી દિનેશભાઈ વાડીલાલ શાહ, પ્રવીણભાઈ, રીકીનભાઈ વિ.ટ્રસ્ટી મંડળના ભાઈઓએ ઉલ્લાસ પુર્ણ સહયોગ વડે સ્વાગત પ્રવચન, પરિચય, આભારદર્શન કરેલ. કાર્યક્રમોનું સંચાલન નરેન્દ્ર કામદારે કર્યુ હતું. શ્વેતલ, તિર્થરંજન, ગગનવિહાર, સ્વસ્તિક વગેરે ઉપાશ્રયોમાં પૂ.સાધ્વીજી મહારાજ સાહેબોએ બહેનોમાં અપુર્વ આરાધના કરાવી ઉમંગ જગાવ્યો હતો. ચાતુર્માસ પરિવર્તનનો લાભ પૂ. માતુશ્રી લીલાબા ગાંધી પરીવારે લીધો હતો. નાના ભુલકાંઓએ પણ અષ્ટપ્રકારી પૂજા, દર્શન, વંદન, તપ, ત્યાગમાં ભાગ લઈ સુંદર આરાધના કરી હતી. આ રીતે શ્રી ખાનપુર જૈન સંઘમાં ચાતુર્માસ પુર્ણાહુતિ સાનંદ સંપન્ન થયેલ છે.

# રાજ્યમંત્રી ગેળા હનુમાન દાદાના દર્શને


નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના ગેળા ગામે આવેલ ઐતિહાસિક શ્રીફળીયા હનુમાન મંદીર પંથકમાં આસ્થા કેન્દ્ર રૂપે વિકસી રહ્યુ છે. જ્યાં દર શનિવારે દૂર દૂરથી દાદાના ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ત્યારે દિયોદરના ધારાસભ્ય અને રાજયમંત્રી કેશાજી ચૌહાણ પણ દાદાના પરમ ભક્ત છે. જેથી તેઓ અવાર - નવાર દાદાના દ ર્શને આવે છે. ત્યારે ગતરોજ તેમની ભાજપ મોવડી મંડળે 'ટીકીટ' ફાઈનલ કરતા જ તેમને સમર્થકો સાથે પદયાત્રા કરી દાદાના દર્શને આવ્યા હતા. અને દાદાના ચરણોમાં શિશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

## દાંતામાં શિક્ષિત ઉમેદવારને ટીકીટ મળતા લોકોમાં ખુશી

પ્રતિ. દાંતા



દાંતા વિધાનસભા બેઠક કોંગ્રેસ નો ગઢ ગણાય છે. પરંતુ આ વખતે ભાજપે સ્થાનિક અને શિક્ષિત ઉમેદવાર માલજીભાઈ કોદરવીને ટીકીટ ફાળવી છે તેથી લોકોમાં ખુશાલી છવાઈ છે. દાંતાના નવાવાસ કાંઠના વતની માલજીભાઈ કોદરવીએ ૧૫ વર્ષ સુધી દાંતા મામલતદાર કચેરીમાં ના.મામલતદાર પદે ઉપદા ફરજ અદા કરેલ છે તેમજ સ્થાનિક હોઈ પ્રજાના પરિચિત અને પડતર પ્રશ્નોથી પણ વાકેફ છે. દાંતા બેઠક માટે ભાજપમાંથી ૧૯ ઉમેદવારોએ ટીકીટ માંગી હતી પરંતુ પ્રજામાં લોકચાહના અને

અનુસંધાન પાના નં.૬

# વાવ વિધાનસભાના યુવક કોંગ્રેસની બેઠક મળી


વિષ્ણુ પરમાર

(તા.પ્રતિ.) વાવ

વાવ વિધાનસભા યુવક કોગ્રેસની કારોબારી વાવ ખાતે યોજવામા આવી હતી જેમાં વાવ વિધાનસભા યુવક કોગ્રેસના નવા હોદ્દેદારો નીમવામાં આવ્યા હતા અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં યુવક કોગ્રેસ સક્રિય ભુમીકા ભજવશે. આ પ્રસંગે ગેનીબેન ઠાકોર, અમીરામ ભાઈ આસલ, જેતસીભાઈ ચૌધરી, ગણેશભાઈ પટેલ, વાવ વિધાનસભા યુવક કોગ્રેસના પ્રમુખ ભેરવદાન ગઢવી, ઠાકરશીભાઈ રબારી પુથ્વીરાજસિંહ ચાંદરવા, મુળજીભાઈ ઠેરીયાણા, નટુભાઈ વાણીયા, યુવક કોગ્રેસના અગ્રણી ભુરાજી વણોલ, માનસેગભાઈ સોલંકી ચાંદરવા, હમીરભાઈ રાજપુત માડકા, માનાજી ગોહીલ સહીત યુવક કોંગ્રેસના હોદ્દેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરાઈ

અમદાવાદ

રાજય વિધાનસભામાં આ વર્ષે ૧૫૦થી વધુ બેઠકો મેળવવાનો સંકલ્પ કરી ચુકેલી ભારતીય જનતાપાર્ટી દ્વારા ચૂંટણી પ્રચાર માટે તેના સ્ટારપ્રચારકોની યાદી જાહેર કરી છે.આ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ,એલ કે અડવાણી, ઉમા ભારતી, નાણાંમંત્રી અરૂણ જેટલી, ગડકરી સહિતનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાજપના જે ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરાઈ છે.

તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, એલ.કે. અડવાણી, રાજનાથસિંહ, અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ, નિતીન ગડકરી, રામલાલજી, ઉમા ભારતી, જે ઓરમ, મુખ્તાર અબ્બાસ નકવી, નરેન્દ્રસિંહ તોમર, સ્મૃતિ ઈરાની, ડો.જિતેન્દ્ર સિંહ, પરસોત્તમ રૂપાલા, મનસુખ માંડવીયા, જસવંતસિંહ ભાભોર, ભૂપેન્દ્ર યાદવ, વી.સતીશ, જીતુભાઈ વાઘાણી, વિજય રૂપાણી, શિવરાજસિંહ ચૌહાણ, વસંધરા રાજે, યોગી આદિત્ય નાથ, દેવેન્દ્ર ફડનવીસ, નિતીન પટેલ, સુશીલકુમાર મોદી, આનંદીબહેન પટેલ, આર. સી.ફલદુ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગણપત વસાવા, ભીખુભાઈ દલસાણીયા, શુંભુનાથ તુંડિયા, પરેશ રાવલ, હેમામાલીની, મનોજતિવારી, હિરાભાઈ તિવારી, હર્ષદગીરી ગોસાઈ, પ્રદિપસિંહ વાઘેલા, રાજુભાઈ ધ્રુવનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં કોંગ્રેસના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરાઈ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસે કમરકસી લીધી છે. કોંગ્રેસે પણ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી દીધી છે. આ સ્ટાર પ્રચારકોની યાદમાં સોનિયા ગાંધી અને નવજોત સિદ્ધૂનો સમાવેશ થાય છે. રાજયમાં આગામી માસમાં ૯ તેમજ ૧૪ એમ બે તબકકામા રાજય વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે મતદાન હાથ ધરવામા આવનાર છે.આ અગાઉ કોંગ્રેસ દ્વારા રાજયના વિવિધ વિસ્તારોમાં તેના જે નેતાઓ ચૂંટણી પ્રચાર કરવાના છે એ અંગેની એક સત્તાવાર યાદી રાજય ચૂંટણીપંચને સુપરત કરી છે.

આ યાદીમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધી ઉપરાંત રાહુલ ગાંધી, પૂર્વ પ્રધાન મંત્રી ડો.મનમોહનસિંહની સાથે નવજોત સિધ્ધુ અને રાજબબ્બરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. કોંગ્રેસના આ સ્ટાર પ્રચારકો આગામી દિવસોમાં રાજયના વિવિધ વિધાનસભા મત વિસ્તારોમાં જઈ રેલી, સભા સંબોધવાથી લઈને કોંગ્રેસના ઉમેદવારો માટે પ્રચાર અને પ્રસાર કરશે. કોંગ્રેસ સ્ટાર પ્રચારકોની જે યાદી જાહેર કરાઈ છે તેમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, ડો.મનમોહન સિંહ, અશોક ગહેલોત, અહેમદ પટેલ, ગુલામનબી આઝાદ, ભરતસિંહ સોલંકી, સામ પિત્રોડા, આનંદ શર્મા, મધુસુદન મિસ્ત્રી, દિપક બાબરીયા, ભૂપિન્દરસિંહ હુડા, જયોતિરાદિત્ય સિંધિયા, રાજીવ શુકલા, નવજોત સિધ્ધુ, રાજ બબ્બર, રણદિપસિંહ સુરજેવાલ, કાંતિલાલ ભુરીયા, સુસ્મિતાદેવી, અમરિન્દરસિંહ રાજા, કર્નલનાથ, સચીન પાઈલોટ, મુકુલ વાસનિક, ઓસ્કાર ફર્નાન્ડિઝ, પ્રમોદ તિવારી, કુમારી શૈલજા, નગમા મોરારજી, અર્જુન મોઢવાડિયા, સિધ્ધાર્થ પટેલ, શકિતસિંહ ગોહિલ, ડો.તુષાર ચૌધરી, પરેશ ધનાણી, કુંવરજી બાવળીયા, કદીર પીરજાદા, ગૌ-રવ પંડ્યા, સાગર રાયકા, રાજુભાઈ પરમાર, જગદીશ ઠાકોર, અશોક પંજાબી, અલ્પેશ ઠાકોરનો સમાવેશ થાય છે.

## વર્ષ ૨૦૧૮માં અનેક રજાઓ રહેશે : પરિવારની સાથે સમય

નવીદિલ્હી

નવા વર્ષમાં કેલેન્ડર બદલવાની સાથે જ લોકો નવા પ્લાનિંગમાં લાગી જાય છે. આ પ્લાનિંગમાં તમામ કામોની સાથે સાથે પરિવારની સાથે રજા ગાળવાની યોજનાનો સમાવેશ થાય છે. આવા લોકોની નજર નવા વર્ષમાં પણ આવનાર રજાઓ ઉપર કેન્દ્રિત રહે છે. કયા તહેવાર ક્યારે આવશે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત થિ જાય છે. આ પ્લાનિંગમાં શનિવાર અને રવિવારની સાથે જો તહેવારની રજા આવે છે તો ખુબ મહત્વપૂર્ણ સ્થિતિ થઈ જાય છે. જો આવી કોઈ વિચારણા કોઈ લોકો કરી રહ્યા છે તો ખુશીની બાબત છે. વર્ષ ૨૦૧૮માં પ્લાનિંગને સાકાર કરવાની તક મળશે. લાંબી રજાઓની શરૂઆત થશે. જાન્યુઆરી મહિનાથી જ થઈ રહી છે. જાન્યુઆરી મહિનામાં ૨૬મી જાન્યુઆરીના દિવસે શુક્રવાર છે

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં શ્રી બહુચરમાંની સવારી નીકળી


વિનોદ બાંડીવાલા

ડીસા

શ્રી બહુચર માતાજીની સવારી ગઈકાલે માગસર સુદ - ૧ તા.૧૯/૧૧/૨૦૧૭ ને રવિવારના રોજ બપોરે ૩ વાગે હીરાબેન મફતલાલ મંછુડીવાલા પરિવાર નિવાસ સ્થાને હરસોલીયાવાસથી નીકળી ડીસા નગરની પરીક્રમા કરી હતી. બાદામાં શ્રી ડીસા મોદી સમાજની વાડી ખાતે સાંજે પહોંચી રાત્રે ૯-૩૦ વાગેથી માં બહુચરના આનંદ ગરબાની રમઝટ જામી હતી. આ માતાજીની સવારીમાં મોદી સમાજના આગેવાનો ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આજે માગસર સુદ -- ૨ ને સોમવારને તા.૨/૧૧/૨૦૧૭ ના રોજ રસ -- રોટલી ભોજન ત્રપ્રસાદનો લાભ લેશે ડીસા મોદી સમાજ રસ - રોટલી ભોજન પ્રસાદ સમિતિના કાર્યકરો સારી જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવવા તન તોડ મહેનત કરી રહ્યાં છે.

# હરિદ્વાર ખાતે પૂજય આનંદમૂર્તિજી મહારાજના વ્યાસાસને યોજાનાર મહાભારત તત્વાર્થ મહાયજ્ઞ

ડીસા

જેમને સાંભળવા એ જીવનનો એક અમૂલ્ય લ્હાવો છે એવા ખૂબ જ યુવાન, જ્ઞાની, કર્મઠ, ઉત્સાહી, જાગૃત તેમજ સાચા રાહબર સદગુરૂ પૂજય આનંદમૂર્તિજી મહારાજના વ્યાસાસને હરિદ્વારા (ઉતરાખંડ) ખાતે ૨૦૧૮ માં મહાભારત તત્વાર્થ જ્ઞાનયજ્ઞનું દિવ્ય આયોજન કરવામાં આવેલ છે. વેશાખ વદ - બારસ તારીખ ૧૨/૫/૨૦૧૮ થી અધિક જેઠ વદ બારસ તારીખ ૧૨/૬/૨૦૧૮ એમ એક માસ માટે હારિદ્વારના ખૂબ જ પ્રખ્યાત ઉમિયાધામ ખાતે આ જ્ઞાનયજ્ઞનું પ્રેરણાદાયી આયોજન કરવામાં આવેલ છે.

સાણંદસ્થિત શંકરતીર્થ આશ્રમમાં નવ નિર્માણ પામનાર સત્સંગ હોલના લાભાર્થે કરવામાં આવેલ આ આયોજનમાં નીર્ધારિત કરેલ રકમ અનુસાર વહેલા તે પહેલાના ધોરણે માત્ર અને માત્ર ૨૦૦ લાભાર્થીઓની નોંધણી કરવામાં આવશે. ઉમિયાધામ ખાતે રહેવા - જમાવાની સર્વોતમ સગવડ કરવામાં આવશે સાથે સાથે મર્યાદિત દિવસની ગંગોત્રી યાત્રાનું પણ આયોજન કરાશે. આ જ્ઞાનયજ્ઞ/યાત્રામાં જોડાવા ઈચ્છતા ધર્મપ્રેમી ભાઈ - બહેનોએ પ્રશાંતમૂર્તિજી મહારાજ મોબાઈલ નંબર ૯૮૨૫૪ ૩૦૩૦૫, જયંતિભાઈ ઓઢરવાળા (ડીસા) - ૯૮૭૯૫૭૯૧૯૮ તેમજ સામંતસિંહજી સોલંકી (પાલનપુર) - ૯૮૯૮૭૬૫૨૦૨ નો સંપર્ક કરવાનો રહેશે.

પૂજય આનંદમૂર્તિજી મહારાજની કથા તેમજ સત્સંગ પાલનપુર, અંબાજી, ડીસા, થરા, ટેટેડા, રાધનપુર, ભાભર, શિહોરી, ઉણ, મહેસાણા, હારિજ સહિત અનેક સ્થળોએ થઈ ચૂકેલ હોઈ હરિદ્વારના જ્ઞાનયજ્ઞમાં જોડાવા ઈચ્છતા સૌ કોઈએ તાત્કાલિક આયોજકોનો સંપર્ક કરી લેવા વિનંતી છે.

# વડગામ તાલુકામાં ત્રીસ કરોડની મગફળીનું ઉત્પાદન


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના ૧૧૦ ગામોમાં મગફળીનું અંદાજે ૩૦૦૦ હેક્ટરમાં અંદાજે રૂા. ત્રીસ કરોડની મગફળીનું ઉત્પાદન થયું હોવાનું તાલુકા ખેતીવાડી વિસ્તરણ અધિકારી જે.એ.ઠાકોરે જણાવ્યું હતું. તાલુકામાં સોટકા ખેતી ફુવારા અને ટપક સિંચાઈ પધ્ધતિથી થતી હોવાનું ખેતીવાડી વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

# લવાણાનો જિલ્લા કક્ષાના યુવક મહોત્સવમાં ઉત્કૃષ્ટ દેખાવ

પ્રતિનિધિ લવાણા

ગત તા.૧૮/૧૧/૨૦૧૭ ને શનિવારના રોજ ડીસાના શ્રી સરસ્વતી વિદ્યાસંકુલ, નાની આખોલ ખાતે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, બનાસકાંઠા આયોજિત જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ - ૨૦૧૭ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બનાસકાંઠા ના વિવિધ તાલુકાઓમાંથી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ સ્પર્ધકોએ ભાગ લીધેલ. આ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં લોકનિકેતન વિનયમંદિર, લવાણાના વિદ્યાર્ણીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી જિલ્લામાં શાનદાર પ્રદર્શન કર્યુ હતું. જેમાં શાસ્ત્રીય નૃત્ય "ભરત નાટ્યમ" ચૌહાણ કંકુબેન જે જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. એકાંકી સ્પર્ધામાં ધો.૧૨ ની વિદ્યાર્થીની વાઘેલા રમીલાબેન અને તેમની ટીમ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ તો શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં સોલંકી રમેશભાઈ સુબાભાઈ ત્રીજો ક્રમ પ્રાપ્ત કરેલ આ સ્પર્ધામાં વિજેતા બનેલ તમામ સ્પર્ધકોને તથા માર્ગદર્શક શિક્ષિક મિત્રોને શાળાના આચાર્ય ઓ.ટી.પ્રજાપતિએ શુભેચ્છા પાઠવી હતી.

## ખેલ મહાકુંભમાં સિલ્વર મેડલ મેળવી બ્રહ્મ સમાજનું ગૌરવ વધારતી હિરલ વ્યાસ

ડીસા

ખેલ મહાકુંભ-૨૦૧૭ ગોધરા ખાતે ગત ૧૯ મી નવેમ્બર ના રોજ યોજાયો હતો.

જેમાં પાલનપુર નગરપાલિકામાં ફરજ બજાવતા ટેક્સ સુપરવાઈઝર સંજયભાઈ વ્યાસની દીકરી કરાટે માસ્ટર હિરલ વ્યાસે ફાઈટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. કુ. હિરલ વ્યાસે સિલ્વર મેડલ મેળવી માત્ર પાલનપુર જ નહીં પરંતુ સમગ્ર બનાસકાંઠા જિલ્લા બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યુ છે.

# ઇન્દિરા ગાંધીને યાદ કરી રાહુલ ભાવનાશીલ થયા

નવીદિલ્હી

ભારતના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની ૧૦૦મી જન્મજયંતિના પ્રસંગે તેમને યાદ કરીને રાહુલ ગાંધી આજે ભાવનાશીલ બની ગયા હતા. રાહુલે ટ્વિટર પર પોસ્ટ કરીને પોતાની ભાવનાઓ રજૂ કરી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન મોદી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને અન્યોએ પણ અંજલિ આપી હતી. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મનમોહનસિંહ, પ્રણવ મુખર્જી અને અન્ય નેતાઓ શક્તિસ્થળ પહોંચ્યા હતા અને ઈન્દિરા ગાંધીને અંજલિ આપી હતી. સોનિયા ગાંધીએ આ પ્રસંગે કહ્યું હતું કે, ઈન્દિરા ગાંધી ખરેખર લોખંડી મહિલા હતા. પોતાના નિસ્વાર્થ ઈરાદા સાથે દેશની સેવા કરી હતી. તેમના વિચારોના કારણે જ ઈન્દિરા ગાંધી શક્તિશાળી તરીકે ઉભરી આવ્યા હતા.

# ગુજરાત ચૂંટણીમાં ભાજપની એક બૂથ ૩૦ વર્કર્સની નીતિ

**ચૂંટણી પ્રચારની સાથે સાથે બૂથ મેનેજમેન્ટને વધુ મજબૂત કરવાની તૈયારી : એક કાર્યકર ૨૫-૩૦ વોટર સંભાળશે**

નવીદિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ચૂંટણી પ્રચારની સાથે સાથે પોતાના બૂથમેજમેન્ટ પણ મજબૂત કરવાની તૈયારી કરી લીધી છે. હવે ભાજપે એક બૂથ ૧૦ યુથની જગ્યાએ એક બૂથ ૩૦ વર્કર્સની રણનીતિ ઉપર કામ કરવાની શરૂઆત કરી દીધી છે. જેના પરિણામ સ્વરુપે કાર્યકરોની જવાબદારી બૂથના માત્ર ૨૫થી ૩૦ વોટરની રહેશે. પાર્ટીને લાગે છે કે, આવુ કરવાથી તેના કાર્યકરો વધારે પ્રભાવીરીતે મતદારો સુધી પહોંચી શકશે. ચૂંટણી જીતવા માટે પાર્ટી અધ્યક્ષ અમિત શાહ સૌથી વધારે બૂથ મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એમ માનવામાં આવે છે કે, વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાં ભાજપને જે સીટો મળી હતી તે પણ અમિત શાહના બૂથ મેનેજમેન્ટના કારણે મળી હતી. આવી સ્થિતિમાં તેઓ ફરી એકવાર પોતાના વતન રાજ્ય ગુજરાતમાં બૂથ મેનેજમેન્ટને લઈને કોઈ કમી છોડવા ઈચ્છુક નથી. ભાજપના સુત્રોએ કહ્યું છે કે, પાર્ટી પ્રમુખ અમિત શાહનું પહેલા પણ બૂથ મેનેજમેન્ટ ઉપર ધ્યાન રહ્યું છે પરંતુ આ વખતે ગુજરાત વિધાનસભાની

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી ...

### અધિક ધનથી માણસમાં આળસ વધે છે...

# રાજયોમાં લાખો રૂપિયાના કૌભાંડોની સી.આઈ.ડી. દ્વારા તપાસ શરૂ

દેશમાંના કેટલાક રાજયોમાં મસમોટા કૌભાંડોનો અંત લાવી શકાયો નથી. અમદાવાદનો શગુન કૌભાંડની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવામાં આવી છે. આ કૌભાંડમાં અમદાવાદ અને વડોદરાના ૨૨ જેટલા રોકાણકારોએ રૂા.૪૬ લાખ ગુમાવ્યા છે. આ રીતની છેતરપીંડીની તપાસ વધુ તીવ્ર ગતિએ ચાલી રહી છે. આ શગુન કોભાંડના જે તે સંચાલકોએ રાજયમાં પ્લોટ બુક કરાવનારને અઢી વર્ષની અંદર બમણી રકમ આપવાની લાલચ આપીને તોસ્તાન કૌભાંડ આચરાયું હતું જેમાં અમદાવાદ અને વડોદરાના રોકાણકારોએ રાતાપાણીએ નાહી નાખ્યું છે. જો કે સીઆઈડીની ટીમો હજુ પણ ભોગ બનેલા લોકોના નિવેદન લઈ રહી છે. વર્તમાન સંજોગોમાં ગુજરાતમાં એકના ડબલ આપવાની લાલચે વડોદરા અને સુરતમાં અનેક પરિવારોએ તેમના પરસેવાના નાણાં ગુમાવ્યા છે. જો કે લોકો લાલચમાં આવી ગયા બાદ પરિસ્થિતિ વિષમ બની રહેતી હોય છે. શગુન ગૃપ ઓફ કંપનીના શગુન બિલ્ડસ્કવેર લિમિટેડ અને શગુન એગ્રો સ્વેલ લિમિટેડના ચેરમેન ગીતાબેન એમ.શાહ, એમ.ડી. મનિષ સત્યનારાયણ શાહ, શૈલેષ મકવાણા, યોગેન્દ્રભાઈ રામી અને તેમના મળતીયાઓએ અમદાવાદ અને હિંમતનગરમાં ઓફિસો ખોલી અવરનવર છેતરપીંડી આચરી હોવાનું બહાર આવ્યું છે.કહેવાય છે કે રાજસ્થાનના ભીલવાડા ખાતે રજીસ્ટર કરાયેલી શગુન બિલ્ડસ્કવેર લિમિટેડ કંપનીની ઓફિસો ૨૦૧૧ માં હિંમતનગરમાં ખોલવામાં આવી હતી. જ્યારે શગુન એગ્રો સ્વેલ લિમિટેડ ૨૦૧૩-૧૪ માં અમદાવાદ આતે રજીસ્ટર કરાવી તેની ઓફિસો હિંમતનગર ઉપરાંત અમદાવાદમાં સરખેજ - સાણંદ ચોકી ખાતે સિગ્નેચર -૨ બિઝનેસ પાર્કમાં ખોલવામાં આવી હતી. સીઆઈડી.ક્રાઈમની ટીમોએ અમદાવાદના બોપલ, સરખેજ અને હિંમતનગરમાં કંપનીના પાંચ ડીરેકટર્સના ઘર અને ઓફિસમાં દરોડો પાડી દસ્તાવેજો અને કમ્પ્યુટર્સ કબજે કરીને તપાસ આગળ ધપાવી છે. અને ભોગ બનેલા લોકોના નિવેદનો લેવાની શરૂઆત કરી છે.

અમદાવાદ અને વડોદરા એમ બંને શહેરોમાં મધ્યમ વર્ગના ૨૨ જેટલા લોકોએ પ્લોટની નોંધણી કરાવી અઢી વર્ષમાં રોકાણની બમણી રકમ પરત મેળવવાની લાલચે લાખો રૂપિયા ગુમાવી દીધા છે.જ્યારે અન્ય જે.કે.એમ.એમ. કૌભાંડ પકડાયા પછી પણ તેની સ્કીમ ચાલુ રહેતા તેની ૧૨૫ ઓફિસમાં સીઆઈડીની ટીમોએ દરોડા પાડ્યા છે.જે.કે.એમ.એમ. તરીકે અમદાવાદમાં ચર્ચાસ્પદ બનેલા જય ખોડીયાર મિત્ર મંડળના કૌભાંડમાં સીઆઈડીની ટીમોએ દરોડા પાડવાનું જારી રાખ્યું છે. સીઆઈડીની ટીમે ૩૩ જગ્યાએથી દસ્તાવેજો તેમજ કમ્પ્યુટર્સ કબજે કરેલ છે. આશ્ચર્યની વાત તો એ છે કે જે.કે.એમ.એમ.માં રાજયમાં ૧.૮૫ લાખ જેટલા સભ્યો બનાવી રૂા.૪૪૫ કરોડ ઉઘરાવી ઢગાઈ કરી હોવાની વિગતો સીઆઈડીની તપાસમાં ખુલી છે.

વર્ષ ૨૦૧૫- ૧૬ માં ચર્ચાસ્પદ બનેલ જે.કે.એમ.એમ એટલે કે જય ખોડીયાર મિત્ર મંડળનું કૌભાંડ બહાર આવ્યા બાદ પણ તેની ઓફિસો ચાલુ રાખીને નાણાં ઉઘરાવવામાં આવતા હોવાનું પણ બહાર આવ્યું છે. જેથી સીઆઈડીની ટીમોએ પોતાની તપાસનો ધમધમાટ ચાલુ રાખેલ છે. આ મંડળે ગુજરાતમાં ૩૫૦૦૦ સભ્યો બનાવી રૂા.૮૩.૪૪ લાખ ઉઘરાવ્યા હોવાની વિગતો બહાર આવી છે.રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા, રજીસ્ટ્રાર ઓફ કંપની અને જીલ્લા ઉધોગ કેન્દ્રના નિયમોનું ઉલ્લઘંન કરી નાણાંકીય હેરાફેરી કરી ખોટી રીતે સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશનનો ઉપયોગ કરી સ્કીમોની જાહેરાત કરવામાં આવી હતી.

ગુજરાતમાં છેતરપીંડીના આવા અનેક બનાવો અખબારોમાં આવતા હોવા છતાં પણ લોકો ભોગ બન્યા કરે છે. અને તેમાં ખાસ કરીને સામાન્ય - મધ્યમ વર્ગના લોકો જ નાણાં આપીને છેતરાયા છે. સરકારે આવી સ્કીમોને ત્વરિત બંધ કરાવી સ્કીમના જે તે આયોજકોને જેલ હવાલે કરવા જોઈએ.

### આત્મચિંતન

## જે કાંઈ કરો તે સારૂં કરો

બીજાના બદલે પહેલાં પોતાના વિચારો અને કાર્યોમાં પરિવર્તન કરો, આપણી આકાંક્ષાઓ, ઈચ્છાઓ, વૈભવ, મોટાઈ વગેરેથી દુર રહીને વ્યક્તિત્વને મહાન બનાવવાની અને જીવનક્રમને અનુકરણીય, અભિનંદનીય સ્તર સુધી લઈ જવાની યોજના બનાવો. બીજાને આંજી નાખીને સસ્તી વાહ વાહ મેળવવાની વાત છોડી દઈને એવો માર્ગ શોધી કાઢો કે જેથી પોતાની મહાનતાને જાગૃત, પ્રગટ,પરીપુષ્ટ અને ચિરસ્મરણીય બનાવવાનો અવસર મળે. કંઈક મેળવવું જ હોય તો એવું મેળવો કે જેનાથી આત્મતૃપ્તિ, લોકશ્રદ્ધા અને દૈવી અનુકંપાનું અનુદાન સતત પ્રાપ્ત થાય.

કંઈક સાહસ કરવું હોય તો એવો સેતુ બાંધો કોઈ એવું જહાજ બનાવો જેની મદદથી અસંખ્ય વ્યક્તિઓને ભયંકર જલધારાનો અવરોધ ઓળંગીને બીજા કિનારા સુધી પહોંચવાનો અવસર મળે.પુરૂષાર્થ કરવો હોય તો ઉચ્ચ સ્તરીય કરો. વૈભવ મેળવવો હોય તો એવો મેળવો કે જે બીજાને પણ કામ આવે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# આમ તો અમે આટલા કઠોર કયારેય ન'તા, સંજોગો સામે ટકવા બીજો વિકલ્પ જ ન હતો

**સંવેદનાના ફૂલ - મનીષ જોષી**

'અરે કેતા જો પેલો મનોજ તારી પાછળ લટુ છે.. ધો.૧૨ માં ભણતી તમારી સહપાઠી જિજ્ઞાએ જ્યારે તમને કહ્યું ત્યારે તમારા યૌવનને ઉંબરે પગ મુકી રહેલા યુવા હૈયામાં કંઈક કુંપળો ફુટી હતી. પણ મનોજના કેરેકટર વિશે જે કાંઈ વાતો સાંભળવા મળતી એટલે તમારા સંસ્કાર મનોજ તરફ પગ માંડવા પર બ્રેક લગાવતા હતા. પણ પ્રભાતમાં પડેલી ઝાકળથી સ્નાન કરેલા પુષ્પોનો નિખાર જેમ વધુ સુંદર લાગે તે જ રીતે તમારો દેહ પણ.. તેથી જ મનોજ તમારી નજીક રહેવા સતત પ્રયત્નશીલ રહેતો..

પણ તેના વિશેની વાતો પણ તમને સંભળાતી જ રહેતી એટલે તમારૂં મન તેમાં થઈ રહેલી હલચલ પ્રત્યે મૌન જ રહેતું.

દરમિયાન કોલેજના બીજા વર્ષમાં તમે પહોંચી ગયા. અને એક યુવા ઉત્સવમાં કેતુ તમારી ઓળખાણ થઈ ગૌરવ સાથે.. ગૌરવ આમ તો એમબીબીએસના છેલ્લા વર્ષમાં હતો. તેથી નજીકના ભવિષ્યમાં ડૉકટર બની જવાનો હતો.. તેના વિશે હંમેશા સારી વાતો જ સંભળાતી. મનોજ પણ આ ઉત્સવમાં તમારી હાજરી હોવાથી પહોંચી ગયો હતો અને રાત્રિના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમના બ્રેક વખતે એણે તમારો હાથ પકડી એક અંધારીયા ખુણે લઈ જવાની કોશીશ કરી.. સામાન્ય સંજોગોમાં તમે ખુબ જ શરમાળ સ્વભાવના હોવાથી સહજતાથી જ વર્તન કરતા પરંતુ આવા ઓચિંતા પ્રસંગે કવયિત્રી ઝીલની પંક્તિ:

'આમ તો અમે આટલા કઠોર કયારેય ન હતા,
પરીસ્થિતિ સામે ટકી રહેવા બીજો વિકલ્પ જ કયાં હતો ?ની જેમ તમે મનોજના ગાલ પર બે જમાવી દીધી અને મનોજ બઘવાઈ ગયો અને ભાગી ગયો ત્યારે જ આવેલા ગૌ-રવે તમારો હાથ કયારેય ન છોડવાનો હોય તેવા અંદા-જથી પકડી લીધો અને તમે પણ એ અંધારીયા ખુણામાં ગૌરવના સીના પર પોતાનું માથું ઢાળી દીધું.

બસ એ પ્રસંગ પછી શહેરના બાગ બગીચા, સીનેમા હોલ, નદી સહિતના ફરવાના સ્થળે તમને ડૉ. ગૌરવ સાથે બે વર્ષ સુધી ફરતા બધાએ જોયા હતા અને એ વાત બંનેના પરિવાર સુધી પહોંચતા તમે બંનેએ પરિણયમાં પગલાં પાડયા હતા અને એ બાદ સરકારી હોસ્પિટલમાં નોકરી મળતાં ડૉ.ગૌરવ આ દુરના ગામડામાં ફરજ બજાવવા આવી પહોંચ્યા હતા.

બસ બસ તમારો સુખી સંસાર શરૂ થયો હતો હા.. તમારી મુલાકાત ગૌરવ સાથે વધુ નિકટ બનાવવાનું નિમિત્ત મનોજ હોવા છતાં ગૌરવને મનોજ વિશે એક શબ્દ જણાવ્યો ન હતો પણ કયારેક અતિત વર્તમાન બનીને સામે આવતો હોય છે.

એ નાતે કેતુ તમે તમારા સરકારી કવાર્ટસના બાગમાં સાંજના સમયે ઝુલો ઝુલી રહ્યા હતા ત્યારે મેંદીની વાડ કુદીને એક ઓળો તમારા સુધી પહોંચ્યો હતો અને કંઈક હરકત કરવા જાય તે પહેલાં જ ગૃહિણી કેતુ કોલેજીયન કેતુ હોય તેમ ઝડપથી કુદીને ઓળા પર તુટી પઠી હતી અને સાથે બુમાબુમ કરતા હોસ્પિટલનો સ્ટાફ, દર્શદી અને પછી પોલીસ પણ દોડી આવી હતી અને ઓળો ઝડપાઈ ગયો હતો અને પોલીસ પુછપરછમાં તેની ઓળખ મનોજરૂપે થઈ હતી અને તે માનસિક રીતે અસ્વસ્થ હોવાનું બહાર આવ્યું હતું.

ત્યારે પોતાની પ્રિય પત્ની કેતુને ગૌરવે પુછયું હતું કેતુ તું આટલી ઉગ્ર બની શકે છે ખરી ? આઈ કાન્ટ બીલીવ ઈટ..!

જવાબમાં કેતુએ દોહરાવ્યું હતું આમ તો અમે આટલા કઠોર કયારેય ન હતા પરિસ્થિતિ સામે ટકી રહેવા બીજો વિકલ્પ જ કયાં હતો ?જોકે ખરી હકીકતથી ગૌરવ કયાં વાકેફ હતો ? આપનો અભિપ્રાય મને મેઘવર્ષા, ૧૪ સહગીરી સોસા.નં.૩, સાંઈમંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસીંગ, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧ અથવા મો. ૯૯૨૫૬૨૮૪૯૯ પર જણાવશો હોંકે...

**સંવેદના : હવે જુની એ વાતો બધી મેકો, કે જોઈએ વેલીને ઝાડવાનો ટેકો..**
**હેતલ પંડયા 'મૈત્રી'**
**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**

## નાનકડા ગામની સરકારી હોસ્પિટલના ડોકટરની પત્નીની મુલાકાત થઈ તેના પ્રેમમાં પાગલ યુવક સાથે...

## ક્રિતી સેનન દ્વારા વાઈબ્રન્ટ સિરામીક્સ એકસ્પો ૨૦૧૭ ખાતે ટાઈલ્સ ના ૬ નવા સંગ્રહ ની રજૂઆત કરવામાં આવી


ફોટો : શાંતી શાહ

ગાંધીનગર ભારતમાં ટાઈલ્સના નિકાસ અને ઉત્પાદનની અગ્રણી કંપની ઓએસીસ ટાઈલ્સ ગ્રૃપ દ્વારા વાઈબ્રન્ટ સિરામિક્સ ખાતે તેની નવા લોગોનું અનાવરણ કરવામાં આવ્યું.આજે,તેમની બ્રાંડ એમ્બેસેડર ક્રિતી સેનન આ ઉજવણીમાં જોડાઈ હતી અને તેણે ઓએસાસ ટાઈલ્સના ૬ વિશિષ્ટ નવા સંગ્રહ લોન્ચ કર્યા હતા. કંપની ના પ્રારંભિક વર્ષોમાં,ઓએસીસ એ વર્ષ ૨૦૦૬ માં ૬૦૦૦ સ્કવેર મિટર ની ક્ષમતા સાથે ઉત્પાદન ની શરૂઆત કરી હતી.કંપની એ તેના ઉત્પાદન ને નોંધપાત્ર ૬૫૦૦૦ સ્કવેર મીટર સુધી પહોંચાડવામાં લાંબો સમય લીધો નથી.આજે,ઓએસીસ ૬ ઉત્પાદન એકમો ચલાવે છે,જે માત્ર સેનીટરીવેર પ્રોડક્ટસ માટે સમર્પિત છે.ઓએસીસ ના પ્લાન્ટ ઈટાલી અને સ્પેઈન માંથી મંગાવેલી આર્ટ ટેક્નોલોજી થી સજ્જ છે.વર્ષ ૨૦૧૬માં, ઓએસીસને ફાસ્ટેસ્ટ ગ્રોવીંગ કન્ઝયુમર ચોઈસ બ્રાન્ડ ઈન ઈન્ડિયા અને ઈન્ડિયાજ ગ્રેટેસ્ટ બ્રાન્ડ એન્ડ લિડર ૨૦૧૭ એવોર્ડ આપવામાં આવ્યું હતું."જીવન માં પરિવર્તન માત્ર સ્થિર છે અને પરિવર્તન એક સીડી છે જે અમને પ્રગતિ તરફ લઈ જાય છે.ઓએસીસ એ આ સ્વયંસિદ્ધતા ના સંક્ષેપ છે;હવે અમે નવા,વધું સારા અને મોટા અવતાર માં સંક્રમણ કરીએ છીએ.અમે ઘણાં લક્ષ્યો હાંસલ કરવા માટે અમારો માર્ગ મોકળો કર્યો છે અને વ્કાસ માટે ના તમામ પરંપરાગત પગલા ભર્યા છે.

## મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા ગ્રામીણ ભારતમા શૈક્ષણિક સશક્તિકરણ માટે એવોર્ડ વિજેતા ફિલ્મ 'કપ ઓફ ટી'ની રજૂઆત


ફોટો : શાંતી શાહ

ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સીએસઆર વિભાગ મુકુલ માધવ ફાઉન્ડેશન (એમએમએફ) દ્વારા તેની પ્રથમ એડ ફિલ્મ ૧૧ નવેમ્બર, શનિવારે તેના બાળ દિન નિમિત્તેના ઈનિશિયેટીવ માટે રજૂ કરાઈ હતી. આ ત્રણ મિનિટની શોર્ટ ફિલ્મ છે કે જેમાં ગ્રામીણ ભારતના શિક્ષણ અને સશક્તિકરણ પર લક્ષ અપાયુ છે. આ સાથે ફાઉન્ડેશને તેના સૌપ્રથમ ક્રાઉડ સોર્સ્ડ કેમ્પેન પણ રજુ કર્યું છે, જેમાં મહારાષ્ટ્રમાં અને તેની આસપાસના ગામો અને શાળાઓમાં આરઓ વોટર સિસ્ટમ્સ અને અન્ય સુવિધાઓ માટે ફંડ એકત્રિત કરવામાં આવે છે.એમએમએફ માટે આ એક મોટું સ્ટેપ છે જેમાં આ અમારી પ્રથમ એડ ફિલ્મ છે અને તેના દ્વારા દેશના બાળકો માટે કઈ રીતે શિક્ષણ જરૂરી છે તેનો મજબૂત સંદેશો અપાયો છે. માથેનો ફિલ્મ્સના જાણીતા ફિલ્મનિર્માતા અને થિયેટર આર્ટિસ્ટ જિતેન્દ્ર રાય દ્વારા દિગ્દર્શિત 'કપ ઓફ ટી'ને ૭૨ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ્સમાં ઓફિશિયલ સિલેક્શન અને નોમિનેશન મળ્યા છે અને તેને ૯ એવોર્ડસ પણ પ્રાપ્ત થયા છે. આ શોર્ટ ફિલ્મની રજૂઆત મુકુલ માધવ ફાઉન્ડેશનના પ્રથમ ક્રાઉડ ફંડિંગ કેમ્પેનની રજૂઆત સાથે થઈ છે. આ કેમ્પેન Ketto.org પર એવા પ્લેટફોર્મ તરીકે થઈ છે જેના દ્વારા મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોમાં શાળાઓને સહયોગ આપવા માટે રૂ ૧૫,૦૦,૦૦૦ જેટલું ફંડ એકત્રિત કરી શકાય.

## ગ્લેનમાર્ક લોન્ચ કરે છે ક્વિટિંજ ભારતમાં નિકોટીન રિપ્લેસમેન્ટ થેરેપીની શરૂઆત

ગ્લેનમાર્ક ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ - સંશોધન ક્ષેત્રે ટોચની વૈશ્વિક ફાર્માસ્યુટીકલ્સ કંપનીએ આજે ક્વિડ્રિં-તબીબી રીતે મંજૂર નિકોટીન રિપ્લેસમેન્ટ થેરેપીની રજૂઆત કરી છે. આ થેરેપી ધૂમ્રપાનના બંધાણીઓને તબક્કાવાર ધૂમ્રપાન છોડી આરોગ્યપ્રદ અને ધૂમ્રપાનમુક્ત જીવન જીવવામાં મદદ કરે છે. ક્વિ ક્વિડ્રિં ઝ નિકોટીન ગમ- બે શ્રેણીમાં ઉપલબ્ધ છે. ક્વિટ્રિંજ-બે મિલિગ્રામ એ જે ધૂમ્રપાન કરનારાઓ દિવસની ૨૦ કરતા ઓછી સિગારેટ પીતા હોય તેમની માટે છે અને તે ઓવર ધ કાઉન્ટર ઉપલબ્ધ રહેશે. અને જે ધૂમ્રપાન કરનારાઓ દિવસની ૨૦ કરતા વધારે સિગારેટ પીતા હોય તેમની માટે ક્વિટ્રિંજ-ચાર મિલિગ્રામ છે જે માટે પ્રિસ્ક્રિપ્શન જરૂરી છે. ક્વિટ્રિંજ નિકોટીન રિપ્લેસમેન્ટ થેરેપી (એનઆરટી) એવા ધૂમ્રપાન કરનારાઓને સારવારનો વિકલ્પ આપે છે જેઓને તબક્કાવાર સિગારેટની આદત છોડી ધીમે ધીમે સિગારેટનું વ્યસન છોડવું છે. એનઆરટીમાં સિગારેટના ધૂમ્રપાનમાંથી નિકોટીનની માત્રા ઘટાડી મધ્યમ પ્રમાણમાં સ્વચ્છ નિકોટીન સાથે મેળવવામાં આવે છે જે વ્યસનીને તલબના સમયે તલબ નિયંત્રમમાં રાખવામાં મદદ કરે છે જેને કારણે વ્યક્તિને ઉપાડના લક્ષણોમાં નિયંત્રણ રાખવામાં સહાય મળે છે અને ફરીથી વ્યસન ઉથલો મારે તેવી શક્યતા ઓછી કરે છે. તમાકુના ધૂમ્રપાનથી વિપરીત તે વપરાશકર્તાઓને એવા નિકોટીન વાપરવાની પરવાનગી આપે છે જે કાર્બન મોનોક્સાઈડ, ટાર અને અન્ય ત્રાસદાયક રસાયણોથી મુક્ત છે અને ધૂમ્રપાન કરનારાઓ માટે ધૂમ્રપાન છોડવાનો સલામત રસ્તો પૂરો પાડે છે.

## પ્રસ્તુત છે વનપ્લસ પટી- નવોવ્યુ

વનપ્લસ દ્વારા આજે તેનું નવું પ્રીમિયમ ફ્લેગશિપ ડિવાઈસ વનપ્લલ પટી જાહેર કરવામાં આવ્યું છે. વનપ્લસ પટી વનપ્લસ પનું રિફાઈનમેન્ટ છે, જે કંપનીની આજ સુધીની લોકપ્રિય પ્રોડક્ટ ઉચ્ચ રિઝોલ્યુશન, ૧૮:૯ ડિસ્પ્લે, બહેતર ઓછા પ્રકાશનો કેમેરા પરફોર્મન્સ અને અનેક નવા સોફ્ટવેર ફીચર્સ સહિત સક્રિય વનપ્લસ સમુદાય દ્વારા પ્રેરિત મુખ્ય હાર્ડવેર અને સોફ્ટવેર અપડેટ્સ ઓફર કરે છે.

વનપ્લસ ૫ પર ફીડબેક અત્યંત હકારાત્મક છે, પરંતુ વધુ બહેતર ઉપભોક્તા અનુભવ નિર્માણ કરવા સુધારણા માટે અમે અમુક ક્ષેત્રમાં અવકાશ જોયો હતો, એમ વનપ્લસના સ્થાપક અને સીઈઓ પેટ લુએ જણાવ્યું હતું. અમારા સમુદાયને નવી અને ઉત્તમ ટેકનોલોજી આપવા અને ઉપભોક્તાના અનુભવની અપેક્ષાઓની પાર જાય તેવી ઓફરો આપવાનું અમને ગમે છે. ફરી એક વાર અમે દરેક બારીકાઈ પર સખત મહેનત લીધી છે. અમેઝોન.ઈને ભારતીય ગ્રાહકો માટે સફળતાપૂર્વક ફ્લેગશિપ વનપ્લસ સ્માર્ટફોન ડિવાઈસીસ લાવ્યાં છે, જે ૨૦૧૪થી બ્રાન્ડ સાથે લાંબા ગાળાની ખાસ ભાગીદારી પર ભાર આપે છે. અમે અમારા ગ્રાહકોને વધુ એક આકર્ષક સ્માર્ટફોન વનપ્લસ પટીને ખાસ પહોંચ આપવા માટે ભારે રોમાંચિત છીએ. આ સ્માર્ટફોન ફુલ ઓપ્ટિક એમોએલઈડી ડિસ્પ્લે અને ઓછા પ્રકાશમાં બહેતર કેમેરા પરફોર્મન્સ સાથે આવે છે. સ્માર્ટફોન્સ ઝડપથી વૃદ્ધિ પામતી પ્રોડક્ટ રેખામાંથી એક છે અને વારંવાર અમેઝોન.ઈન પર સૌથી વધુ વેચાતી શ્રેણી બની રહી છે.વનપ્લસ પટી સાથે વધુ આકર્ષક વ્યુઈંગ અનુભવ આપવા માટે ૧૮:૯ એસ્પેક્ટ રેશિયો સાથે ૬ ઈંચનું એમોએલઈડી ડિસ્પ્લે રજૂ કરાયું છે, જે બધું જ વનપ્લસ ૫ જેવું જ પરિબળને ધ્યાનમાં રાખીને રજૂ કરવામાં આવ્યું છે. અંતર્ગત સોફ્ટવેર અલ્ગોરીધમને આભારી વનપ્લસ પટીના ફુલ ઓપ્ટિક એમોએલઈડી ડિસ્પ્લેમાં નવું સનલાઈટ ડિસ્પ્લે છે, જે આપોઆપ સખત પ્રકાશમાં સંચાલિત થઈને ઉત્તમ વ્યુઈંગ અનુભવ આપે છે. ડિવાઈસના બહેતર વિઝયુઅલ દેખાવને બહેતર બનાવવા ઉપરાંત મોટું ડિસ્પ્લે એકંદરે ઉપભોક્તા અનુભવને સુધારવામાં મદદરૂપ થાય છે. ઉપભોક્તાઓ ડિફોલ્ટ, એસઆરજીબી, ડીસીઆઈ-પી૩ અને એડપ્ટિવ એમ ચાર અલગ અલગ મોડ્સમાં તેમની જોવાની અગ્રતાઓને આધારે તેમનાં સ્ક્રીન્સને કેલિબ્રેટ કરી શકે છે.

## ધ વોડરોબ થિયોરમ (TWT) દ્વારા ડીઝાઈનર કલેકશન રજુ કરાયુ



TWTના માલિક બિનીતા શાહે ડીજેહાઈબર સિદ્ધાર્થ બન્સલ કલેકશન લોન્ચ કર્યુ. સિદ્ધાર્થ બન્સલ નુ ધ્યેય ગ્રાહકોને ફ્રેશ કલર્સ અને જીણવટભરી પ્રણાલી થી પોશાકની અદભુત આજીવન યાદ રહે તેવી અનુભુતી આપવાનો છે. ફેશન ઈન્ડસ્ટ્રીના ખ્યાતનામ ડીઝાઈનર સિદ્ધાર્થ બન્સલે ધ વોર્ડરોબ થિયોરમ (TWT) નીમુલાકાત લઈ આ લોન્ચ પ્રસંગની શોભા વધારી હતી. આ સ્ટોરમાં સિદ્ધાર્થ બન્સલના સંપુર્ણ કલેકશન નો સમાવેશ છે. સિદ્ધાર્થ બન્સલ ના આ કેલકશન ના લોન્ચ ના પ્રસંગ બાદ ફેશન શો પણ આયોજીત કરાશે. ધ વોડરોબ થિયોરમTWTતમારા હેન્ગીગ સ્ટોરેજ માટેનુ સંપુર્ણ માર્ગદર્શક છે.

છેલ્લા ૪ વર્ષમાંTWT એ એવી ડીઝાઈન્સ આપી છે જે સમયની માંગ છે અને હવે તે અમદાવાદનુ ફેશન હબ બની ગયુ છે. વધુમાં પ્રતિભાશાળી ઉધોગસાહસિક બિનીતા શાહ અને તેમના અસરકારક માર્કેટીગ કેમ્પેઇનTWTને દેશ ભરમાં સફળતા મેળવી છે.

## વધતા જતા પ્રદૂષણની જાહેર આરોગ્ય પર થતી અસરથી બચવા માટે ક્યુનેટ અને શાર્પે સંયુક્તપણે લૉન્ચ કર્યું નવું ઍર પ્યોરિફાયર


ફોટો : શાંતી શાહ

મહાનગરો અને મોટાં શહેરોમાં વધી રહેલા પ્રદૂષણને લીધે ઍર પ્યોરિફાયરની માગ વધી રહી છે. આ માગને પહોંચી વળવા માટે વૈશ્વિક સ્તરની અદ્યતન ઍર પ્યોરિફાયરની કંપની શાર્પેએશિયાની અગ્રણી ડાઈરેક્ટ સેલિંગ કંપની - ક્યુનેટ સાથે સહયોગ સાધીને સંયુક્તપણે તદ્દન નવા અને ઘણી વિશેષતાઓ ધરાવતા "શાર્પ-ક્યુનેટ ઝેન્સેશનલ ઍર પ્યોરિફાયર"નું ભારતમાં લૉન્ચિંગ કર્યું છે. ક્યુનેટ અને શાર્પ બીજી વખત સંયુક્તપણે કાર્ય કરી રહી છે. અગાઉ તેમણે શાર્પ-ક્યુનેટ પ્લાઝમાક્લસ્ટર નામનું આયન ઍર પ્યોરિફાયર લૉન્ચ કર્યું હતું, જે બેસ્ટ સેલર બની ગયું છે. હવે નવું શાર્પ-ક્યુનેટ ઝેન્સેશનલ ઍર પ્યોરિફાયર હવામાં ભેજનું યોગ્ય પ્રમાણ જાળવી રાખનારું ઍર પ્યોરિફાયર છે. તેમાં શાર્પટની પેટન્ટેટ પ્લાઝમાક્લસ્ટર આયન ટેક્નોલોજીનો અને ૭ ઈન્ટેલિજન્ટ ડિટેક્શન મોડનો સમાવેશ થાય છે. દેશમાં આ પ્રકારનું આવું પ્રથમ ઍર પ્યોરિફાયર લવાયું છે. ૮૮,૯૫૦ રૂપિયા કિંમતના આ ઍર પ્યોરિફાયરમાં રખાયેલી ઈન્ટેલિજન્ટ સેન્સર સિસ્ટમ હવામાં રહેલી રજકણો, દુર્ગંધ, ધુમાડો, ઉષ્ણતામાન અને ભેજ પારખે છે અને તેના આધારે આવશ્યક ફેરફારો કરે છે. આ ઉપકરણમાં વીજળીનો ઉપયોગ પણ ઓછો થાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જણાવ્યા મુજબ સૌથી વધુ ખરાબ હવાઈ પ્રદૂષણ ધરાવતાં પાંચ શહેરોમાંથી ચાર શહેર ભારતમાં છે. મનુષ્ય વસવાટની આસપાસની હવાનું પ્રદૂષણ ધરાવતા ૫૦ શહેરી વિસ્તારોમાંથી ૨૨ વિસ્તારો ભારતમાં છે. ભારતની ઝેરી હવાને લીધે આજની તારીખે દર વર્ષે આશરે ૧૧ લાખ લોકો ભોગ બને છે. હવે શિયાળો આવી ગયો હોવાથી દિલ્હી જેવાં શહેરોમાં હવાની ગુણવત્તા વધુ ને વધુ ખરાબ થવા લાગી છે. તેને લીધે આરોગ્યને ઘણું નુકસાન થાય છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના તાજેતરના એક લેખમાં પણ કહેવાયું છે કે નવી દિલ્હીની હવા શ્વાસમાં લેવાથી થનારું નુકસાન દરરોજ ૪૫ સિગારેટ પીવાથી થતા નુકસાન જેટલું છે. બહારની હવાનું પ્રદૂષણ તો દેખાતું હોય છે, પરંતુ આંકડાઓ પરથી જાણવા મળે છે કેઘરની અંદરની હવાનું પ્રદૂષણ પણ બહારના પ્રદૂષણ કરતાં વધારે હાનિ પહોંચાડે છે. ઘરની અંદરની હવાના પ્રદૂષણને લીધે દર વર્ષે ભારતમાં ૧૩ લાખ મૃત્યુ થાય છે. બહારની હવાના પ્રદૂષણ ઉપરાંત ઘરમાં સાફસફાઈની વસ્તુઓ, ઍર ફ્રેશનર, ઈલેક્ટ્રોનિક ગેજેટ તથા અન્ય વસ્તુઓને લીધે બેક્ટેરિયા, ફંગસ, વોલેટાઈલ ઓર્ગેનિક કમ્પાઉન્ડ્સ એ બધા વધારાના પ્રદૂષકો પણ ભળે છે. આ બધા પ્રદૂષકો ઘરની હવાને બહારની હવા કરતાં વધારે હાનિકારક બનાવે છે.

## પોરસ ભારતમાં બનેલી પ્રથમ વૈશ્વિક ટીવી સિરિઝ હશે



૩૫૦ બી.સી., જ્યારે ભારત વિશ્વના સૌથી ધનવાન દેશો પૈકીનું એક હતું, વિશ્વ વ્હૅમાં, તેના ગતિશીલ વેપાર સંબંધો, સમૃદ્ધિ, સમૃદ્ધ સંસ્કૃતિ, સમગ્ર દેશમાં સુખ સાથે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ભારતને યોગ્ય રીતે ગોલ્ડન સ્પેરો (સોને કી ચિડિયા), વિશ્વની ઈર્ષા કહેવાય છે. પોરસ એ તેજસ્વી યુગમાટે મહાકાવ્ય છે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ગર્વથી સિદ્ધાર્થ કુમાર તિવારી દ્વારા લખાયેલ અને નિર્દેશિત ભારતની સૌથી વધુ અપેક્ષિત અને પ્રથમ વૈશ્વિક સિરિઝ પોરસ રજૂ કરે છે.આ શો ફક્ત ટેલિવિઝન વિષયાર્થને ફરી નિર્ધારિત કરશે નહીં પરંતુ સ્ક્રિપ્ટ અને કથાઓ, કલાકૃતિ અને દ્રશ્યો, પ્રોડક્શન ડિઝાઈન, પોશાક, પાત્રાલેખન અને પ્રદર્શનમાં નવા બેન્ચમાર્ક પણ સેટ કરશે. અત્યાર સુધીમાં સૌથી મોટો સેટ સાથે વિશ્વભરમાં બહુવિધ સ્થળોએ શૂટીંગ કરવામાં આવે છે, પોરસ પ્રાચીન ભારત

અને મેસેડોનિયાના વિભિન્ન વિશ્વોની પુનઃ રચના કરીને દર્શકોને ભૂતકાળની જળ પરિવહન માર્ગની સાથે સંપૂર્ણ દ્રશ્ય આપશે. પોરસ એ વિશ્વના સૌથી મહાન વિજેતા, એલેક્ઝાન્ડર અને ભારતના સૌથી જુસ્સાદાર સંરક્ષક, પોરસની અકથિત વાર્તા વર્ણવશે. ૩૫૦ બી.સી.માં સેટ કરેલ, આ વાર્તા તેના મૂળ અને ઈતિહાસને તે સમયમાં લઈ જશે જ્યારે ભારત તેના ભવ્ય શ્રેષ્ઠ હતો અને પોરસે એલેક્ઝાન્ડર દ્વારા ભારતીય ભૂમિ પર પ્રથમ હુમલાનો વિરોધ કર્યો હતો. આ શો સમયાનુક્રમિક કથા રજૂ કરશે અને તે જ દિવસે જન્મેલ પરંતુ સંપૂર્ણપણે અલગ ઉછેરની સાથે ઉછેરાતાં આ બે મહાન યોદ્ધાઓની જન્મથી મહાકાવ્ય યુદ્ધની મુસાફરીને દેખાડશે.






# લેટ નાઈટ પાર્ટીની મજા સજા પણ સાબિત થઈ શકે

લેટ નાઈટ પાર્ટી સજા સાબિત થઈ શકે છે. પોતાના લાંબા અને તણાવ ભરેલા કામની થાકને ઉતારવા માટે સામાન્ય રીતે લોકો લેટ નાઈટ પાર્ટીમાં ભાગ લે છે. લેટ નાઈટ પાર્ટીમાં જતા લોકોને ચેતવણી આપી દેવામાં આવી છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોડા સુધી કામ, બીજી બાજુ તેનાથી બહાર નીકળવા માટે મોડા સુધી જાગવાની બાબત અને પાર્ટીઓમાં આડેધડ ખાવા પીવાની ચીજવસ્તુના લીધે પુરુષ નપુંસકતાનો શિકાર થઈ શકે છે. બીજી બાજુ મહિલાઓમાં ફર્ટિલિટીને લઈને તકલીફ આવી શકે છે. તાજેતરમાં જ એમ્સના કૃતિમ ગર્ભ કેન્દ્રમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે આવા લોકોમાં રી પ્રોડક્ટિવ દર ઘટી જાય છે. લાંબા સમય સુધી કામ કર્યા બાદ પણ ઉંઘ પુરી નહી કરતા લોકોમાં ઘણી તકલીફ ઉભી થાય છે. એવા ૧૨૪ દંપતિઓને આવરી લઈને આ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જે કોઈને કોઈ મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરે છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ તંગદીલીને ઘટાડવા માટે સામાન્ય રીતે લોકો એવા કામ કરે છે જે જેનાથી રાહત મળે છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# અનિંદ્રા

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

આપણે પાછલા લેખોમાં જાણ્યું તેમ શરીરને તંદુરસ્ત રાખવું હોય તો આહાર, વિહાર અને વિચારને મહત્વ આપવું જોઈએ. તંદુરસ્ત રહેવા માટે શરીરને પુરતી કેલોરી મળે, તથા બધા જ તત્વો જેવા કે પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ વિગેરે યોગ્ય પ્રમાણમાં મળે તેવા સમતોલ ખોરાક લેવો જોઈએ તથા વિહાર કે જેમાં શારીરિક કામ, વ્યાયામ, સ્વીમીંગ, પર્વતારોહણ, બધું જ માપમાં કરવામાં આવે તો શરીરમાંથી જેટલી કેલોરી ઓછી કરવી જોઈએ તે ઓછી થાય. એટલું જ નહીં શરીરની વધારાની ચરબી પણ ઓગળી (ડીસોલ્વ) થવી જોઈએ.

તથા વિચારમાં ખુબ જ સંયમ તથા મનને શાંત રાખવું જોઈએ. આજથી આ ટેન્શનવાળી જીંદગીમાં ભાગદોડ વધી જાય છે. સામાન્ય રીતે છ થી આઠ કલાક શ્રમ કરવો જોઈએ. પણ લોકો ધંધામાં કે નોકરીમાં દશથી બાર કલાક પરિશ્રમ કરતા હોય છે. નોકરી ઉપરાંત વ્યવસાય કરતા હોય છે. ધંધો પણ બાર કલાક કરતા હોય છે. પરિણામે શરીર તો થાકી જાય છે પણ મગજ થાકી જાય છે, માનસિક થાક લાગે છે, દરરોજ આ રૂટીન રહેવાથી માનસિક થાકને લીધે ચિંતા, ઉશ્કેરાટ, ગુસ્સો, અજંપો, અસલામતી વિગેરે લક્ષણો ઉદ્ભવે છે. અને આ બધાં જ કારણોને લીધે ભવિષ્યમાં લોકો ચિંતા, ઉશ્કેરાટ અને અજંપાને લીધે અનિંદ્રાનો ભોગ બને છે. લોકોને રાત્રે ઉંઘ આવતી નથી અને આવે તો મધ્યરાત્રીથી જાગી જાય છે. પછી સવાર સુધી જાગતા રહે છે. ઉંઘ આવતી નથી.

આજે આપણે અનિંદ્રાની હોમિયોપેથીક દવા વિશે માહિતી મેળવીશું.

અનિંદ્રાની હોમીયોપેથીક દવાઓ

૧. કોફીયા: જે લોકોને ચિંતા રહેતી હોય, ભવિષ્યની ચિંતા રહેતી હોય, કુટુંબની જવાબદારી વધુ પડતી રહેતી હોય, તેઓ આખી રાત પથારીમાં પડખાં ફેરવ્યા કરે, પણ ઉંઘ આવે નહીં, સ્નાયુઓનો દુ:ખાવો ખુબ જ થાય, ઉંઘ આવે નહીં, થોડી ઉંઘ આવે પણ રાત્રે ત્રણ વાગ્યા પછી ઉંઘ ઉડી જાય ત્યારે આ દવા આપવામાં આવે છે.

૨. ઓપીયમ: દર્દીને ઉંઘ ન આવે, પથારીમાં પડયો રહે, થોડી પણ ઉંઘ આવે તો ઉંઘમાં ચાદર ખેંચવા લાગે, થોડો અવાજ આવે તો દર્દી સફાળો જાગી જાય, રાત્રીના ડરામણા ચિત્રો, ડર, ભય લાગે, ઉંઘ ન આવે, વહેલી સવારે થોડી ઉંઘ આવે પણ બીજા દિવસે ફરીથી આજ રૂટીન ચાલુ રહે અને ઉંઘ ન આવે.

૩. કલ્કેરીયા કાર્બ : દર્દી જ્યારે સુવે ત્યારે માથામાં અસહ્ય પરસેવો થાય, ગળું, પીઠ, છાતી વિગેરેમાં ખુબ જ પરસેવો થાય, પરસેવાથી ઓશિકું તેમજ પથારી ભીની થઈ જાય, પરિણામે એકાએક નિંદર ઉડી જાય, જેવીને ઉંઘ આવે તો ઉંઘમાં દેવ દેવીઓની મૂર્તિ દેખાય અને એકાએક જાગી જાય પછી ઉંઘ આવે જ નહીં, ત્યારે આ દવા આપવામાં આવે છે.

૪. ચેમોમીલા : સામાન્ય રીતે આ બાળકોની ખાસ દવા છે. બાળક ચીડીયા સ્વભાવનું, ક્રોધી, ગુસ્સાવાળું હિંસક તેમજ અપશબ્દો બોલનારૂં હોય તેની ખાસ દવા છે. બાળક ઉંઘમાં પણ ગુસ્સો કરે, ચીસો પાડે, બિહામણાં સપનાં આવે, પરિણામે બાળકની ઉંઘ ઉડી જાય છે એટલે બાળક રડવા લાગે છે, બાળકની માતા છાની રાખે તો તેની સાથે ઝગડા કરે છે આમ બાળકોને અનિંદ્રા થાય ત્યારે આ દવા ખુબ જ ઉપયોગી બને છે.

૫. કોનીયમ : જે લોકો વયસ્ક છે મોટી ઉંમરના છે તેઓને હાલતાં ચાલતાં ચક્કર આવે, રાત્રે સુતી વખતે ઉંઘમાં જરા પણ માથું હલે તો તુરંત જ ઉઠી જાય, પછી ઉંઘ આવે નહીં, જે લોકો એકાંકી જીવન ગાળે છે

.અનુસંધાન પાના નં.૬ ઉપર

# ઓળખો ....... થાયરોઇડ ને

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

યુવાન રહેવું અને બનવું સૌને ગમેછે. આયુર્વેદ માં પંચકર્મ કરાવ્યા બાદ રસાયણ કર્મ કરવામાં આવેતો તે વૃદ્ધ નેપણ યુવાન બનાવે છે. જે સતત ઉત્સાહી છે, સ્ફૂર્તિલો છે અને ચૈતન્ય થી ભરેલો છે તે યુવાન.આરોગ્ય ની પણ આ જ પરિભાષા છે કે આપણા શરીર ના હોર્મોન – અંત્સ્ત્રાવી ગ્રંથીઓ .... (હાયપોથેલેમસ,પિચ્યુટરી, થાયરોઈડ, પેરા થાયરોઈડ, થાયમસ, પેન્ક્રીયાસ, એડ્રીનલ, ઓવરી, ટેસ્ટીઝ) જેમના શરીરમાં યોગ્ય રીતે કામ કરેછે તે આરોગ્ય ની દ્રષ્ટિએ યુવાન છે. અન્યથા યુવાની તો માનસિક અને વૈચારિક છે. મહાભારતના યુદ્ધમાં સૌ પ્રથમ શંખ ફૂંકનાર ૧૮૦ વર્ષના ભીષ્મપિતામહ યુવાન હતા અને આજે સ્વાર્થ વિના ડગલું નહિ ભરતોને મારાથી શું થાય તેવું વિચારતો ૧૮ વર્ષ નો ઘરડો જોવા મળે છે.

આયુર્વેદની દ્રષ્ટીએ આપણને સતત ઉત્સાહી ને ચેતનવંતુ રાખનાર છે જઠરાગ્ની, વૈશ્વાનર, ભૂખ. આજેઆપણને સાચી ભૂખ જ લાગતી નથી અને ભૂખ વિના નું ભોજન કરવાથી જ અગ્નિ નબળો પડેછે તેથી થયરોડીઝમ જેવા આમદોષ જન્ય રોગો થાયછે. અગ્નિ શાંત થાય તો મૃત્યુ નિશ્ચિત છે. અગ્નિ નબળો પડે તો બીમારી, આમદોષ થાય. રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા ને શુક્ર એ સાતેય ધાતુઓ નબળી બને... કારણકે જેમ મુખ્ય જઠરાગ્ની છે તેમ આ સાતેય ધાતુઓના સાત અગ્નિ છે. પાંચ મહાભૂતના પાંચ અગ્નિ મળીને કુલ ૧૩ અગ્નિ આપણા શરીરમાં હોય છે. આ ધાતુઓના અગ્નિને આજની પરિભાષામાં અંત:સ્ત્રાવી ગ્રંથી કહી શકીએ. આ જઠરાગ્ની નબળો પડે તો ધાતુઓનાઅગ્નિ પણ નબળા પડે. તેથી તે -તે ધાતુઓ ના રોગો થવાના. જેમકે મેદ ધાતુનો અગ્નિ નબળો પડે એટલે હાયપો થાયરોડીઝમ રોગ થવાનો ને મેદ ધાતુનો અગ્નિ વધુ તેજ હોય તો હાયપર થાયરોડીઝમ નો રોગ થવાનો. મેદ ધાતુનો અગ્નિ યોગ્ય- સમાન હોય તો.. શરીર મધ્યમ હોય, આંખ-વાળ નું સૌંદર્ય શ્રેષ્ઠ હોય, ભૂખ અનેપાચન પણ સારું હોય, વજન ના વધુ હોય કે ના ઓછું હોય, શ્રમ કરવામાં થાક અનુભવાય નહિ એટલેકે શ્રમ ને સહન કરી શકે, માનસિક સ્વાસ્થ્ય સારું હોય, યાદશક્તિ- ઊંઘ ઉત્તમ હોય, મન શાંત હોય ને સ્વસ્થતા થી નિર્ણય લઈ શકે તેવું હોય.... આ બધાજ લક્ષણો તંદુરસ્તીની નિશાની છે. જે મેદ ધાતુની સ્વસ્થતાનું દર્શન કરાવે છે.પરંતુ મેદ ધાતુ નો અગ્નિ નબળો પડે એટલેકે થાયરોઈડ નો સ્રાવ ઓછો થાય, રીપોર્ટમાં ્જીૐ નું પ્રમાણ વધુઆવે તો .... આંખો બહાર નીકળે, જીભ થોથવાઈ ને જાડી થઈ જાય, શરીર માં સ્થૂળતા જણાય, લોહી ઘટે, ભૂખની વિષમતા થાય, વાળ ખરે, ચામડી લૂખી પડે, આંખો નબળી પડે છે. અને જો થાયરોઈડનો સ્રાવ વધી જાય તો શરીરમાં પિત્તનો પ્રકોપ અને મેદ ધાતુના ક્ષયના લક્ષણો જોવા મળેછે. જેમાં રોગી ભયથી ગભરાયેલ અને શરીરથી સૂકાતો જતો જોવા મળે છે.

થાયરોઈડના રોગો કે મેદ ધાતુના અગ્નિની વિષમતા માટે હવા, પાણી, નમક, ખોરાક, વ્યાયામ, ઊંઘની સાથે માનસિક સ્વાસ્થ્ય પણ તેટલું જ જવાબદાર છે. થાયરોઈડમાંથી નીકળતો થાયરોક્સીન નામનો અંત:સ્રાવ જે શરીર, મનના વિકાસ માટે જવાબદાર છે. જેમ શરીરની બધી જ ધાતુઓ એકબીજા સાથે સંકળાયેલી છે તેમ શરીર ની બધી જઅંત:સ્રાવી ગ્રંથીઓ પણ એકબીજા સાથે જોડાયેલી છે જે જઠરાગ્ની, વૈશ્વાનર, પાચક શક્તિ પર આધારિત છે. આ અગ્નિએજ ભગવાન છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા માં તેથી જ કહ્યું છે ને,

**અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણીનાં દેહાંશ્રીતમ**
**પ્રાણપાન સમાયુક્તઃ પચામ્યત્રમ ચતુ;વિધમ............**

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# યુવાન વયે કયા કારણોસર થઈ શકે છે સર્વાઈકલ સ્પોન્ડિલોસિસ?

**સાઈકોથેરાપીસ્ટ**

સર્વાઈકલ સ્પોન્ડિલોસિસ એટલે ગરદનના હાડકાં ઘસાઇ રહ્યાં છે. ઉંમરને કારણે મોટાભાગે હાડકાં ઘસાતાં હોય અને એટલે જ મોટા ભાગે પચાસ વર્ષની ઉંમર પછી જ આ રોગ આવતો હોય છે. જોકે આજકાલ તો ૩૦-૩૫ વર્ષની નાની વયે પણ લોકોમાં આ રોગનાં ચિન્હો દેખાય છે

આણંદમાં રહેતી એક મહિલાને છેલ્લાં ૬-૭ વર્ષ પહેલાં પીઠનો સામાન્ય દુ:ખાવો શરૂ થયો. શરૂઆતમાં દુ:ખાવો રાત્રે જ વધુ થતો અને તે ઊંઘ ખેંચી કાઢે એટલે સવારે બધું ઠીક થઈ જતું. દુ:ખાવો ક્યારેક થતો અને ક્યારેક એની મેળે જતો રહેતો એટલે એને અવગણવાનું સહજ હતું. બે-ત્રર વર્ષ પછી તેને આ દુ:ખાવો સતત રહેવા લાગ્યો. પરંતુ દુખાવો સહન કરવાની આદત પડી ગઈ હોવાથી જો એ અતિશય વધી જાય ત્યારે જ તેનું એ તરફ ધ્યાન જતું, બાકી તો એ ચાલ્યા કરતું. વચ્ચે-વચ્ચે ક્યારેક તે ફિઝિયોથેરપી લઈ આવતી તો ક્યારેક વચ્ચે-વચ્ચે યોગ કરે ત્યારે તેને રાહત લાગતી. હવે આ દુ:ખાવો એટલો વધ્યો કે રાત્રે દુ:ખાવાને કારણે તેની ઊંઘ ઊડી જતી અને પછી તે સૂઈ જ ન શકતી. આવું સતત ૪-૫ દિવસ થયું એટલે તેણે ફિઝિયોથેરપી લીધી અને ડૉક્ટરને પણ બતાવવા ગઈ. ડૉક્ટરે તપાસીને કહ્યું, તમને સર્વાઈકલ સ્પૉન્ડિલોસિસ છે. આ રોગમાં કરોડરજ્જુનાં હાડકાં ઉંમરને કારણે ઘસાય છે એટલે આ તકલીફ ઊભી થાય છે. ૩૨ વર્ષે હાડકાં ઘસાવાં લાગ્યાં? એ કઈ રીતે શક્ય છે? ડૉક્ટરે કહ્યું, શક્ય છે. આજકાલ એ સામાન્ય થતું જાય છે. વૃદ્ધોમાં જોવા મળતો આ રોગ આજકાલ યુવાનોમાં સામાન્ય થઈ રહ્યો છે. આજે સર્વાઈકલ સ્પૉન્ડિલોસિસ નાની ઉંમરે થવાનાં કારણોને સમજીએ.

ઝૂકેલી ગરદન આપના સૂવાનાં, બેસવાનાં ને ચાલવાનાં પોશ્ચર નિશ્ચિત હોય છે. કરોડરજ્જુને હંમેશાં સીધી રાખવી જરૂરી છે, કારણ કે એ આ જ પોઝિશનમાં બેસ્ટ રીતે રહી શકે છે. જે જગ્યાએથી એ વળે અને વળેલી જ રહે એ જગ્યાએ એ મણકાઓ અને ગાદી પર બિનજરૂરી સ્ટ્રેસ આવે છે. જ્યારે એ વધુ પડતું થાય ત્યારે તકલીફ શરૂ થઈ જતી હોય છે. આજકાલ લગભગ ૧૦માંથી ૮ લોકોને પૉશ્ચર સંબંધિત તકલીફો દેખાય જ છે. આજનો માણસ પોતાના દિવસનો લગભગ ૮-૧૨ કલાકનો સમય કમ્પ્યુટર અને લૅપટૉપ પાછળ કાઢતો હોય છે. આ સમયમાં સતત તેની ગરદન ઝૂકેલી રહે છે. ખાસ કરીને ફોન જે વધુ સમય વાપરતા હોય તેમને આ પ્રૉબ્લેમ વધુ થાય છે. એક વ્યક્તિ સામાન્ય રીતે ઊભી છે તો તે સીધી ગરદન રાખીને ઊભી રહેશે. જો તે મોબાઈલમાં લાગેલી હશે તો ભલે તે ૩ કલાક પણ ઊભી રહે તેની ગરદન તો ઝૂકેલી જ રહેવાની. તમે જો ડેસ્કટૉપ વાપરતા હો તો વધુ સારું, પરંતુ લૅપટૉપ પર ૮-૧૦ કલાક કામ કરો તો પ્રૉબ્લેમ રહેવાનો, કારણ કે લૅપટૉપનું કીર્બોડ એની સાથે જોડાયેલું હોવાને કારણે એને આઇ-લેવલ પર ગોઠવવું મુશ્કેલ છે. આમ આપણે દિવસનો કેટલો મોટો સમય આગળ ઝૂકેલી ગરદન સાથે વિતાવીએ છીએ તો ગરદન પર ભાર તો આવવાનો જ છે. વળી એટલો જ સમય જો આપણે પાછળની તરફ ગરદન ઝુકાવતા હોઈએ તો વાંધો ન આવે, પરંતુ એવું થતું નથી. આ સિવાય આપણે ટટ્ટાર બેસતા નથી. સૂવામાં જો તકિયો વધુ જાડો કે વધુ પાતળો હોય તો પણ આ તકલીફ થઈ શકે છે. ★ બેઠાડુ જીવન અને શરીરનો બાંધો પૉશ્ચર ઘણા લોકોનાં ખરાબ હોય છે, પરંતુ બધા લોકોને યુવાન વયે સર્વાઈકલ સ્પૉન્ડિલોસિસ નથી થઈ જતો; એવું કેમ? કેમ અમુક લોકોને જ આવું થાય છે? અમુક લોકોના શરીરનો બાંધો નબળો હોય છે. તેમનાં સ્નાયુઓ અને હાડકાં બીજા લોકોના પ્રમાણમાં નબળાં જ હોય છે. એનું મુખ્ય કારણ એ પણ હોઈ શકે કે પ્રમુખ તેમનો બાંધો જ નબળો છે અને નાનપણથી તેમણે સશક્ત બનવા માટે કંઈ કર્યું નથી. સ્પોર્ટ્સ, કસરત અને ખંતીલું જીવન તમારાં હાડકાં, સ્નાયુઓ અને સાંધાઓને મજબૂત બનાવે છે. એટલે જરૂરી છે કે બાળકોને પહેલેથી એની આદત પડે. વળી નાનપણમાં કરી લીધું અને પછી હવે યુવાનીમાં એની જરૂર નથી એવું માનનારા લોકો પણ ભૂલ કરે છે. જે લોકો પોતાના સ્નાયુઓને સશક્ત રાખવા માગતા હોય તેમણે બેઠાડુ જીવનનો ત્યાગ કરવો જ પડે. જો તમારા કામનો પ્રકાર બેઠાડુ હોય તો પણ દરરોજ એક કલાક તમારે તમારા શરીરને આપવો અનિવાર્ય છે. જો ડોક અને પીઠના સ્નાયુઓ નબળા હોય તો નાની ઉંમરમાં આ રોગ આવવાની પૂરી શક્યતા છે. ★ સ્ટ્રેસ આપણે કોઈ પણ જાતનું જે માનસિક કે શારીરિક સ્ટ્રેસ લઈએ છીએ એનો ભાર હંમેશાં આપણા ખભા પર જ આવે છે. ખાસ કરીને માનસિક સ્ટ્રેસનો ભાર. નાનપણથી જ જે બાળકોએ વધુ સ્ટ્રેસફુલ લાઈફ જોઈ હોય એ બાળકોનાં પૉશ્ચર જોઈને સમજી શકાય છે કે તેમને કેટલું માનસિક સ્ટ્રેસ છે. જ્યારે ક્રિકેટ મૅચમાં ટૉસ ઉછાળે ત્યારે

.**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# બસ રોજ લો એક ચમચી હળદર... ધાર્યા કરતા વધુ ઝડપથી વજન ઘટી જશે

**મન બિલોરી કાચ**

ઍંટીવાયરલ પ્રોપર્ટી અનેક હેલ્થ પ્રોબ્લમ્સને દૂર કરવામાં હેલ્પફુલ હોય છે. રિસર્ચમાં આ સાબિત થયુ છે કે તેને રેગ્યુલર ડાયેટમાં લેવાથી ન લેનારાઓની તુલનમાં ત્રણ ગનુ વધુ વજન ઘટે છે...

ઈરાનની શાહિદ સાદૌઘી યૂનિવર્સિટી ઓફ મેડિલ સાયંસે પોતાની રિસર્ચ માટે બે ગ્રુપ બનાવ્યા. બંને ગ્રુપના ડાયેટમાં ૫૦૦-૫૦૦ કેલોરીની કમી કરવામાં આવી. એક ગ્રુપને કેલોરી ઈનટેક ઓછુ કરવા સાથે સાથે ત્રણ મહિના સુધી સતત ત્રણ ગ્રામ (એક નાની ચમચી) હળદર ખાવા આપવામાં આવે. તેનાથી તેમના વજનમાં ન ખાનારોની તુલનામાં ત્રણ ગણો ઘટાડો થયો. ઉદાહરણ માટે હળદર ન ખાનારાઓમાં એક કિલો વજન ઘટ્યુ તો હળદર ખાનારાઓના વજનમાં ત્રણ કિલો વજનનો ઘટાડો નોંધવામાં આવ્યો.

**વજન ઘટાડે** - હળદર બોડીમાં જમા ફેટ બર્ન કરે છે. રોજ સવારે એક નાની ચમચી હળદર પાવડર ખાઈને પાણી પીશો તો જલ્દી વજન ઘટાડવામાં મદદ મળશે.

**હાર્ટ** - હળદર બ્લડ સર્કુલેશન પ્રોપર રાખવામાં મદદ કરે છે. તેનાથી ૅ અને હાર્ટ ડિસીસનો ખતરો ટાળી શકાય છે.

**ડાઈજેશન સુધારે** - આ બ્લોટિંગ અને ગેસની પ્રોબ્લેમને ઘટાડે છે. તેને રેગ્યુલર ડાયેટમાં સામેલ કરવાથી ડાઈજેશન સુધરે છે.

ડાયાબીટીસ - હળદરથી બોડીમાં ઈંસુલિન લેવલ બેલેંસ રહે છે. જેનાથી ડાયાબિટીસ કંટ્રોલ કરવામાં મદદ મળે છે. તેનાથી બચાવ પણ થાય છે.

**મોઢાના ચાંદા** - હળદર પાવડરને ગરમ પાણીમાં મિક્સ કરી લો. આ પાણીથી કુલ્લા કરો. મોઢાના ચાંદામાં આરામ મળશે.

**ઍંટી એજિંગ** - હળદરમાં ઍંટી એજિંગ તત્વ જોવા મળે છે જે સ્કિનની ચમકને કાયમ રાખે છે. એક ચતુર્થાંસ હળદરમાં કાચુ દૂધ અને બેસન મિક્સ કરીને ચેહરા પર લગાવો.

**કેંસર** - હળદરમાં રહેલા તત્વો કેંસરને વધારનારા સેલ્સને વધતા રોકે છે. રોજ તેને ડાયેટમાં સામેલ કરશો તો કેંસરનો ખતરો ટળી જશે.

ઈંફેક્શનથી બચાવ - હળદરમાં ઍંટીબેક્ટેરિયલ ઍંટીવાયરલ અને ઍંટીફંગલ ગુણ બોડીના ઈમ્યૂન સિસ્ટમને મજબૂત કરે છે. તેનાથી શરદી ખાંસી અને વાયરલ ઈંફેક્શનમાં આરામ મળે છે.

સાઈનસ - હળદરને દૂધ સાથે મિક્સ કરીને પીવો. આ સાઈનસ, દમા, બ્રોન્કાઈટિસ અને જામેલા કફની પ્રોબ્લેમ દૂર કરે છે.

**કરચલીઓ** - સ્કિન પર કરચલીઓ થતા તેના પેસ્ટને ચેહરા પર લગાવો આ રેગ્યુલર ડાયેટમાં યૂઝ કરો. ફાયદો થશે.

**હળદર કોણે ઓછી ખાવી જોઈએ ?**

**ગોલ બ્લૈડર** - જેમને ગોલ બ્લેડરની સમસ્યા છે. તેમણે દિવસભરમાં અડધી નાની ચમચીથી વધુ હળદર ન ખાવી જોઈએ.

**લિવર** - જે લોકોને લિવર રિલેટેડ પ્રોબ્લેમ છે. તેમણે અડધી નાની ચમચીથી વધુ હળદર ન ખાવી જોઈએ.

પ્રેગનેટ સ્ત્રીઓ - પ્રેગનેસી દરમિયાન આખો દિવસ દરમિયાન એક નાની ચમચીથી ઓછી માત્રા લો. તેનાથી વધુ હળદર ખાવાથી યૂટ્રસમાં વીંટાળો ઉભો થાય છે.

એનિમિયા - જેમને લોહીની કમીની પ્રોબલેમ છે તેઓ એક નાની ચમચીથી ઓછી માત્રામાં હળદર ખાય.

# વધુ પ્રમાણમાં ગળ્યા પીણા,મીઠાઈ ખાવાથી હાર્ટ ડિસિઝનું જોખમ વધે છે

**આરોગ્ય સંહીતા**

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

આપણને સ્વાસ્થ્ય માટે અલર્ટ કરી દે એવો અભ્યાસ પબ્લિશ થયો છે. બ્રિટનની યુનિવર્સિટીના રિસર્ચરોનું કહેવું છે કે ખૂબ મીઠાઈઓ અથવા તો ગળ્યાં પીણાં વધુ માત્રામાં લેવામાં આવે તો હાર્ટ-ડિસીઝ થવાનું જોખમ વધે છે. જો તમને હાર્ટની કે બ્લડ-શુગરની તકલીફ ન હોય તો પણ આ બાબતે જીભ પર કન્ટ્રોલ જાળવવો બહુ જ આવશ્યક છે. મીઠાઈઓ અને ગળ્યાં પીણામાંની વધારાની શુગરને કારણે લોહીમાં તેમ જ લિવરમાં ફેટનું પ્રમાણ વધે છે. લોહી અને લિવરમાં ચરબી અને કોલેસ્ટરોલનો ભરાવો થવાને કારણે હાર્ટમાં લોહી લઈ જવા અને લાવવાનું કામ કરતી રકતવાહિનીઓની કામગીરી ખોરવાય છે. અભ્યાસ દરમ્યાન નોંધવામાં આવ્યુ ંહતું કે ગળી ચીજોમાંથી જે લોકો રોજ ૬૫૦ કેલરી મેળવે છે તેમને હાર્ટ-ડિસીઝ થવાની સંભાવના લો શુગર ડાયટવાળા લોકો કરતાં ૧૯ ટકા જેટલી વધુ હોય છે. રોજની માત્ર ૧૪૦ કે એથી ઓછી કેલરી શુગરવાળી ચીજોમાંથી મળતી હોય એને લો શુગર ડાયટ ગણવામાં આવી છે. ચરબી જયારે લોહી દ્વારા શરીરમાં ભ્રમણ કરે છે ત્યારે એ રકતવાહિનીઓને પણ ડેમેજ કરે છે અને બ્લોકેજની સંભાવના વધે છે. વધુ ગળપણ ખાવાથી હેલ્થી વ્યકિતને કદાચ ડાયાબિટીઝ થવા કરતાંય વધુ જોખમ હાર્ટ-ડિસીઝનું હોય છે.

# સજગતાથી ઉલેચો મનને કરો ખાલી તો ઉતરશે પરમાત્માને પરમાનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

'ભક્તિસાગરમાં કહ્યું છે..

પ્રભુ...!

મને આ જન્મ મરણના ફેરાથી છોડાવ..

મેં મારી ઈચ્છાઓ તારી ઈચ્છામાં વિલીન કરી દીધી છે..

મારૂં ચિત્ત સદા તારાં ચરણોનું ધ્યાન કરતું રહે છે.

તું આકાશ છે, તું પૃથ્વી છે અને તું જ પવન છે..

તું મારો સ્વામી છે, મારો પિતા છે, મારી માતા છે.

મારો રક્ષક છે.. તું જ શબ્દ અને તું જ એનો અર્થ છે.. તું વાણી અને મન બંનેથી પર છે.

આ જગત તારી અંદર લીન થઈ જાય છે..

તારી જ અંદર બધાં ભુતપ્રાણી ઉત્પન્ન થાય છે,

હરે ફરે છે અને પછી તારી જ અંદર લય પામે છે.દુ:ખમાં ઘીની જેમ તું સર્વત્ર વિદ્યમાન છે..!

આખરે જન્મ મરણના ફેરા શા માટે હોય છે ? માણસનું મન ઈચ્છા, અપેક્ષાઓ, આશાઓ, સંકલ્પો, અરમાનો વગેરેનો ઢગ માત્ર છે જે ભવસાગરમાં ભટકવા સૌને મજબુર કરે છે..

વૈદિક સંસ્કૃતિ પ્રમાણે..

'ઈચ્છા તેની આસપાસ દ્રવ્યનું સર્જન કરે છે. ઈચ્છા એ એક પ્રકારનું આકર્ષણ છે.. અથવા ઉર્જાઓનો સમુહ છે. આ ઈચ્છાઓ આકર્ષણ રૂપી એક ઉર્જા ધરાવે છે. આકર્ષણના નિયમ મુજબ ભૌતિક વસ્તુઓ અને આકર્ષણના નિયમને દ્રઢપણે વળગીને ચાલે છે અને તેમની ઈચ્છાઓની આસપાસ દ્રવ્ય (પદાર્થોને) ચોકકસ માત્રામાં અને ચોક્કસ અંતરે સ્થાનબદ્ધ કરે છે. મન માટે તેનું ભૌતિક શરીર સૌથી અગત્યનું હતું અને જેને તે મૃત્યુ પછી ગુમાવી બેઠું છે. મનની આ શરીરની પુનઃ પ્રાપ્તિની ઈચ્છા એ બીજી બધી અનેક પ્રકારની ગૌણ ઈચ્છાઓની સારભુત છે.

આધુનિક વિજ્ઞાન કોઈપણ માણસની અદલ તેના જેવી જ ભૌતિક પ્રતિકૃતિ તૈયાર થઈ શકે, તેવા સિદ્ધાંતો તારવી શકયું છે અને ખરેખર તેમ કરવા માટે તે ગંભીરતાથી પ્રયોગો પણ કરી રહ્યું છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ચણાની દાળ આરોગ્ય માટે ઉપયોગી

**આરોગ્ય**

વ.ન્યુ.સ. ગાંધીનગર

ચણાની દાળનો પ્રયોગ ખાસ રીતે પૂરણપોળી બનાવવા કે પછી બીજા વ્યંજનોમાં સ્વાદ વધારવા માટે કરાય છે, પણ ચણાની દાળ માત્ર સ્વાદ જ નહીં આરોગ્યની દ્રષ્ટિએ પણ એટલી જ ગુણકારી છે, ત્યારે જાણી લો તમે પણ ચણાની દાળથી થતા આ ફાયદાઓ વિશેપ

૧. ચણાની દાળ તમારા શરીરમાં આયરનની ઉણપ પૂરી કરે છે. આ સારો હિમોગ્લોબિનનું સ્તર પણ વધારવામાં મદદ કરે છે. ચણાની દાળમાં રહેલ એમીનો એસિડ શરીરની કોશિકાઓને મજબૂત કરવામાં મદદગાર છે.

૨. ડાયાબિટીસ પર નિયંત્રણ લાવવા રોજ ત્વચા પર ચણાની દાળનો લોટ લગાવો ફાયદાકારક છે.

૩. ચણાની દાળનું સેવન કરવાથી તમને કબજીયાતમાંથી છૂટકારો મળી શકે છે.

૪. ફાઈબરથી ભરપૂર ચણાની દાળ કોલેસ્ટ્રોલને ઓછું કરે છે.૫. ચણાની દાળમાં જિંક કેલ્શિયમનું પ્રમાણ ભરપૂર હોવાથી તમને શરીરમાં જરૂરી ઉર્જા મળી રહે છે. આ સિવાય પેટની સમસ્યાઓ માટે પણ ફાયદાકારી છે.

## હોમીયોપેથીક

### અનુસંધાન ૫ નુ ચાલુ...

જેમને કોઈ સાથીદાર નથી હોતાતેઓ રાત્રે સુતી વખતે સતત વિચાર કરે, એટલે ઉંઘ આવે નહીં, આખો દિવસ કોઈ વાતમાં રૂચિ થાય નહીં અને દિવસના સમયમાં સતત ઉંઘ આવે પણ શરીર કે માથું હલે એટલે દર્દી બેસી જાય.

બ્રોમીયમ : રાત્રીના ઉંઘમાં ભયંકર બિહામણાં સ્વપ્નો આવે, તેનાથી દર્દી ચોંકી જાય, ઉઠી જાય, અને થર થર કાંપવા લાગે, અતિ ભય લાગે, ઘણીવાર કુટુંબીજનો સાંત્વન આપે કે હિંમત આપે તો પણ કાંપવા લાગે, ડરવા લાગે અને ઉંઘ આવે નહીં, ત્યારે આ દવા આપવામાં આવે છે.

.રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## સાઈકોથેરાપીસ્ટ

### અનુસંધાન ૫ નુ ચાલુ..

બન્ને કેપ્ટનનાં પૉશ્ચર જોઈને સમજી શકાય છે કે કયો કેપ્ટન ટૉસ જીતી ગયો અને કોણ હારી ગયો. જે કેપ્ટન ટૉસ હારી જાય કે તરત જ દેખાઈ શકે છે કે તેના ખભા ઝૂકી ગયા છે. આમ જે વ્યક્તિ સતત સ્ટ્રેસમાં રહેતી હોય તેના સર્વાઈકલ એટલે કે ગળું, પીઠ અને ખભાના સ્નાયુઓ પર લોડ આવવાનો જ છે અને એ લોડ સતત રહે ત્યારે એ પ્રૉબ્લેમ કરવાનો જ છે. આજકાલ સ્ટ્રેસનું પ્રમાણ પહેલાં કરતાં ઘણું વધી ગયું છે એ પણ એક મહત્વનું કારણ છે કે નાની ઉંમરે લોકોને સર્વાઈકલ સ્પૉન્ડિલોસિસ થાય છે.

★ ટ્રાવેલિંગ પહેલાંના લોકો કરતાં આજે લોકો વધુ ટ્રાવેલિંગ કરે છે. જરૂરી નથી કે દરેક વ્યક્તિનું ટ્રાન્સપોર્ટ ખૂબ સારી ક્વૉલિટીનું હોય. વળી રોડની કન્ડિશન હંમેશાં સારી જ મળે એ તો શક્ય જ નથી હોતું.ટ્રાવેલિંગમાં ખાસ કરીને ટૂ-વ્હીલર કે રિક્ષામાં ટ્રાવેલ કરતા લોકોને રસ્તામાં ઘણા જર્ક લાગે છે અને આ જર્ક સીધા તેમના ગળાને અસર કરે છે. આ પ્રકારનું ટ્રાવેલિંગ જે સતત વધુ કલાકો માટે કરતા હોય તેમને આ રોગ થવાની પૂરી શક્યતા છે. આ સિવાય બસમાં પણ જે લોકો ઊભા-ઊભા ટ્રાવેલ કરતા હોય છે તેમને પણ ખૂબ જર્ક લાગે છે, કારણ કે વારંવાર બ્રેક લાગે ત્યારે બૅલેન્સ રાખવું અઘરું પડી જાય છે. ★ સર્વાઈકલ સ્પૉન્ડિલોસિસ એટલે શું? આપણી કરોડરજ્જુમાં ૩૧ મણકા હોય છે અને એ મણકાઓ વચ્ચે ૨૩ જેટલી ગાદી છે. હવે જ્યારે ગરદનની અંદર રહેલા મણકા-ગાદી ઉપર કોઈ પણ જાતની અસર થાય ત્યારે એને સર્વાઈકલ પ્રૉબ્લેમ કહે છે. જ્યારે આ મણકા ઘસાવા લાગે ત્યારે એને સર્વાઈકલ સ્પૉન્ડિલોસિસ કહે છે જે મોટા ભાગે ઉંમરને કારણે થાય છે, પરંતુ આજકાલ યુવાનોમાં પણ જોવા મળી રહ્યું છે. ખબર કેમ પડે? : આ રોગની તીવ્રતા જેવી હોય એ પ્રમાણે ચિહ્નો હોઈ શકે છે. સામાન્ય રીતે ડોક જકડાઈ જાય, પીઠમાં દુ:ખાવો હોય, ઉપરનો ભાગ એટલો સ્ટિફ થઈ જાય કે ચારે દિશામાં એની મૂવમેન્ટ શક્ય ન બને. જ્યારે આ પ્રૉબ્લેમ વધી જાય ત્યારે એ અંદરની કોઈ નસોને દબાવે છે, જેને લીધે હાથ કે પગ પર અસર થઈ શકે છે. જો એ કોઈ એવી નસને દબાવે તો હાથ લકવાગ્રસ્ત પણ થઈ શકે છે.આ પરિસ્થિતિ એક ઈમર્જન્સી છે જેમાં તરત જ હૉસ્પિટલ ભાગવું પડે છે અને ઑપરેશન થઈ શકે છે. ★ શું કરવું? : જો આ પ્રૉબ્લેમ યુવાન વયે ચાલુ થયો હોય તો વ્યક્તિએ એને ગંભીરતાથી લેવો જરૂરી છે. જો તેનાં હાડકાં ૩૦-૩૫ વર્ષની ઉંમરથી ઘસવા લાગે તો ૬૦-૭૦ વર્ષે તેની હાલત શું થઈ શકે એની કલ્પના મુશ્કેલ છે. મહત્વનું છે કે આવી વ્યક્તિઓ કયા કારણસર તેમને આ તકલીફ થઈ છે એ સમજે અને એને દૂર કરવાનો પ્રયત્ન કરે. સાથે-સાથે ફિઝિયોથેરપી ખૂબ જ મહત્વનો ભાગ છે. આ રોગમાં વ્યક્તિના સ્નાયુઓને સશક્ત કરવાનું કામ એક્સરસાઈઝ કરે છે, જેને કારણે હાડકાં ઘસાવાની ગતિને મંદ પાડી શકાય.

## માનસ..

### અનુસંધાન ૫ નુ ચાલુ...

તેને ટેલી પોર્ટેશનનના નામથી ઓળખવામાં આવે છે પરંતુ આ અદલ પ્રતિકૃતિ હોવા છતાં તેમાં જીવ પુરી નથી શકાતો અને તે જ એક વસ્તુ છે જે વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચેનો ખરેખરો ભેદ છેઆમ મૃત્યુ બાદ ભુત જ મન બીજા ગર્ભ સ્વરૂપે રહેલાં શરીરમાં પ્રસ્થાપીત થઈ જાય છે અને ફરીથી માનવ શરીર ધારણ કરે છે.

આથી અહીં ભકત પ્રભુને એવી પ્રાર્થના કરે છે અને કહે છે : પ્રભુ ! મારી ઈચ્છાઓ તારામાં વિલીન કરી દીધી છે. મારૂં ચીત્ત સદા તારા ચરણોનું ધ્યાન ધરતું રહે છે અને હવે ઈચ્છાઓના સમુહ એવું ચિત્ત કાં તો પ્રભુના ચિત્તમાં વિલીન થઈ ગયું છે અથવા તે સંપૂર્ણ પણે ઈશ્વર-ધ્યાનમાં રોકાયેલું છે. પછી ભકત કહે છે : 'ભગવાન (પરમ આત્મ સ્વરૂપ, અંતર આત્મા-પરમ આનંદમયતા) તું જ આકાશરૂપી પવન, માતા પિતા સ્વામી સર્વ કંઈ તે અંતઃ આત્મા જ છે અને 'તેનામય ' થવું એટલે જ સમજ સાથે એકત્વ સાધવું. શબ્દ તેનો અર્થ બધું જ તું છે. આ જગત પણ તારી અંદર સ્થિત છે અને તારી અંદર લીન થઈ જાય છે. તારી અંદર સર્વ જીવો જન્મે છે અને મરે છે.

વિશ્વમાં ! અંતઃતત્વ જ છે જે સર્વત્ર છે. જે દરેક જડ ચેતનમાં વ્યાપ્ત છે. અરે ! દરેક જડ જીવ તેનાં જ અલગ અલગ રૂપો છે અને તેમાં લીન થઈ જવાથી તેમાં ઓગળી જાય છે અને ત્યારે પરમતત્વની પરમ આનંદ મયતામાં કોઈ ઈચ્છા વિચાર રહેતા નથી. તો પછી ફરી શરીર સ્વરૂપ બની આ જગતમાં કઈ ઈચ્છાની પૂર્તિ માટે જન્મવું ? **ડૉ. પ્રવિણ પટેલ**

## લેટનાઈટ

### અનુસંધાન ૫ નુ ચાલુ..

કેટલાક લોકો આના માટે લેટ નાઈટ પાર્ટીને મહત્વપૂર્ણ ગણે છે. તેમની લાઈફ સ્ટાઈમાં જંગફુડ પણ આના કારણોમાં સામેલ છે.`મ્સના આઈવીએફ સેન્ટરના તબીબનું કહેવું છે કે આનાથી પુરુષોમાં સ્પર્મ ઓછા પ્રમાણમાં બને છે. જ્યારે બીજી બાજુ મહિલાઓમાં હાર્મોન્સનું સંતુલન બગડી જાય છે. ઈંડા બનવાનું પ્રમાણ ઘટી જાય છે. આ તમામની અસર બાળકોના જન્મ સાથે સંબંધિત છે. શરૂઆતમાં આ સિન્ડ્રોમના લક્ષણો દેખાતા નથી. મહિલાઓ જ્યારે સગર્ભા થતી નથી અને ચકાસણી માટે તબીબો પાસે જાય છે ત્યારે આ વાતની જાણ થાય છે. મહિલાઓમાં આ તમામના લીધો ઈન્સોલિન વધે છે.

# પ્રૌઢાવસ્થામાં ઘરકામ કરતી મહિલાઓ લાંબુ જીવે : અભ્યાસ

સામાનય રીતે ૫૫-૬૦ વર્ષ પછી ઘરમાં વહુ આવી જવાથી મહિલાઓ પર ઘરની જવાબદારી ઘટી જાય છે અને તેમની જીવનશૈલી પણ બેઠાડુ થવા લાગે છે. ઉંમર થયા પછી ઘરકામ ન થાય અથવા તો ઘરકામ કરવામાં તકલીફ પડે એવું માનીને મહિલાઓ ઘરકામ ઘટાડી દે છે. બીજી ભાષામાં કહીએ તો જો લાંબુ જીવવું હોય તો વહુના આવ્યા પછી બધુ કામ વહુ પર નાખીને હીંચકે ઝુલશો તો શરીર કટાશે અને આયુષ્ય પણ ઘટશે. અમેરિકાના સેન ડીએગોમાં આવેલી યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના પ્રોફેસરોનું કહેવું છે કે પ્રૌઢાવસ્થા પછી સવાર-સાંજ ૩૦-૩૦ મિનિટનું ઘરકામ કરનારી મહિલાઓની આરવદા લાંબી હોય છે. શરી કામ કરતું રહે એ જરૂરી છે. ઉંમર થવાને કારણે શરીરને ઘસારો પહોંચે અને કામ કરવાની ગતિ અને ક્ષમતા ઘટી જાય એ સ્વાભાવિક છે, પરંતુ એને કારણે જો મહિલાઓ સાવ ખાટલેથી પાટલે થવા લાગે તો એનાથી તેમને હાર્ટ-ડિસીઝ, ડાયાબિટીઝ અને હાડકા નબળાં થવાને કારણે ફ્રેકચરનું જોખમ વધે છે. અભ્યાસમાં ૬૫થી ૯૯ વર્ષની ૬૦૦૦ મહિલાઓના સ્વાસ્થ્યનો સાડાચાર વર્ષ સુધી સ્ટડી કરવામાં આવ્યો હતો. આ મહિલાઓમાં શરીરની મુવમેન્ટ પારખતું ડિવાઈસ લગાવવામાં આવ્યું હતું. જે મહિલાઓ રોજ થોડોક સમય ઘરકામમાં ગાળતી હતી અને ફિઝિકલ મુવમેન્ટ ચાલુ રાખતી હતી તેઓ લાંબુ અને સ્વસ્થ જીવન જીવે એવી સંભાવના વધતી હોવાનું નોંધાયું હતું.

## ઉંઝામાં યુવતીના ...

પાના નં .૧ ચાલુ

આ બનાવને પગલે આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને સ્થાનિક પોલીસને જાણ કરી હતી. ખાનગી ગોળીબારમાં ગંભીર રીતે ઘાયલ થયેલ નિમીલ વિષ્ણુભાઈ પટેલને તુરત સ્થાનિક દવાખાને લઈ ગયા હતા. જ્યાંથી તેને વધુ સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ ગંભીર બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે ભયની લાગણી ફેલાઈ હતી.

ઉપરોક્ત ઘટના સંદર્ભે યુવતીની ફરિયાદના આધારે ઉંઝા પોલીસે ફૈજદિન મહેબૂબમીયાં લીલામીયાં સૈયદ, સિદ્રીકાબીબી વાઈફ ઓફ મહેબૂબમીયાં લીલીમીયાં બંને રહે.ભાંખર તા.ઉંઝા અને એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ઈ.પી.કો કલમ ૩૦૭, ૪૫૦, ૩૬૪, ૩૨૩, ૧૧૪, ૧૨૦બી ૫૦૬(૨) તથા આર્મી એકટ કલમ ૨૫ (૧) એ, ૨૭ (૧) મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કહે છે કે સ્થાનિક કથિત ભ્રષ્ટ અને નિષ્ક્રિય પોલીસતંત્રના કારણે શહેરમાં ગુનાખોરીએ માથુ ઉચકતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. અત્રે ગુનેગારતત્વો, તસ્કરોને જાણે પોલીસનો કોઈ જ ડર કે ભય ન હોય તેવી ખરાબ સ્થિતિ પેદા થઈ છે. ત્યારે સ્થાનિક તંત્રમાં ઘરમૂળથી ફેરફાર કરવાનો સમય હવે પાકી ગયો છે.

## ડીસામાં ...

પાના નં .૧ ચાલુ

ડીસાની ટિકિટ તેમના પુત્રને આપવાની માંગ કરી હતી. સાંસદે જણાવ્યું હતું કે,'તેઓ પાટણ અને બનાસકાંઠા જિલ્લાની નવ જેટલી બેઠકો પર વર્ચસ્વ ધરાવે છે . આ સંજોગોમાં તેઓએ તેમના પુત્ર માટે દાવેદારી કરી હતી. જેથી પાર્ટીએ તેમને ડીસા બેઠક ફાળવવી જોઈએ.'

ત્યારે પત્રકારોએ 'જો પાર્ટી ટિકિટ નહીં આપે તો શું કરશો?' તેવા સવાલના જવાબમાં સાંસદે જણાવ્યું હતું કે,' હું વર્ષોથી પાર્ટીને જીતાડવા સક્રિય રહ્યો છું. મે બનાસકાંઠાની તેમજ પાટણ ઠાકોર સમાજની બહુમતી ધરાવતી બેઠકો પર વિજય અપાવવાની ખાતરી આપી છે. તેમ છતાં જો મારા પુત્રને ટિકિટના આપવામાં અવગણના થશે તો આ સંજોગોમાં મારે સંસદસભ્ય તરીકે રાજીનામું આપવું પડશે .'

મીડીયા કર્મી સાથે વાતચીત કર્યા બાદ સાસદ લીલાધર વાઘેલા પોતાના ટેકેદારો સાથે ગાંધીનગરમાં ભાજપાના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે પહોંચી અને પાર્ટીના મોવડીઓને ધારદાર રજૂઆત કરીને પોતાના પૂત્રને ટીકીટ આપવા આગ્રહ કર્યો હતો. લીલાધર વાઘેલાના આ ચીમકીથી ભાજપમાં ભારે હડકમ્પ મચી ગયો છે. તેમની ચીમકી બાદ પાર્ટીના મોવડીમંડળ દ્વારા ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. હવે જોવાનું છે કે ભાજપ લીલાધર વાઘેલાની ચીમકીને તાબે થઈ તેમના પુત્ર દિલીપ વાઘેલાને ટિકિટ આપશે કે કેમ ?

## ૨૦૧૭ની ચૂંટણી...

પાના નં .૧ ચાલુ

સૂચનો આપ્યા છે અને સૌની વાત સાંભળવામાં આવી છે. હવે આ અંગે વિચાર કરીને નિર્ણય લેવાશે. એમાં ક્યાંય નારાજગીની વાત આવતી નથી. નોંધનીય છે કે, ભાજપે એક પછી એક એમ બે ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે, જ્યારે કોંગ્રેસ તરફથી હજુ એક પણ યાદી જાહેર થઈ નથી. કોંગ્રેસ ૧૬ નવેમ્બરના રોજ પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારોના નામ જાહેર કરવાની હતી, પરંતુ હજુ સુધી એક પણ ઉમેદવારના નામની જાહેરાત થઈ નથી. રવિવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ કોંગ્રેસ ઉમેદવારોની યાદી જાહેર કરે એવી શક્યતા સેવાઈ રહી છે.

# પ્લાનિંગ કરીને સિઝેરિયન કરવાથી બાળકનું સ્વાસ્થ્ય સુધરે : સર્વે

મોટા ભાગે ડોકટરો પહેલાં નોર્મલ ડિલિવરી કરાવવાનો જ પ્રયત્ન કરતા હોય છે, પરંતુ ક્યારેક અધવચ્ચે કોમ્પ્લીકેશન્સ આવતાં અચાનક જ સિઝેરિયન સર્જરી દ્વારા બાળકને બહાર કાઢી લેવું પડે છે. આવી સ્થિતિ ઈમર્જન્સી સિઝેરિયન કહેવાય. કેટલાક અભ્યાસોમાં કહેવાયું છે કે જયારે આવી આકસ્મિક સિઝેરિયનની જરૂરિયાત ઊભી થાય ત્યારે એની અસર બાળકના શારિરીક-માનસિક સ્વાસ્થ્ય પર પણ પડે છે. તાજેતરમાં ચીનના અભ્યાસકર્તાઓએ તારવ્યું છે કે કે ડિલિવરી દરમ્યાન માતાના શરીરમાં ઊભાં થતાં સ્ટ્રેસ હોર્મોન્સને કારણે બાળકના બ્રેઈન પર વિપરીત અસર પડે છે. પહેલેથી જ સિઝેરિયન કરવાનું નક્કી થયું હોય તો નોર્મલ ડિલિવરી ન થયાનું સ્ટ્રેસમા નથી અનુભવતી અને એની પોઝિટિવ અસર બાળક પર પણ પડે છે.

નોર્મલ ડિલિવરી માટે ખૂબ પ્રયત્ન કર્યા પછી સિઝેરિયનથી અવતરેલાં બાળકો કરતાં પહેલેથી આયોજન કરીને સિઝેરિયન કર્યુ હોય એવાં બાળકો શાંત અને સ્વસ્થ હોય છે એટલું જ નહીં, તેમનો મેન્ટલ ગ્રોથ પણ સારો થાય છે. રિસર્ચરોએ નોંધ્યું હતું કે ડિલિવરી દરમ્યાન માને અત્યંત પીડા થતી હોય અથવા તો બહુ પ્રયત્ન છતાં નોર્મલ ડિલિવરી ન થાય અને સિઝેરિયન કરવું પડયું હોય એવાં બાળકોમાં ગુસ્સો અને ચંચળતા વધુ હોય છે.

ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચયઃ ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ........................................

## દાંતામાં શિક્ષિત ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સરળ સ્વભાવ તથા દરેક નાગરિકને સાથે રાખીને ચાલતા માલજીભાઈ કોદરવી ટીકીટ મેળવવામાં સફળ રહ્યા છે. ભાજપ દ્વારા દાંતા ગામ અને તાલુકામાં વસવાટ કરતા ઉમેદવારને પ્રથમવાર ટીકીટ ફાળવી છે તેથી પ્રજામાં ખુશાલી છવાઈ છે. કોંગ્રેસના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીની કાર્ય પ્રણાલિ સામે લોકોમાં અસંતોષ છે. ત્યારે સરસ્વતી તાલુકામાં મામલતદાર તરીકે ફરજ બજાવતા માલજીભાઈ કોદરવીની દાવેદારીના કારણે કોંગ્રેસમાં સોપો પડી ગયો છે. સ્વચ્છ પ્રતિભા ધરાવતા શિક્ષિત ઉમેદવાર માલજીભાઈ કોદરવીને ટીકીટ મળતા ખાસ કરીને યુવાનોમાં જોમ અને જુસ્સો છવાયો છે. તેથી તાલુકાભરમાં આતશબાજી સાથે લોકોએ તેમની દાવેદારીને આવકારી છે.

## વર્ષ ૨૦૧૮માં અનેક...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને ત્યારબાદ શનિવાર અને રવિવાર હોવાથી ત્રણ દિવસ માટે કોઈપણ જગ્યાએ જવાની યોજના બની શકે છે. આ પહેલા પણ આવી જ સ્થિતિ સર્જાશે. કારણ કે, બ૨૨મી જાન્યુઆરીના દિવસે વસંત પંચમી છે. સોમવારથી પહેલા વિકેન્ડ અને ત્યારબાદ સોમવારે વસંત પંચમી છે જેથી આની પણ મજા માણી શકાય છે. ફેબ્રુઆરી મહિનામાં પણ ૧૩મી ફેબ્રુઆરીના દિવસે મહાશિવરાત્રી છે. જેથી સોમવારના દિવસે વધારાની રજા લઈને ફાયદો લઈ શકાશે. મંગળવારના દિવસે મહાશિવરાત્રિની રજા છે.માર્ચ મહિનામાં બીજી માર્ચના દિવસે હોળી પર્વ રહેશે. ત્યારબાદ શનિવાર અને રવિવારના દિવસે રજા રહેશે. શુક્રવારના દિવસે હોળી હોવાથી શનિવાર અને રવિવારના દિવસે રજા રહેશે એટલે કે પરિવાર સાથે સમય ગાળવા ચાર દિવસ મળશે. ૨૯મી માર્ચના દિવસે મહાવીરજયંતિ છે. ૩૦મી માર્ચે ગુડફ્રાઈડે છે. ત્યારબાદ શનિવાર અને રવિવાર છે. એટલે કે માર્ચ મહિનામાં લાંબા વિકેન્ડ મળશે. એપ્રિલ મહિનામાં આંશિક નિરાશા રહેશે. અલબત્ત આ મહિને રામનવમી અને હનુમાનજયંતિ જેવા મોટા તહેવાર છે પરંતુ આ તહેવાર સપ્તાહની વચ્ચે છે. મે અને જૂન મહિનામાં માત્ર કામ ઉપર ધ્યાન આપવું પડશે. ૧૫મી જૂનના દિવસે શુક્રવારના દિવસે ઈદ તહેવાર રહેશે ત્યારબાદ શનિવાર અને રવિવારના દિવસે રજા રહેશે. ઓગસ્ટમાં તહેવારોની શરૂઆત થાય છે.

આ મહિને રક્ષાબંધન, કૃષ્ણ જન્માષ્ટમીના પર્વ આવશે. ત્યારબાદ સપ્ટેમ્બર ઓકટોબર અને નવેમ્બરમાં તહેવારો રહેશે. ૧૮-૧૯ ઓકટોબરના દિવસે દુર્ગાનવમી અને દશેરાની, ગુરુવાર અને શુક્રવારના દિવસની રજાને શનિવાર અને રવિવારને સામેલ કરવામાં આવે તો ચાર રજા થશે. નવેમ્બર મહિનાની શરૂઆત ધનતેરસ અને દિવાળી જેવા પર્વ સાથે થશે. ૨૫મી ડિસેમ્બરે ક્રિસમસ પર્વની ઉજવણી કરવામાં આવશે. એકંદરે વર્ષ ૨૦૧૮માં અનેકરીતે રજાઓનો માહોલ રહેશે. રજાઓની મસ્તી સમગ્ર વર્ષ દરમિયાન રહી શકશે.

## ગુજરાત ચૂંટણીમાં ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ચૂંટણીને ધ્યાનમાં લઈને પાર્ટીએ એક અલગ પ્રકારની વ્યૂહરચના અપનાવી છે. પાટર્ટીએ નબળા બૂથની ઓળખ કરી લીધી છે અને એવા નબળા બૂથ ઉપર મજબૂતી માટે ૧૦ની જગ્યાએ ૩૦ વર્કરોને તૈનાત કરવાનો નિર્ણય કરાયો છે. પાર્ટીની સમગ્ર રણનીતિ બૂથ મેનેજમેન્ટ પર કેન્દ્રિત છે. જે વિધાનસભા ક્ષેત્રોમાં તેમની સ્થિતિ ખુબ મજબૂત છે ત્યાં પાર્ટી તરફથી પહેલાથી જ નક્કી કરવામાં આવેલી સિસ્ટમથી બૂથ પર કામકાજ કરવામાં આવશે પરંતુ જે વિધાનસભા ક્ષેત્રોમાં પાર્ટીની સ્થિતિ નબળી છે તેવી સીટો ઉપર નવી રીતે રણનીતિ અપનાવવામાં આવી છે. ભાજપની રણનીતિ છે કે, મજબૂત બૂથ ઉપર વધારે ભાર મુકવામાં આવે. કેમ કે વધુને વધુ મતદાન થવા માટેની બાબત મહત્વપૂર્ણ છે. ભાજપ સમર્પિત મતદારો કોઈપણ કિંમતે બૂથ ઉપર પહોંચે તે જરૂરી છે. આવી જ રીતે નબળા બૂથ ઉપર એવા વોટરોની ઓળખ કરવામાં આવશે જે કોઈને કોઈ કારણસર ભાજપથી દૂર રહ્યા છે. આવા ઓળખી કાઢવામાં આવેલા વોટરો સુધી પહોંચીને તેમની ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે અને ત્યારબાદ પાર્ટીની તરફેણમાં લાવવામાં આવશે. પાર્ટીના સુત્રોનુ ંકહેવું છે કે, આ પ્રકારના દરેક બુથ ઉપર ઓછામાં ઓછા ૩૦ વર્કરો મુકવામાં આવી રહ્યા છે. એટલે કે એક વર્કરને ૨૫થી ૩૦ વોટર સુધી પહોંચવાની જવાબદારી સોંપાઈ છે. એટલે કે એક પેજ પર જેટલા વોટરોના નામ નોંધાયેલા હોય થ્છે તેમના માટે એક વર્કર તૈનાત કરાશે. આરીતે વર્કર માટે પણ કામ કરવાની બાબત સરળ રહેશે. પાર્ટીના નેતાઓનું કહેવું છે કે, આ રીતે પસંદગીના બૂથ ઉપર જઈને જો પાર્ટી ૧૦ ટકા મત પણ લાવે છે તો તેની સીધી અસર થઈ શકે છે અને પાર્ટી ૧૫૦ પ્લસના મિશન સુધી પહોંચી શકે છે. આ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં કાર્યકરોની જરૂરિયાત દેખાઈ રહી છે. સ્થાનિકની સાથે સાથે પાર્ટીએ દેશભરના બીજા કાર્યકરોની મદદ પણ લીધી છે જે ગુ-જરાતમાં આવી ચુક્યા છે.

## અણદાભાઈ પટેલને...

પાના નં .૮ ચાલુ

આપવા પણ તૈયાર છે.

અણદાભાઈ ને ટીકીટ ન મળતા ફક્ત કાંકરેજ વિધાનસભામાં જ નહિ પણ તેમની નારાજગીનો બીજી ચાર થી પાંચ સીટો પર પણ ચોક્કસ અસર થશે તેવું લોકમતે ચર્ચાઈ રહ્યું છે. કાંકરેજની સીટ ભાજપને જીતવા માટે એક દમ સરળ હતું પણ ખબર નહિ કેમ પાર્ટી કાંકરેજની ચિંતા કરતી નથી ? સમગ્ર કાંકરેજ તાલુકામાં પણ ચર્ચાએ જોરદાર જોર પકડ્યું છે કે, અણદાભાઈને છેલ્લા ૦૩ ટર્મ થી ટીકીટ ન ફાળવીને કાંકરેજને કાયમી કોંગ્રેસનો ગઢ બનાવે છે. અને ચૂંટણી પહેલા જ આ શીટ કોંગ્રેસને સીધે સીધી આપી દે છે.

## ધાનેરા તાલુકામાં...

પાના નં .૮ ચાલુ

મગફળી ની આવક નોંધાઈ છે. જયારે સૌથી વધારે ઋણી ફલ ફલાદી મંડળીમાં અત્યાર સુધી અંદાજિત એક લાખ બોરી ને ટેકાના ભાવે ખરીદવામાં આવી છે. જયારે ધાનેરા બજાર સમિતિની વાત કરવામાં આવે તો બજાર સમિતિમાં દર વર્ષની જેમ મગફળીની આવક માં ૧૫ ટકા જેટલો ઘડાટો નોંધાયો છે. હાલ ધાનેરા બજાર સમિતિમાં કુલ ૭૦ થી ૭૫ હજાર બોરીની આવક નોંધવા પામી છે. ધાનેરા તાલુકામાં મોટા પ્રમાણમાં મગફળીની આવક જોવા મળી છે. જયારે આ વખતના વરસાદના કારણે જમીન તેમજ પાકને નુકશાન થયું છે. જેથી આવકમાં ઘટાડો પણ જોવા મળી રહ્યો છે.

## ગુંદરી ચેકપોસ્ટ...

પાના નં .૮ ચાલુ

કરતા સરવાળે પોલીસ બદનામ થઈ રહી છે. ત્યારે અડધી રાત્રે ખાનગી વાહનમાં ચેકપોસ્ટ ઉપર જવાનું કારણ શું ? તે પ્રશ્ન જિલ્લાભરમાં ચર્ચાના ચગડોળે ચડયો છે. આ મામલે જિલ્લા પોલીસ વડા ઘટતી કાર્યવાહી કરે તેવો જનમત પ્રવર્તે છે.

## કાંકરેજ ભાજપમાં...

પાના નં .૮ ચાલુ

શાંતિનો માહોલ સર્જાયેલ હતો. આ કાર્યક્રમમાં વર્તમાન ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરા સહિત મંચ પર કોંગ્રેસના તાલુકાના આગેવાનોની ઉપસ્થિતિમાં નિવૃત્ત પી.એસ. આઈ.બી.સી.ઠાકોરે પોતે ખુલ્લા દિલથી રજુઆત કરવા માંગે છે તે સાથે વર્તમાન ધારાસભ્ય ઘણા વર્ષોથી ચૂંટાય છે.હવે બીજાને તક આપો,ભણેલા નવયુવાનો સમાજમાં છે જેનાથી સમાજ અને વિધાનસભા મત વિસ્તારનો વિકાસ થાય. આ ભાષણથી હોહા મચી જવા પામી હતી તે સ્ટેજ પર બેઠેલા ધારાસભ્ય તથા સમર્થકોએ ઉભા થઈને ચાલતાં મામલો શાંત પાડવા પ્રયત્ન થયેલ પણ ભાષણ લંબાણપુર્વક ચાલતાંને છેલ્લે વર્તમાન ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરાએ કહ્યું હતું કે, લોકો મને વિશ્વાસથી ચૂંટી મોકલે છે મેં આજ દિવસ સુધી કોઈનું ખોટું કર્યું નથી. તાલુકાની જે થાય તે સેવા કરી છે. સ્નેહમીલન કાર્યક્રમ ઝડપથી આટોપાઈ ગયો હતો.

બીજી તરફ ભાજપની ટીકીટ મળતાં ખારીયા ગામે કીર્તિસિંહ વાઘેલાને શુભેચ્છા પાઠવવા લોકો ઉમટી પડતા જોવા મળ્યા હતા. કોંગ્રેસની ટીકીટ જાહેર થયા બાદ કેવી સ્થિતિ સર્જાય છે તે તરફ સૌની મીટ મંડાયેલી છે.

## મજાદર હાઈવે..

પાના નં .૮ ચાલુ

સવાર દોલાજી રામચંદજી રાજપુત (રહે. મજાદર તા. વડગામ)ના બાઈકને અડફેટે લેતા બાઈક ચાલક નીચે પટકાતા ટ્રકના પાછલા પૈડા નીચે આવી ગયા હતા. દરમ્યાન બાઈક ચાલકના બંન્ને પગ ઉપરથી ટ્રક પસાર થતાં દોલાજી રાજપુતના બંન્ને પગ ઉપર ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ દ્વારા પાલનપુરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

## ડીસા પંથકમાં...

પાના નં .૮ ચાલુ

કરવાનું માંડી વાળ્યું છે.

એક સમયે રાજયભરમાં ઉંચી ગુણવત્તાના કારણે ડીસાના બટાટાની ખૂબ સારી માંગ હતી સમગ્ર રાજયમાં ડીસાના બટાટાની બોલબાલા રહેલી હતી ત્યારે બટાટાના વાવેતરનો વિસ્તાર વધતો ગયો પરંતુ આજે ગુજરાતના ચારથી પાંચ જિલ્લાઓમાં બટાટાનું વાવેતર થઈ રહ્યું છે જેનાથી બટાટાના ભાવો ન મળતા ખેડૂતોને લાખોનું નુકશાન ભોગવવું પડી રહ્યું છે તેમ છતાં ડીસા પંથકના ખેડૂતોએ હિંમત ન હારતા ફરી પાછી રવિ સિઝનમાં બટાટાના વાવેતરનો પ્રારંભ કરતા અત્યાર સુધી ૧૫ હજાર હેકટરમાં વાવેતર કરી દીધું છે. અને હજુ પણ વાવેતર ચાલુ છે. બટાટાના બિયારણનો ઓછો ભાવ હોવાના કારણે એક અંદાજે ગત વર્ષ જેટલું વાવેતર થવાની પણ સંભાવના જોવાઈ રહી છે. પણ અમુક ખેડૂતો અન્ય પાકો કરતા હોવાથી રવિપાકમાં બટાટાનું વાવેતરમાં ૧૦ થી ૨૦ ટકા જેટલું ચોક્કસ ઘટશે. તેમ જણાઈ રહ્યું છે.

# વિચારોના ચકરાવમાં જડી જનારા લોકો વધુ સ્માર્ટ અને સર્જનાત્મક હોય છે : અભ્યાસ

ધોળે દિવસે અને ખુલ્લી આંખે કલ્પનાવિશ્વમાં સરી પડતા લોકોને મોટા ભાગના લોકો ધૂની માને છે, પરંતુ જે લોકો સહજતાથી આવું કરી શકે છે તેઓ અન્યો કરતા વધુ સ્માર્ટ અને ક્રીએટિવ હોય એવી સંભાવના વધુ છે. અમેરિકાની જયોર્જિયા ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના સાઈકોલોજીના નિષ્ણાતોએ ૧૦૦ લોકોના મગજનું સ્કેનિંગ કરીને તેમના મગજની કાર્યપ્રણાલીને સમજવાનો પ્રયત્ન કર્યો હતો.

આ પ્રયોગ દરમ્યાન તમામ પાર્ટિસિપન્ટસને પાંચ મિનિટ માટે કોઈ એક જ જગ્યાએ જોતા રહેવાનું કહેવામાં આવ્યું હતું. ત્યાર બાદ પાર્ટિસિપન્ટસની બૌદ્ધિ અને સર્જનાત્મક પરીક્ષાઓ પણ કરવામાં આવી. આ પ્રયોગ દરમ્યાન અભ્યાસકર્તાઓએ એવું તારવ્યું હતું કે જે લોકો વિચારોના ચકરાવે ચડી જતા હતાં તેમની બૌદ્ધિક ક્ષમતા ઉંચી હતી એટલું જ નહીં, સર્જનાત્મકતાની બાબતમાં પણ તેઓ વધુ મૌલિક હોય છે. આ વાત તેમના મગજના સ્કેનમાં પણ સ્પષ્ટ થતી હતી.

# મોંમાં ચાંદા પડ્યા હોય તો કુંવારપાઠાથી ફાયદો થાય છે : સર્વે

(જી.એન.એસ) શિકાગો

ગલોફાંમાં ચાંદા પડ્યાં હોય કે લાલાશ આવી ગઈ હોય તો મોડર્ન મેડિસિનમાં વિટામિન્સની ઉણપ થયાનું નિદાન થાય છે. જયારે મોંમાં ચાંદા પડ્યાં હોય ત્યારે કોઈપણ પ્રકારની ટૂથપેસ્ટ વાપરવાથી કેમિકલ્સના ઈરિટેશનને કારણે સમસ્યા વધુ વકરી શકે છે.

જોકે અમેરિકાના નિષ્ણાતોનું કહેવું છે કે સાદી ટૂથપેસ્ટની સરખામણીમાં કુંવારપાઠું ધરાવતી હોય એવી ટૂથપેસ્ટથી મોઢાની સ્વચ્છતા ઘણી જ સારી રહે છે. શિકાગો યુનિવર્સિટીના રિસર્ચરોનુ કહેવું છે કે કુંવારપાઠાની અંદરનો ટ્રાન્સપરન્ટ જેલી જેવો ગર પેઢાની સ્કિન તેમજ ગલોફાંની સ્કિનના ઈન્ફેકશન, ચાંદાં, ઘા કે સડા જેવી તકલીફો માટે વપારી શકાય છે.

કુંવારપાઠું ગલોફાંની ત્વચાનું ઈરિટેશન પણ શમાવે છે. આ જ કારણોસર હવે માર્કેટમાં અલોવેરા ધરાવતી ટૂથપેસ્ટ મળતી થઈ ગઈ છે. ટૂથપેસ્ટને બદલે વારંવાર મોં આવી જતું હોય ત્યારે અઠવાડિયામાં એકાદ વાર અલોવેરાનો ગર ગલોફાંમાં લગાવવાથી રાહત થઈ શકે છે.

# દારૂ-સિગારેટ પીનારા લોકો સાચી ઉંમર કરતાં જલ્દી ઘરડા થાય છે : અભ્યાસ

(જી.એન.એસ) લંડન

જો તમે ઉંમર કરતાં વધુ ઘરડા ન દેખાવા માગતા હો તો દારૂ પીવાનું અને સિગારેટ ફુંકવાનું બંધ કરી દેવું જોઈએ. ડેન્માર્કની કોપનહેગન યુનિવર્સિટીના નિષ્ણાંતોનું કહેવું છે સિગારેટ અને દારૂ પીવાથી આંતકિ અવયવોની કાર્યક્ષમતા ઘટે છે અને એમાં થતો ઘસારો અને ડેમેજ શરીરને અંદરથી ખોખલુ કરે છે. જોકે અંદરથી ડેમેજ થતું શરીર બહારથી યંગ દેખાઈ શકતું નથી. ૧૧,૫૦૦ પુષ્તોના દેખાવ, વ્યસન અને હેલ્થનો ડેટા તપાસીને અભ્યાસકર્તાઓએ નોધ્યું હતું કે જે લોકો બેફામ માત્રામાં દારૂ-સિગારેટ પીએ છે તેઓ વહેલા ઘરડા થવા લાગે એવી સંભાવના ૩૩ ટકા વધુ છે. ત્વચા, આંખો, ચહેરાનો શેપ અને શરીરમાં ચરબીની જમાવટ દ્વારા વ્યકિત પોતે હોય એના કરતાં લગભગ ચારથી પાંચ વર્ષ વધુ ઘરડી જણાય છે.

## રાધનપુરમાં કોંગ્રેસના ડોર ટુ ડોર પ્રચારમાં લોકોએ સમસ્યાઓ પ્રત્યે હૈયાવરાળ કાઢી



રાધનપુર

રાધનપુર શહેરમાં વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રદેશ કોંગ્રેસના ડોર ટુ ડોર અભિયાન અંતર્ગત કાર્યકરો દ્વારા વોર્ડ નં. ૯ થી શુભારંભ કરવામાં આવ્યો હતો, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર,કેશાજી ઠાકોર,બળવંતજી ઠાકોર,લઘુમતી સેલના પ્રમુખ ફારૂકભાઈ મેમણ,તાલુકા યુવા પ્રમુખ લક્ષમણભાઈ આહીર,મોહસીનખાન પઠાણ,શેરખાન અને જિલ્લા પંચાયતના સદસ્ય કરશનભાઇ ચૌધરી સહિતે મસાલી રોડ ઉપરની વલ્લભનગર,શિવશક્તિ,વિઠ્ઠલનગર,વીરનગર સહીત અન્ય વિસ્તારોમાં ડોર ટુ ડોર ફરીને લોકોનો સંપર્ક કરીને પક્ષનો પ્રચાર કર્યો હતો,કોંગ્રેસના કાર્યકરો સમક્ષ લોકોએ વિવિધ સમસ્યાઓ અંગે હૈયાવરાળ કાઢી હતી,જેમાં વલ્લભનગર અને શિવશક્તિ સોસાયટીમાં ગંદુ પાણી આવતું હોવાની અને વિઠ્ઠલનગર તેમજ અન્ય વિસ્તારોમાં ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટરો દ્વારા ગટરનું કામ કર્યા પછી પુરાણ કર્યા વગર જ ખાડા મૂકીને ભાગી ગયા હોવાનું તેમજ પાલિકા દ્વારા રોડના કામ બાદ સાઈડો પૂર્યા વગર જ જતા રહ્યા હોઈ લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે તેવા આક્રોશ સાથે રજૂઆતો કરી હતી.

## રસુલપુરના સીમના ખેતરમાં છરી બતાવી દુષ્કર્મ આચરતા ફરિયાદ

મહેસાણા

ખેરાલુના રસુલપુરમાં ખેતરમાં બનાવેલ છાપરામાં રહેતા એક ઈસમની સગીર પુત્રી પર દારૂડીયાએ છરી બતાવી એરંડાના ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ આચરતા ખેરાલુ પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. જાણવા મળતી વિગતો અનુસાર વિસનગર કડા દરવાજા ટેબાવાસમાં રહેતા એક મહિલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેણીની સગીર દિકરી તા.૧૨/૧૧/૧૭ ના રોજ રસુલપુર ગામે ખેતરના છપરામાં રોટલા બનાવી રહી હતી તે વખતે રણસીપુર છાપરામાં રહેતો ઠાકોર ચેતનજી કનુજી દારૂ પીને આવેલો અને સગીરા સાથે છેડછાડ કરી હતી. અને કમરમાં ભડાવેલી છરી કાઢી તેણીને ઉપાડી નજીકના એંરડાના ખેતરમાં લઈ ગયો હતો અને બળજબરીથી દુષ્કર્મ આચરી ધમકી આપી હતી કે આ બાબતની કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. તેમ છતાં આ અંગેની ફરિયાદ ખેરાલુ પોલીસમાં નોંધાવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## પાટણથી અનાવાડા જતી જીપમાંથી પેસેન્જર નીચે પટકાતા ગંભીર ઈજા

પાટણ

પાટણમાં કનસડા દરવાજા પાસેથી અનાવાડા તરફ ભાડેથી ફરતી પેસેન્જર જીપો સવારથી મોડી સાંજ સુધી અવરજવર કરે છે. ત્યારે આ જીપોની અંદર ઘેટાં બકરાંની જેમ પેસેન્જરોને ભરવામાં આવતા હોય છે. જીપની બહાર પણ આઠ જેટલા પેસેન્જરો લટકેલા હોય છે અને જીપચાલક બેફામ જીપ ચલાવતા હોય છે ત્યારે ક્યારેક અકસ્માત સર્જાય છે તે પછી જીપ ચાલક પેસેન્જરોને મદદ કરવાના બદલે તોછડાઈભર્યું વતન કરતા હોય છે. ત્યારે ગત શનિવારે અનાવાડાનો રહીશ જીમખાના પાસે જીપમાંથી નીચે પડી જતાં તેને બંને પગે ઈજા થઈ હોવા છતા જીપ ચાલકે કોઈ મદદ કે આશ્વાસન આપ્યા વિના જીપ દોડાવી મુકી હતી. આવા બનાવો અનેકવાર બનતા હોય છે. છતાં પોલીસ દ્વારા કોઈપણ જાતની દંડકીય કાર્યવાહી થતી નથી.અત્રે નોંધવું ઘટે કે કનસડા દરવાજા પાસે જીપ ચાલકોના અડ્ડાના કારણે ટ્રાફિક સમસ્યા વધી છે. ગમે ત્યાં વાહનો પાર્ક કરતા હોવાથી એમ.એન. હાઈસ્કુલ તરફ આવ- જા કરતા વિદ્યાર્થીઓને પરેશાન થવુ પડતું હોય છે. તેમજ રાણીની વાવ તરફ જતા આવતા વિદેશી નાગરિકોના વાહનોને અહીંથી નિકળવું મુશ્કેલ થઈ પડે છે. આ અંગે ટ્રાફિક પોલીસ દ્વારા જીપ ચાલકો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## રાધનપુર રોટરી કલબ દ્વારા અમરાપુરમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

કમલ ચક્રવર્તી



રાધનપુર

રાધનપુર રોટરી ક્લબ દ્વારા રવિવારે અમરાપુર ગામે ક્ષેત્રપાલ દાદાના મંદિરના પ્રાંગણમાં સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો, જેમાં છેવાડાના ગામના ૩૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો,આ કેમ્પમાં સ્ત્રીરોગ, ચામડીના રોગ,બાળરોગ,દાંતના રોગ,હ્રદયરોગ,બ્લડપ્રેસર સહિતના તમામ રોગો માટે નિદાન કરીને સારવાર કરવામાં આવી હતી,અને દવા પણ આપવામાં આવી હતી,આ પ્રસંગે ડો.પ્રવીણ ઓઝા, ડો.આર. એન.નૌલખા,ડો.વિષ્ણુ ઝૂલા,ડો.મુનીર અજમેરી,ડો.ભાર્ગવ પટેલ,ડો.ધવલ રાઠી,ડો.મિતેષ ઠક્કરે દર્દીઓનું નિદાન કરીને સારવાર આપી હતી,જયારે જગદીશભાઈ કોટક અને સરદારખાન મલેક દ્વારા ગામમાં કેમ્પ યોજવા માટે તમામ સગવડ કરી આપવામાં આવી હતી.

### પાટણ શહેરમાં મતદાન જાગૃતિનું મહા અભિયાન

## પ્રાથમિક-માધ્યમિક શાળાઓના સેકડો વિદ્યાર્થીઓ મતદાન જાગૃતિ રેલીમાં જોડાયા




પાટણ

પાટણ જિલ્લામાં યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન મતદાતાઓને મહત્તમ મતદાન કરાવવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે પાટણ શહેરમાં સ્વીપના નોડલ ઓફિસર-જિલ્લા શિક્ષણાધિકારી સંજય વ્યાસ, ૧૮-પાટણના મદદનીશ ચૂંટણી અધિકારી એન.કે.ભગોરા અને ૧૮-પાટણના સ્વીપના નોડલ ઓફીસર તુલસીભાઈ પરમારના માર્ગદર્શન તળે નગરની માધ્યમિક અને પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની મતદાન જાગૃતિ રેલીઓ યોજાઇ હતી. જેના ભાગરૂપે બી.ડી. સાર્વજનિક વિદ્યાલય, સુરમ્ય પ્રાથમિક શાળા, વનરાજ પ્રાથમિક શાળા, એમ.એન. હાઇસ્કૂલ, કે.કે. ગર્લ્સ હાઇસ્કુલ, ન્યુ ઈરા હાઇસ્કુલના વિદ્યાર્થીઓએ રાજકાવાડા, લોટે-શ્વર થઈને સાલવીવાડોસુધી, આશિષ વિદ્યાલય, ગાંધી સુંદરલાલ, એન.બી.સૈયદ શાળાઓના વિદ્યાર્થીઓએ બુકડી, બોકરવાડો, રાજકાવાડો સુધી, વી.કે.ભુલા, બોમ્બે મેટલ હાઇસ્કુલ, બી.એમ. હાઇસ્કુલના વિદ્યાર્થીઓ પ્રગતિ મેદાન થઇ નાણાવટી પ્રાથમિક શાળાથી પાછલા રસ્તેથી બગવાડા, વણકરવાસ, કૈલાસ નગર, સોનલ સોસાયટી, રજનીપાર્ક સુધી, નીમા હાઇસ્કુલ, ગોપાલક હાઇસ્કુલ, જ્ઞાનજ્યોત હાઇસ્કુલ, જાફરી હાઇસ્કુલ, આનંદ પ્રકાશ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પાયલ પાર્ક સોસાયટી, વાળીનાથ ચોક, ઉપવન સોસાયટીસુધી, એક્સપેરીમેન્ટલ હાઇસ્કુલ, ચિલ્ડ્રન પાર્ક સ્કુલ, આદર્શ હાઇસ્કુલ, શીશુમંદિર સ્કુલના વિદ્યાર્થીઓ એપારેવા સર્કલ, ડાયટસુધી, વી.એમ.દવે સ્કુલ, ગુમડા મસ્જીદ પ્રાથમિક શાળા, નુતન હાઇસ્કુલના વિદ્યાર્થીઓએ હિંગળાચાચર, બગવાડા સુધી, પ્રેરણા મંદિર શાળાના વિદ્યાર્થી ઓએ મહાદેવ નગર, ગાયત્રી મંદિર, ચિત્રકૂટ સોસાયટી, આનંદ સરોવરસુધી, તારાબેન પ્રા.શાળા, ગોપલ ભુવન, ઘીમટા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએઘીમટાથી શરૂ થઇ વેરાઇ ચકલા, તારાબેન શાંતાબા હોલસુધી, જ્ઞાનમંદિર હાઇ સ્કુલના વિદ્યાર્થીઓએ પદમનાથ થી અખંડ આનંદ, યશ બંગ્લોઝ, ટેલિફોન એક્સચેન્જ રોડ, જીવનધારા સુધી, શાંતિનિકેતન હાઇસ્કુલના વિદ્યાર્થીઓએ અંબાજી નેળીયું છેક સુધી અને ગુરુકુળ હાઈસ્કૂલ, હાંસાપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ હાંસાપુર ગામમાં વિવિધ રેલીઓ વિચરણ કરી નગરજનોને મહત્તમ મતદાનનો સંદેશ પાઠવ્યો હતો.

## રાધનપુરમાં મુતરડીની ગંદકીથી વેપારીઓ ત્રાહિમામ


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં નગરપાલિકા કચેરીની બાજુમાં પાલિકા દ્વારા જ બનાવવામાં આવેલ સરદાર કોમ્પ્લેક્સમાં છેલ્લા કેટલાક સમયથી મુતરડીની ગંદકીથી વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે,

મુતરડીની દીવાલને અડીને જ પાલિકાની કચેરી આવેલી હોવા છતાંય અને વેપારીઓ દ્વારા અવાર-નવાર રજૂઆતો કરવા છતાંય પાલિકાના સત્તાધીશો દ્વારા ગંદકીનો કોઈ જ નિકાલ કરવામાં આવતો નથી, ગંદકી જાહેર માર્ગ ઉપર આવતી હોવાથી કોમ્પ્લેક્સમાં આવતા ગ્રાહકોને પણ હાલાકી પડી રહી છે, આ બાબતે પાલિકા દ્વારા મુતરડીની ગંદકીનો કાયમી ઉકેલ લાવવો જોઈએ તેવી વેપારીઓની માંગ છે.

## પાટણ ખાતે ચૂંટણીના માઈક્રો ઓબ્ઝવર્સને તાલીમ અપાઈ



પાટણ

પાટણ જીલ્લામાં વિધાનસભાની ચાર બેઠકો માટે તારીખ ૧૪ ડિસેમ્બરે યોજાનારા મતદાનના દિવસે મતદાનની પ્રક્રિયાનું માઈક્રો ઓબ્ઝર્વેશન કરવા માટે ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલા માઈક્રો ઓબ્ઝવર્સને મતદાન પ્રક્રિયાથીઅવગત કરવા જીલ્લા ચૂંટણી તંત્રદ્વારા પાટણ ખાતે એક દિવસીય તાલીમનું આયોજન કરાયું હતું.ચૂંટણી પંચના કેન્દ્રીય ઓબ્ઝર્વરની સંલગ્ન કામગીરી માટે નિયુક્ત કરાયેલા વિવિધ અર્ધ સરકારી એકમો અને અન્ય ગવર્મેન્ટ અંડરટેકીંગ એકમોના બી કેટેગરી સુધીના અધિકારીઓને ઈવીએમ વીવીપેટસહિત મતદાન પ્રક્રિયા દરમ્યાન લેવામાં આવનાર પગલાં, તકેદારીઓ વગેરે બાબતો માટે ઓડિયો-વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન સાથે માર્ગદર્શન અપાયું હતું. માસ્ટર ટ્રેઈનર અને નિર્વાચન અધિકારીશ્રી એસ. ડી.ગીલવાએ મતદાન સંદર્ભે ચૂંટણી પંચની ખાસ એપ,સોશિયલ મીડિયા સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું.૨૬૦ જેટલા માઈક્રો ઓબ્ઝવર્સને તાલીમ જીલ્લા ચૂંટણી અધિકારી જે.જે. પટેલ અને નોડલ અધિકારીશ્રી સુનીલ પી. ચૌધરીએ પણ માર્ગદર્શન આપ્યું હતું.

## મોઢેરામાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ઈસમની લાશ મળી

મહેસાણા

મોઢેરામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં બે દિવસ અગાઉ કોઈ અજાણ્યા ઈસમોએ એક ઈસમને ગળામાં અને હાથપગે સુતરની દોરી બાંધી મારી નાંખીને કેનાલમાં ફેંકી માર્યાની ઘટનાથી ચકચાર મચી છે.

જાણવા મુજબ મોઢેરા રાજપુતવાસમાં રહેતા સોલંકી સંદિપસિંહ રણજીતસિંહએ મોઢેરા પોલીસમાં નોંધાવેલ ફરિયાદ મુજબ તા.૧૪/૧૧/૧૭ પહેલાં કોઈ અજાણ્યા ઈસમોએ એક ૪૫ વર્ષીય ઈસમને ગળાના ભાગે અને હાથપગે સુતરની દોરી બાંધી તેની હત્યા કરી તેની લાશ મોઢેરા નજીકની નર્મદા કેનાલમાં ગેટ નંબર પાંચની પાસે ફેંકી દઈ નાસી ગયા હતા. જેની ગત રોજ ફરિયાદ નોંધાવામાં આવી હતી.

## પાટણમાં બગવાડા દરવાજા નજીક લારી ગલ્લાના દબાણોથી ટ્રાફિક સમસ્યા ગંભીર

પાટણ

પાટણમાં વેરાઈ ચકલાથી તિરૂપતિ માર્કેટ અને બગવાડા દરવાજા તરફ જવાના માર્ગ પર લારી ગલ્લાના દબાણો વધતા વાહન ચાલકોની સાથે આ માર્ગ પર આવેલ દુકાન માલિકો પણ ત્રાસી ઉઠ્યા છે. જ્યારે આજ લાઈનમાં ટ્રાવેલ્સ કંપની લક્ઝરી બસો સાંજે સતત બે કલાક ઉભી રહેતા આ રસ્તો લગભગ પેક થઈ જતાં તિરૂપતિમાં જતા આવતા વાહન ચાલકોને પરેશાન થવું પડતું હોય છે. શહેરમાં પાલિકા દ્વારા દબાણ હટાવવાની પ્રવૃત્તિ ચાલે છે પરંતુ જ્યાં વર્ષોથી દબાણો થાય છે ત્યાંથી દબાણો દૂર થતા નથી. તેથી ટ્રાફિક સમસ્યા જૈસે થે જેવી જ બની રહે છે. પાલિકાએ અગાઉ હિંગળાચાચર ચોકમાંથી ટાંકી પાસેની ચારેક દુકાનો તોડી કાઢીને માર્ગ ખુલ્લો કર્યો હતો. ત્યાં હવે ફરી લારી -ગલ્લાના દબાણો થયા છે. દબાણ કરનારાઓ પોતાની મરજી મુજબ લારીઓ ઉભી રાખે છે એટલે મુખ્ય માર્ગ પરથી જતાં આવતા વાહન ચાલકોને પરેશાન થવું પડે છે. અથવા ગમે તે રીતે અકસ્માત સર્જાય છે. તે રીતે પીંપળાશેરના નાકે દબાણ હેઠળ ચાની લારી ચાલે છે, અને અહીં ટ્રાફિક સમસ્યા સર્જાતી હોવા છતાં પોલીસ મુક પ્રેક્ષકની જેમ બધું જોઈ છે અને દબાણો દૂર કરવામાં આવતા જ નથી.

## આજે યાત્રાધામ બહુચરાજીમાં આનંદ ગરબા પરિવાર દ્વારા રસ - રોટલીની પ્રસાદી થશે

ચાણસ્મા

આજથી ૩૪૧ વર્ષ પૂર્વે બહુચર માતાજીએ તેમના પરમ ભક્ત વલ્લભ ભટ્ટજીની આબરૂ જાળવવા તેમની નાતને ભર શિયાળે રસ મળવો જ મુશ્કેલ હતો તેવા સમયે રસ - રોટલીનું જમણ આપ્યું હતું. આ ઐતિહાસિક ઘટના માગસર સુદ બીજને સોમવારનો દિવસ હતો આવો દિવ્ય સંયોગ આ વર્ષે પણ રચાયો છે. આગામી ૨૦ નવેમ્બરને સોમવારે માગસર સુદ બીજ નિમિત્તે યાત્રાધામ બહુચરાજીમાં બેચર - બહુચરાજી આનંદ ગરબા પરિવાર દ્વારા મા બહુચરના પરચાને જીવંત રાખવા રસ - રોટલી તથા મહાઅન્નકૂટના મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરાયું છે.

તા.૨૦ મી નવેમ્બરને સોમવારે સવારે ૧૦-૩૦ થી બપોરે ૨ વાગ્યા સુધી મુખ્ય મંદિર તેમજ વલ્લભભટ્ટ દાદાના ઓરડે મહાઅન્નકૂટ ભરવામાં આવશે. ત્યારબાદ સાંજે ૭ થી ૧૦ વાગ્યા સુધી રસ - રોટલીનો પ્રસાદ ભક્તોને વહેચવામાં આવશે. અમદાવા તેમજ માઈભક્તો દ્વારા ૧૫૦૦ લિટર રસનો પ્રસાદ અપાશે. બહુચર આનંદ ગરબા પરિવાર દ્વારા ૩૫૧ કિલો અન્નકૂટ તેમજ વરખડી મંદિરે લાડુનો ગોખ ભરવામાં આવશે.

આ ઐતિહાસિક ઘટનાનું વર્ણન કરતા માઈભક્તોએ જણાવ્યું કે, આજથી આશરે ૩૪૧ વર્ષ પૂર્વે બનેલી ચમત્કારિક ઘટના છે. બહુચર માતાજીના પરમભક્ત વલ્લભ અને ધોળાભટ્ટ બહુચરાજીમાં રહેતા હતા. માતાજીએ સ્વપ્નમાં આવીને કહ્યું કે, તમારા માતાજી સ્વર્ગસ્થ પામ્યા છે. તો તમારે અમદાવાદ જવું પડશે. તેઓ અમદાવાદ પહોંચ્યા ત્યારે જ્ઞાતિજનોએ ભટ્ટજી પાસે જ્ઞાતિભોજન માગ્યું. ભટ્ટજીએ માતાજીને પ્રાર્થના કરી કે હે, મા હું તો નિર્ધન છું. આ સ્થિતિમાં અમારાથી કોઈ જ્ઞાતિભોજન થાય તેમ નથી. માતાજીએ ધરપત આપતાં કહ્યું છું કે, કલ્પવૃક્ષનો આશ્રય મળ્યા પછી ભકતને શાનું દુ:ખ? તમે જ્ઞાતિજનોને ઈચ્છિત ભોજન જમાડો. હું તમારી સાથે છું. માતાજીના નિર્દેશ પ્રમાણે તેઓ અમદાવાદ ગયા. જ્ઞાતિજનોએ માગસર માસ હોવા છતાં ભટ્ટજીનો ઉપહાસ કરવા રસ - રોટલીનું ભોજન માગ્યું અને વલ્લભ ભટ્ટજીએ તરત જ હા પાડી દીધી. એમને પાછળથી ખ્યાલ આવ્યો કે માગસર માસમાં કરી ક્યાંથી મળે ? એટલે ભોજનના દિવસે વલ્લભ અને ધોળાભટ્ટે દૂધેશ્વર સ્મશાનગૃહની વાટ પકડી. મધ્યાહન થતાં જ્ઞાતિજનો જમવા આવવા લાગ્યા. કોઈ તૈયારી ના જોઈને ભટ્ટજીને કપડી - પાંખડીના વિરેષણની ટીખળ કરવા લાગ્યા. આ સમયે બહુચર માતાજીએ વલ્લભરામનું અને નરસંગ વીરદાદાએ ધોળાભટ્ટનું રૂપ ધારણ કરી ભક્તની લાજ રાખતા આખી નાતને રસ - રોટલીનું ભોજન જમાડયું. આ દિવસે માગસર સુદ બીજને સોમવાર સંવત - ૧૭૩૨ ની સાલ હતી.

'ભટ્ટજીને જ્યાં મહેણું દે,
માં બહુચરની બોલ્યા જય
સત્તરસો બગીચાની સાલ,
માગસર સુદ બીજને સોમવાર
બહુચર માના નામે કરી,
નોતરાં સૌને દીધાં ફરી
રસ - રોટલીની માંગી રાત,
સ્વીકારી ભટ્ટજીએ વાત'

## બહુચરાજી વિસ્તારમાં નર્મદા યોજના દ્વારા બનાવેલી પેટા કેનાલોનાં કામોમાં વ્યાપક ગેરરીતિ



ચાણસ્મા

બહુચરાજી વિસ્તારમાં નર્મદા યોજના દ્વારા બનાવ વામાં આવેલી માઈનોર, સબ માઈનોર અને પેટા કેનાલોનાં કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરાયો હોવાની પોલ આ કેનાલોમાં પહેલી જ વાર શંખલપુર ગામની સીમમાં કેનાલોમાં ગાબડાં પડતાં કેનાલ કાંઠાના ખેતરોમાં પાણી ભરાઈ રહેતાં ઉભા પાકાને વ્યાપક નુકશાન થયું છે.

સાપાવાડા ગામ પાસેથી પસાર થતી સાપાવાડા-સૂરજ ઙ્ઙી માઈનોર કેનાલમાં બુધવારે રાત્રે ગાબડું પડ્યું હતું. કેનાલની કૂંડી પાસે જ કેનાલમાં બોગદું પડતાં આ પાણી આસપાસના ખેતરોમાં ભરાઈ ગયું હતું. આવી જ હાલત શંખલપુર-ડોડીવાડા ગામની સીમમાં જોગણી માતાના મંદિર પાસે કેનાલ તૂટી હતી. જેનું પાણી ખેતરમાં ઉભા પાકમાં ફરી વળતાં ખેડૂતોને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.આ વિસ્તારના ખેડૂતોએ આક્રોશ ઠાલવતાં જણાવ્યું કે, ખેતરોમાં બોરનું પાણી પહોંચાડવા માટે માટીના કાચા ઢાળિયા બનાવવામાં આવે છે, પરંતુ વર્ષો સુધી ઢાળિયા તૂટતા નથી. પરંતુ લાખો-કરોડોના ખર્ચે અનુભવી-તજજ્ઞોની દેખરેખ હેઠળ બનતી કેનાલો આંતરે દિવસે તૂટવા લાગી રહી છે. કેનાલોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરાયો હોવા છતાં સ્થાનિક-સત્તધિશોના આંખ મીંચામણ કરાઈ રહી છે. અહીંના ધારાસભ્ય-સાંસદ સહિતની નબળી નેતાગીરીના કારણે આ વિસ્તારની કેનાલો કાગળની જેમ ફાટી રહી છે. આ વિસ્તારના ખેડૂતોની માંગણી છે કે, બહુચરાજી વિસ્તારની તમામ કેનાલોની વિજિલન્સ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે તો મોટી રકમના ભ્રષ્ટાચાર બહાર આવી શકે તેમ છે.

## બહુચરાજીમાં ઉમિયા માતાજીના મંદિરનો ૨૦મો પાટોત્સવ યોજાશે

ચાણસ્મા

મહેસાણા જિલ્લાના યાત્રાધામ બહુચરાજી ખાતે ઉમિયા વાડીમાં આવેલા ઉમિયા માતાજીના મંદિરનો ૨૦મો પાટોત્સવ આગામી તા.૨૩-૧૧-૨૦૧૭ ને ગુરૂવારના રોજ યોજાનાર છે. પાટોત્સવને લઈ અન્નકૂટ માઉમા-ખોડલની ભવ્ય શોભાયાત્રા તેમજ ઈનામ વિતરણ અને બેટી બચાવો-બેટી વધાવો સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ મહોત્સવને રંગેચંગે ઉજવવા હાલમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે.ગુરૂવારે રાત્રે ઉમિયાવાડીમાં બેચર અને બહુચરાજી નગરના આગેવાનો અને કાર્યકરોની બેઠક ઉમિયાવાડીના ચેરમેન વિઠ્ઠલભાઈ લાટીવાળા અને ડૉ.મધુભાઈ પટેલની હાજરીમાં મળી હતી. જેમાં આયોજન અંગે ચર્ચા કરાઈ હતી.

બેચર-બહુચરાજી સમસ્ત પાટીદાર સમાજ દ્વારા ૨૦મા પાટોત્સવ નિમિત્તે સવારે મા ઉમા અને મા ખોડલની મૂર્તિ બિરાજમાન કરી ઉમિયાવાડીથી બેચર ગામ સુધી શોભાયાત્રા નીકળશે. જેમાં બેચર, બહુચરમજી અને પડોશી ગામોના પાટીદારો મોટી સંખ્યામાં જોડાશે.દાતાઓના સહયોગથી યોજાનાર આ મહોત્સવ દરમિયાન તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ સમારંભ યોજાશે. જેમાં ધો.૫ થી સ્નાતક સુધીના પ્રથમ ત્રણ નંબરે આવેલા વિદ્યાર્થીઓનું બહુમાન કરાશે. આ સાથે છેલ્લા એક વર્ષ દરમિયાન બેચર-બહુચરાજી પાટ-ીદાર પરિવારમાં જન્મેલી દીકરીઓનું બેટી બચાવો-બેટી વધાવો અંતર્ગત ચાંદીનો સિક્કો અને રૂ.૧૦૦૦ સર્ટિફિકેટ તેમજ મંડળ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

## બહુચરાજી વિધાનસભા બેઠક પરથી ચૂંટાયેલા પુર્વમંત્રી રજની પટેલનું પત્તુ કપાય તેવી શકયતા

ચાણસ્મા

વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગીમાં રાતના ઉજાગરા કરવામાં આવી રહ્યા છે ત્યારે સૌની નજર મહેસાણા જિલ્લાની બહુચરાજી વિધાનસભા પર મંડાઈ છે. આ બેઠક પરથી ચૂંટાયેલા રજની પટેલ સરકારમાં ગૃહરાજયમંત્રી બન્યા હતા પરંતુ પાટીદાર અનામતને પગલે તેમને આ પદ ગુમાવવું પડયું હતું. હવે ટિકિટ પસંદગીમાં પણ તેમને આ ફેકટર નડી રહ્યું છે. જેને લઈ તેમનું પત્તુ કપાય તેવી શકયતા જોવાઈ રહી છે.

બહુચરાજી વિધાનસભા બેઠકમાં ૬૨ હજારથી વધુ ક્ષત્રિય ઠાકોર અને ૫૪ હજારથી વધુ પાટ-ીદાર મતદારો ધરાવે છે. આથી બંને પક્ષે આ બેઠક પરથી ક્ષત્રિય ઠાકોર કે પાટીદાર ઉમેદવારને ટિકીટ આપવી પડે તે મજબુરી ગણાય છે. આ સંજોગોમાં ભાજપ પક્ષે વર્તમાન ધારાસભ્ય અને પુર્વ ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલને રીપીટ કરવી કે નહીં તેની મથામણ ચાલી રહી છે. કારણ કે

પાટીદાર અનામત આંદોલનમાં સૌથી વધુ સરકાર બહુચરાજી મત વિસ્તારમાં થઈ હતી અને છેલ્લે બહુચરાજીમાં યોજાયેલી હાર્દિક પટેલની થ્રીડી સભામાં મોટી સંખ્યામાં પાટીદારો હાજર રહ્યા હતા. જ્યારે ભાજપની ગૌરવયાત્રા દરમિયાન પાંખી હાજરી જોતાં ભાજપના અહીં વળતાં પાણી દેખાઈ રહ્યા છે. આ સંજોગોમાં પક્ષ દ્વારા જ્યાં જ્યાં પાટીદાર આંદોલનની અસર થઈ હતી ત્યાંથી ધારાસભ્યોને રીપીટ નહીં કરી સંભવિત વિરોધ અને પક્ષને નુકશાનની સ્થિતિ ખાળવા નિર્ણય લેવાઈ ચુકયો છે ત્યારે તેમનું પત્તું કપાવાની પુરેપુરી શકયતા છે. અત્યાર સુધી જાહેર થયેલી પ્રથમ બે યાદીમાં પણતેમનું નામ નહીં આવતાં આ વાતને વધુ પેટ મળી રહ્યું છે. તો સામે પક્ષે કોંગ્રેસ પક્ષ પણ ઉમેદવારની પસંદગીમાં પારોઠનાં પગલાં ભરી રહ્યો છે. અહીંથી ક્ષત્રીય ઠાકોર કે પાટીદાર ઉમેદવારોએ ટીકીટ આપવા જ્ઞાતિ અને જાતિના સમીકરણો ગોઠવાઈ રહ્યા છે. જોકે હાલના તબક્કે તેની જાહેરાત કરાય તેવી શકયતા ઓછી હોવાનું પક્ષના સૂત્રો કહી રહ્યા છે.

## ગુંદરી ચેકપોસ્ટ ઉપર પી.એસ.આઈ. નો રોફ જમાવવાનો પ્રયાસ

ડીસા

બનાસકાંઠા જિલ્લાની ગુંદરી આર.ટી.ઓ. ચેકપોસ્ટ ઉપર ગત અડધી રાત્રે ખાનગી ગાડી લઈને ગયેલા પાંથાવાડા પી.એસ.આઈ. અને તેમના ડ્રાયવરે સીકયુરીટી ગાર્ડ ઉપર ગાડી નાખવાનો પ્રયાસ કરી હાજર અધિકારીઓ ઉપર 'રોફ' દાખવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે આ ચેકપોસ્ટ ઉપર એકેય ફોલ્ડર રાખવામાં આવેલ નથી તેમ છતાં ફોલ્ડરો રાખો છો તેમ કહી રોફ જમાવવાનો પ્રયાસ કરાયો હોવાનું જિલ્લાભરમાં ચર્ચાસ્પદ બનવા પામ્યું છે. પી.એસ.આઈ.અને તેમના ડ્રાયવરના આ વર્તનથી અધિકારીઓમાં ભારે રોષ છવાયો હતો.

એક બાજુ નિષ્ઠાવાન જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર જિલ્લામાં ગુનાખોરી ડામવા પોલીસ અધિકારીઓને કડક આદેશો કરે છે બીજી બાજુ પી.એસ.આઈ. રોફગીરી

અનુસંધાન પાના નં.૬

## ડીસાના આદર્શ સ્કૂલ પાસે રીક્ષા અને એકટીવાનો અકસ્માત સર્જાયો : બે ને ઇજા

ડીસા

ડીસાના આદર્શ સ્કૂલ પાસે રીક્ષા અને એકટીવાનો અકસ્માત સર્જાયો હતો. જેમાં બે લોકોને ઈજાઓ થવા પામી હતી. બન્ને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ડીસા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

ડીસાના આદર્શ સ્કૂલ પાસે શનિવારની સાંજે એક રીક્ષા અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો બનાવના પગલે રિક્ષામાં સવાર ચાર પૈકી એક ને ઈજા પહોંચી હતી તો બીજી તરફ એકટીવા ચાલકને પણ નાની મોટી ઈજાઓ થવા પામી હતી. બનાવના પગલે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા અને બન્ને ઘાયલોને સારવાર અર્થે ડીસા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.અકસ્માતમાં રીક્ષા તથા એકટીવાને સામાન્ય નુકસાન થવાં પામ્યું હતું.

# ધાનેરા તાલુકામાં મગફળીની આવક ગત વર્ષ કરતા ૧૫ ટકા જેટલો ઘટાડો





(એન.કે.મોદી)

### જયારે ટેકાના ભાવે મગફળી ખરીદતા ખેડૂતોમાં ખુશીની લહેર

(તા.પ્રતિ.) ધાનેરા

બનાસકાંઠા જિલ્લો ખેતી અને પશુપાલન પર નિર્ભય જિલ્લો છે. જિલ્લોનો વેપાર ખેતી પર આધારિત છે. જો જગતનો તાત ખુશ તો સમગ્ર જિલ્લો ખુશ. જયારે આ વખતે જિલ્લાના કેટલાક તાલુકામાં પુર હોનારત થી વ્યાપક નુકશાન થયું હતું. સાથે ખેત તેમજ ઉભેલા પાકને પણ ના ધારેલું નુકશાન થયું હતું .જો કે સરકાર ની રહેમ નજર જિલ્લા પર રહેતા જિલ્લા માં ફરી લોકો પગ ભર થઈ જીવન ધોરણ સામાન્ય બન્યું છે.

વાત કરવામાં આવે તો ખેતીને જયારે આ ચોમાસુ સિઝનમાં મુખ્યત્વે ખેડૂતો મગફળીનું વાવેતર મોટા પ્રમાણમાં કરતા હોય છે. આજ થી ૫ વર્ષ પહેલાં ની વાત કરવામાં આવે તો તાલુકા મથક ધાનેરા ખાતે મગફળીના વાવેતરમાં કોઈ સમજતું પણ ન હતું પણ સરકારની ખેડૂતલક્ષી માહિતીથી આજનો ખેડૂત આધુનિક ખેતી તરફ વળ્યો છે. જેથી હવે ધાનેરા તાલુકા માં પણ મોટા પ્રમાણમાં મગફળી નું વાવેતર થવા લાગ્યું છે.

આ વખતે સરકાર દવારા ટેકાના ભાવે મગફળી ખરીદવાનું નક્કી કરતા હાલ ધાનેરા સમારવાડા નજીક ટ્રેકેટ-રઓની મોટી લાઈનો જોવા મળે છે.જયારે ખેડુતોની હાજરીમાં મગફળીની તોળાઈ તેમજ માલની ગુણવાત ની ખરાઈ કરતા ખેડૂતો પણ સકારકાર ની આ કામગીરીથી ખુશ જણાઈ રહ્યા છે. ધાનેરામાં ત્રણ અલગ અલગ જગ્યાએ ટેકાના ભાવે મગફળી ખરીદવામાં આવી રહી છે. જો અત્યાર સુધી આવકની વાત કરવામાં આવે તો ધાનેરા ખરીદ વેચાલ સંઘમાં અત્યાર સુધી અંદાજિત ૩૫૦૦૦ બોરીની ટેકાના ભાવે ખરીદી કરાઈ છે. જયારે ધાનેરાના નેનાવા ગામે આવેલ બનાસ માર્કેટ યાર્ડ માં પણ અત્યાર સુધી ૪૫ થી ૫૦ હજાર જેટલી

અનુસંધાન પાના નં.૬

## ભાજપ - કોંગ્રેસમાં ટીકીટ જાહેર થયા પછી અને પહેલાંનો હોબાળો





યશપાલસિંહ ટી.વાઘેલા

**બંને પક્ષના મોવડી મંડળીની મુંઝવણમાં વધારો**

ગુજરાત વિધાનસભા ચૂંટણી - ૨૦૧૭ નું બીજા તબક્કાનું જાહેરનામાં આજે બહાર પડતાં જ સમગ્ર ગુજરાતમાં હવે "ચૂંટણી" માહોલ જામશે. કોંગ્રેસની વિહવળતા વવચ્ચે ભાજપે બે તબક્કામાં ૧૦૬ ઉમેદવારોની યાદી જાહેર કરી જેમાં બનાસકાંઠાની ૦૯ બેઠકો પૈકી પાંચ નામ જાહેર થયાં વાવ - થરાદ, દિયોદર પ્રથમ તો કાંકરેજ દાંતા બીજી હવે ડીસા - પાલનપુર - ધાનેરા - વડગામ બેઠકો બાકી રહી છે જેમાં જોષી - બ્રાહ્મણ - પ્રજાપતિ - ઠાકોર - પટેલ ગડ મથલમાં રહેશે. કોંગ્રેસ પ્રથમ યાદી પ્રસિધ્ધ કરી શક્યું નથી જે ભાજપ માટે ચૂંટણી પ્રારંભીક મુદ્દો બની રહ્યો છે ત્યાં ૧૦૬ યાદીમાં કેટલીક બેઠકો પર ભાજપના સમર્થકોમાં આક્રોશ બહાર આવી રહ્યો છે. વઢવાણ આઈ.કે.જાડેજાને ટીકીટ નહી મળતાં તેમના સમર્થકોએ આક્રોશ વ્યક્ત કર્યો તો જેઠા સોલંકી પછી બનાસકાંઠાની દિયોદર બેઠક પર પૂર્વ ધારાસભ્ય માનસિંહજી વાઘેલાને સમર્થકોનો આક્રોશ સાંભળવા મળ્યો. કાંકરેજમાં ૨૭ થી વધુ ઉમેદવાર લાઈનમાં હતા પણ બે -- પાંચ તો ટીકીટ નક્કી જ છે તેવી ધારણા વચ્ચે હળહળતો અન્યાય થયો હોવાનો દબાયેલો આક્રોશ આગામી સમયમાં શું કરશે ? એતો ચૂંટણી પરિણામ જ બતાવશે. કોંગ્રેસ પક્ષ દ્વારા ૮૦ થી ૧૦૦ બેઠકોની યાદી બહાર પડે તેવી શક્યતા છે. ભાજપે ૬૫-૩૫ ને બદલે ૭૦-૩૬ એમ ૧૦૬ ની યાદી જાહેર કરીને હવે બાકીની ૭૬ બેઠકોમાં કેટલા કપાય છે ને કેટલા નવા ચહેરા આવે છે તેના પર સૌની નજર છે. ભાજપ આઈ.કે.જાડેજાને માંડવી કચ્છની ટીકીટ આપશે તો લીલાધરભાઈ ને માંગણીનું શું કરશે. ભાજપ - કોંગ્રેસમાં ટીકીટ પછીને પહેલાંનો હોબાળો સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. કેટલાક એનકેન પ્રકારે દબાઈને ચૂપ મૌન બની બેઠા છે. પણ હદય - મનમાં ઉકળાટ છે. કાંકરેજ તાલુકાના પાદરડી ગામે કોંગ્રેસના સ્નેહ મિલનમાં આવો જ ઉકળાટ જોવા મળ્યો. ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ માં ભાજપ - કોંગ્રેસમાં ટીકીટની ટક્કર શરૂ થઈ ગઈ છે. કેટલાકની સવળી પડશે તો કેટલાકની ??? રાત્રે કે આજ દિવસ દરમિયાન કોંગ્રેસ ઉમેદવારોની યાદી જાહેર કરી શકે તેવી શક્યતા જોવાઈ રહી છે. બનાસકાંઠા ભાજપની ચાર બેઠકો માટે ભારે ટક્કર છે જેનો ઉકેલ કેવો આવે છે. ચૌધરી સમાજ એક બેઠક વધી હોત જો શંકરભાઈ રાધનપુરથી ચૂંટણી લડ્યા હોત તો તેવો આક્રોશ પણ ક્યાંક સાંભળવા મળ્યો હવે. ઉમેદવારી પત્ર ભરાશે તે પછી "લક્ષ્મીજી" બધું ઠંડુ પાડશે તેમ લાગે છે.

# ડીસા પંથકમાં અત્યાર સુધી ૧૫ હજાર હેકટરમાં બટાટાનું વાવેતર

**ગત વર્ષે જિલ્લામાં બટાટાનું ૫૯ હજાર હેકટર જમીનમાં વાવેતર થયું હતું : છેલ્લા ત્રણ વર્ષથી બટાટામાં મંદીના કારણે ચાલુ સિઝનમાં બટાટાના વાવેતરમાં ૨૦ ટકા કાપ મુકાશે**



નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

સમગ્ર ગુજરાત રાજયમાં વાવેતર અને ઉત્પાદન ક્ષેત્રે મોખરે રહેતા બનાસકાંઠા જિલ્લાના ડીસા પંથકમાં ૧૫ મી નવેમ્બર સુધી રવિપાકમાં બટાટાનું ૧૫ હજાર હેકટર જમીનમાં વાવેતર પૂર્ણ થવા પામ્યું છે.

આ અંગે તાલુકા ખેતીવાડી વિસ્તરણ અધિકારીના જણાવ્યા પ્રમાણે ડીસા તાલુકામાં અત્યાર સુધી ૧૫ હજાર હેકટર જમીનમાં બટાટાનું વાવેતર થઈ ગયું છે. હજુ વાવેતર ચાલુ છે. આગામી ડીસેમ્બર માસના અંત સુધી બટાટાનું વાવેતર કરાય છે. તેમ છતાં પાછલા વર્ષ કરતા ઓછુ વાવેતર થવાની ગણતરી ખેતીવાડી ખાતુ માંડી રહ્યું છે. પાછલા વર્ષે સમગ્ર જિલ્લામાં ૫૯ હજાર હેકટર જમીનમાં બટાટાનું વાવેતર થયું હતુ તેમાં ડીસા તાલુકામાં ૫૧ હજાર હેકટરમાં વાવેતર થયાનો અંદાજ છે ત્યારે ચાલુ સિઝનમાં ૧૦ થી ૨૦ ટકા જેટલો બટાટાના વાવેતરમાં કાપ મુકાશે કારણ કે છેલ્લા ત્રણ વર્ષથી બટાટાના ભાવની અનિશ્ચિતતા લઈને અનેક ખેડૂતોએ બટાટાનું વાવેતર

અનુસંધાન પાના નં.૬

## કાંકરેજ ભાજપમાં ખારીયામાં ખુશાલી તો પાદરડીમાં કોંગ્રેસ સ્નેહમિલનમાં ડખો



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ નો માહોલ જામી રહ્યો છે ત્યારે ભાજપ દ્વારા બીજી ૩૬ ની યાદીમાં કાંકરેજ તાલુકામાં ભાજપના ઉમેદવાર તરીકે ૨૦૧૨ માં માત્ર ૬૦૦ મતથી હારેલા કીર્તિસિંહ પી.વાઘેલાને ટીકીટ ફાળવવામાં આવતા ગઈકાલે ખારીયા ગામે ખુશાલી જેવો માહોલ હતો તો કોંગ્રેસ પક્ષ દ્વારા કાંકરેજ તાલુકાના પાદરડી ગામે સ્નેહમિલન સમારંભ રાખવામાં આવેલ. જેમાં છ થી સાત હજાર લોકો ઉમટી પડયા હતા. સન્માન કાર્યક્રમ પુર્ણ થતાં ઉપસ્થિત મહાનુભાવોના ભાષણો શરૂ થયા હતા જેમાં

અનુસંધાન પાના નં.૬

### કાંકરેજમાં ભાજપની સ્થાપના કરનાર અદના કાર્યકર

## અણદાભાઈ પટેલને ટીકીટ ન ફાળવાતા સમર્થકોના ટોળે ટોળાં ઉમટી પડ્યા

**કાંકરેજ સહિત દિયોદર, ડીસા રાધનપુર અને ચાણસ્મા વિધાનસભા વિસ્તારના તેમના સમર્થકો નારાજ**

તા.પ્રતિ. થરા

ગુજરાત વિધાનસભા ચૂંટણી - ૨૦૧૭ નો માહોલ જામી ચુક્યો છે. ત્યારે ભાજપ દ્વારા બીજી ઉમેદવારોની યાદી જાહેર થતાં રાજયભરમાં વર્ષો જુના કેટલાક આગેવાનો ને ટીકીટ ન ફાળવવાના કારણે જેતે વિસ્તારના આગેવાનોના સમર્થકોમાં ભારે રોષની લાગણી જોવા મળે છે. ગઈ કાલે બનાસકાંઠા જિલ્લાની બે ટીકીટોની ફાળવણી કરવામાં આવી, જેમાં કાંકરેજ તાલુકામાં ભાજપના સ્થાપક પ્રમુખ અને છેલ્લા ૩૭ (સડત્રીસ) વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું નિષ્ઠાથી કામ કરનાર, દરેક લોકોના નાના મોટા કામો કરનાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સહકારી સંસ્થાઓમાં વિવિધ જવાબદારી નિભાવનાર અણ દાભાઈ રામાભાઈ પટેલને ટીકીટ ન ફાળવતા સમગ્ર કાંકરેજ વિધાનસભામાં સમર્થકોમાં રોષની લાગણી ફેલાઈ હતી. અને સવારથી જ અણદાભાઈ પટેલની પાસે ગામે ગામ માંથી દરેક સમાજમાંથી લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. જાણે એવું લાગતું હતું કે, આ વખતે પણ અણદાભાઈને ટીકીટ ન ફાળવતા ફરીથી કાંકરેજ બેઠક કોંગ્રેસના ગઢ સમાન બની રહેશે. મોદી સાહેબનું સુત્ર છે કે, કોંગ્રેસ મુક્ત ભારત બનાવવું છે. પરંતુ કોંગ્રેસ મુક્ત કાંકરેજ ક્યારે બનશે ?? તેવું સમગ્ર તાલુકાના લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. અણદાભાઈ પટેલને કાંકરેજમાં ટીકીટ ન મળતા તેમના સમર્થકો અને પાર્ટીન હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ પાટ-ીમાંથી રાજીનામા

અનુસંધાન પાના નં.૬

## વાવ બેઠક ઉપર કોંગ્રેસની ટીકીટ માટે અમીરામભાઈ આસલની પ્રચંડ માંગ



તા.પ્રતિ. વાવ

વાવ બેઠક ઉપર ભાજપએ રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીના નામ ઉપર મહોર મારી દીધી છે. ત્યારે કોંગ્રેસ હજુ પણ ઉમેદવારના મુદ્દે ભારે અવનઢમાં મુકાઈ ગઈ છે. વાવ બેઠક ઉપર રાજપૂત - ઠાકોર, બ્રાહ્મણ સમાજમાંથી એક ઉમેદવારનું જાતિ વાઈઝ ગણીત ગણાઈ રહ્યુ છે. જેમાં ત્રણ નામની પેનલમાં બ્રહ્મસમાજમાં વાવ તાલુકામાં ખરડોલ ગામના વતની અને વાવ તાલુકા પંચાયતના પ્રમુખ અમીરામભાઈ આસલનું નામ જોર શોરથી ગુંજી રહ્યુ છે. ત્યારે બ્રહ્મસમાજે પણ એક અવાજ સાથે અમીરામભાઈ અસલની ટીકીટ માટે માંગ કરી છે. તેવું છેડચોક ચર્ચાઈ રહ્યુ છે. હાલની પરિસ્થિતિ જોતાં છેલ્લી ઘડી સુધી આ લખાય છે ત્યાં સુધી કોંગ્રેસ પાર્ટી વાવ કે થરાદ બેઠક ઉપર ઉમેદવારના નામો જાહેર કરી શકી નથી. "જો" અને "તો" ના ગણિત વચ્ચે જ્ઞાતિ વાઈઝના આંકડાનું ગણીત ગણાઈ રહ્યુ છે. ત્યારે છેલ્લી ઘડી સુધી દીલ્હી પહોંચલે ત્રણ નામોની યાદીમાં વાવ બેઠક ઉપર બ્રહ્મસમાજના યુવા અગ્રણી અમીરામભાઈ આસલનું નામ ગુંજી રહ્યું છે ત્યારે સમગ્ર બ્રહ્મસમાજ અમીરામભાઈ આસલનું નામ જાહેર થાય તે માટે ચાતક નજરે રાહ જોઈ રહ્યો છે.

## શિયાળાની ઢળતી સાંજનો અદ્ભૂત નજારો



ભરત સુંદેશા

ડીસા

શિયાળાની ઋતુ હવે ધીમે ધીમે પકડ જમાવી રહી છે. શિયાળામાં રાત અને દિવસ ટુંકા હોઈ લોકોએ પણ પ્રકૃતિના સમયપત્રક પ્રમાણે ટેવાવું પડે છે. સાંજે સૂર્ય નારાયણ વહેલા અલોપ્ત થઈ જતા હોઈ છ વાગ્યાથી જ અંધકાર શરૂ થઈ જતો હોય છે. ત્યારે કેમેરામાં ઢળતી સાંજના સૂર્યનારાયણનો અદ્ભૂત નજારો જોવા મળ્યો હતો.

## મજાદર હાઈવે ઉપર ટ્રકની ટક્કરથી બાઈક ચાલક ઘવાયો

**બાઈક ચાલકના પગ ઉપર ટ્રકના પૈંડા ફરી વળ્યા**



સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના મજાદર હાઈવે ઉપર રવિવાર બપોરે એક બાઈક ચાલકને ટ્રકે ટક્કર મારતાં બાઈક ચાલક નીચે પટકાતા બાઈક ચાલકના પગ ઉપર ટ્રકના પૈડા ફરી વળતા બંન્ને પગ ઉપર ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર અમદાવાદ હાઈવે ઉપર મજાદર ચોકડી ઉપર સિધ્ધપુર તરફથી આવતી ઈંટો ભરેલ ટ્રક નં.જી.જે.૨. વી.૮૮૫૭) ના ચાલક બાઈક

અનુસંધાન પાના નં.૬

### પાલનપુર - અમદાવાદ હાઇવે પર કાર નાળામાં ખાબકી

પાલનપુર

પાલનપુર- અમદાવાદ હાઈવે પર રિધ્ધિ સિધ્ધી પાર્ટી પ્લોટ પાસે એક કારને અકસ્માત નડ્યો હતો. જેમાં કારચાલકે કાબુ ગુમાવતા કાર પલ્ટી ખાઈ નાળા માં પડી હતી. જેમાં કારમાં સવાર એક વ્યક્તિને ઈજા થઇ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

## ચંડીસરમાં પેટ્રોલ - ડીઝલ ચોરીનો પર્દાફાશ



પાલનપુર

આર.આર.સેલ ભૂજની ટીમે ચંડીસર ગામે જીઆઈ.ડી.સી. ની. બાજુમાં પેટ્રોલ - ડીઝલની ચોરીનો પર્દાફાશ કરી બેની ધરપ-કડ કરી હતી. જેમાં ચેતનકુમાર પરબતજી ઠાકોરને પરબતજી જાણુજી ઠાકોર ડ્રાયવરો સાથે સાંઠગાંઠ રચી ટેન્કર માલિકોની જાણ બહાર ટેન્કરમાંથી પેટ્રોલ - ડીઝલ કાઢી લઈ બાદમાં તેનું સસ્તા ભાવે વેચાણ કરતા હતા. પોલીસે છ વાહન, પેટ્રોલ અને ડીઝલ, સાત ડબ્બા, લોખંડની કોશ, ગેજ પટ્ટી, રબરની પાઈપ મળી કુલ રૂા.૩૪, ૯૬, ૧૯૬ નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

**એક વિશાળ બંગલો વેચવાનો છે**

ડીસાની ગણેશ કૃપા સોસાયટી (પાટણ - ડીસા હાઈવે રોડ) શુભમ પાર્ટી પ્લોટની બાજુમાં

-: સંપર્ક :-

**મુકેશભાઈ મહારાજ**
**મો.નં. ૮૪૦૧૯ ૧૩૬૨૬**

**ઓપન ઈન્ટરવ્યુ**

**પ્રાથમિક વિભાગ માટે**

**કેળવણી મંડળ કોદરામ સંચાલિત શ્રીમતિ એમ.એ.પરીખ વિદ્યાલય, કોદરામ, તા.વડગામ, જિ.બનાસકાંઠાના પ્રા.વિ. માટે નીચે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારની જરૂર છે. તો યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૬/૧૧/૨૦૧૭ ને રવિવારે ૧૧.૦૦ કલાકે પોતાના અસલ પ્રમાણપત્રો સાથે સ્વખર્ચે હાજર રહેવું.**

| ક્રમ જગ્યાનું નામ | મુખ્ય વિષય |
|---|---|
| ૧. બી.એસ.સી. બી.એડ્. | ગણિત - વિજ્ઞાન |

શ્રી સવજીભાઈ કે. ચૌધરી (પ્રમુખશ્રી)
ઈન્ટરવ્યુ સ્થળ : શ્રીમતિ એમ.એ.પરીખ વિદ્યાલય
કોદરામ, તા.વડગામ, જિ.બનાસકાંઠા

**દિપાવલી તથા નુતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**



**કુ.મંજુલાબેન પઢિયાર**

સભ્યશ્રી, ગુજરાત મહિલા કોંગ્રેસ સમિતિ
પૂર્વ સભ્ય, પાલનપુર નગરપાલિકા
પ્રમુખશ્રી, માનવ કલ્યાણ ટ્રસ્ટ - પાલનપુર

શિવકુંજ, વિશાલ ફર્નિચરની બાજુમાં, જિલ્લા પંચાયત સામે, જી.આઈ.ડી.સી. રોડ, મુ.પાલનપુર - ૩૮૫૦૦૧. (બ.કાં.), મો.૯૪૨૮૧ ૯૬૭૭૭, ૯૪૨૭૩ ૯૩૯૯૯

## બેસણું



**સ્વ. સુજાભાઈ પુરાભાઈ ઘસિયા (પટેલ)**
સ્વ. તા. ૧૭/૧૧/૨૦૧૭
ડિરેકટર, જમીન વિકાસ બેંક પાલનપુર,પૂર્વ ચેરમેન, મગરાવા દૂધ મંડળી

**અમારા પિતાશ્રી સ્વ. સુજાભાઈ પુરાભાઈ ઘસિયા (પટેલ)નું તા.૧૭/૧૧/૧૭ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ, સદ્ગતનું બેસણું અમારા નિવાસસ્થાને તા.૨૨/૧૧/૧૭ ને બુધવારના રોજ સવારે ૮-૦૦ કલાકથી બપોરે ૧-૦૦ કલાક સુધી રાખેલ છે.**

**સ્થળ : મગરાવા તા. ધાનેરા, જિ.બનાસકાંઠા**

લિ.

ઘસીયા પટેલ દાંનાભાઈ સુજાભાઈ (પુત્ર)
ઘસીયા પટેલ મોહનભાઈ પુરાભાઈ (ભાઈ)
ઘસીયા પટેલ નવાભાઈ પુરાભાઈ (ભાઈ)
ઘસીયા પટેલ ગજાભાઈ વિહાભાઈ (ભત્રીજા)
ઘસીયા પટેલ કરસનભાઈ પ્રભાભાઈ (ભાઈ) ચેરમેન
ઘસીયા પટેલ દેવદાનભાઈ જેસુંગભાઈ (ભત્રીજા)
ઘસીયા પટેલ પુનમાભાઈ ત્રિકમભાઈ (ભાઈ)
ઘસીયા પટેલ જોઈતાભાઈ તેજાભાઈ (ભાઈ)
ઘસીયા પટેલ શંકરભાઈ વોહતાભાઈ (મંત્રી) ભત્રીજો
ઘસીયા પટેલ રતનાભાઈ માંનાભાઈ (ભત્રીજો)
ઘસીયા પટેલ નાંનજીભાઈ પ્રેમાભાઈ (ભાઈ)
ઘસીયા પટેલ લખમણભાઈ પાતાભાઈ
ઘસીયા પટેલ વોહતાભાઈ અજબાભાઈ
ઘસીયા પટેલ દેવાભાઈ પનાભાઈ (મંત્રી)
ઘસીયા પટેલ બાબુભાઈ હેમાભાઈ
ગોસ્વામી નારણ ભારથીજી (કોટડા-ધાખા)
તથા સમસ્ત ઘસીયા (પટેલ) પરિવાર

મુ. મગરાવા, તા.ધાનેરા, જિ.બ.કાં.

## શ્રદ્ધાંજલિ



**સ્વ. સુજાભાઈ પુરાભાઈ ઘસિયા (પટેલ)**
સ્વ. તા. ૧૭/૧૧/૨૦૧૭
ડિરેકટર, જમીન વિકાસ બેંક પાલનપુર

મગરાવા ગામના આગેવાન શ્રી સુજાભાઈ પુરાભાઈ પટેલનું દુઃખદ અવસાન થયેલ છે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના....

સદ્ગત સુજાકાકાના હુલામણા નામથી ઓળખાતા હતા. તેઓશ્રી બનાસકાંઠા જીલ્લા પંચાયત સભ્ય તરીકે, મગરાવાના દુધ મંડળીના ચેરમેન તરીકે, રામપુરા છોટા સેવા સહકારી મંડળીના ડીરેકટર તરીકે, વિવેકાનંદ હાઈસ્કૂલના ડીરેકટર તરીકે, જમીન વિકાસ બેંકના જિલ્લા ડીરેકટર તરીકે અને સમાજના આગેવાન સાથે ગામના આગેવાન અને કોંગ્રેસના બનાસકાંઠામાં મોભાનુ સ્થાન નિભાવી મગરાવા ગામનું ગૌરવ વધાર્યુ છે કોંગ્રેસ પક્ષની અને મગરાવા ગામને સદાય ન પૂરાય તેવી ખોટ પડી છે, ભગવાન તેમના આત્માને શાંતિ આપે એવી પ્રભુને પ્રાર્થના...

લિ.

**ઘસીયા (પટેલ) વિરભાંણભાઈ જેસુંગભાઈ**
(પ્રમુખ, જી.વાય.એમ.ટી.)
**ઘસીયા (પટેલ) ગજાભાઈ વિહાભાઈ**
**ઘસીયા (પટેલ) રઘાભાઈ જોઈતાભાઈ**

મુ.મગરાવા, તા. ધાનેરા, જિ.બ.કાં.

**ઘસીયા (પટેલ) શંકરભાઈ વોહતાભાઈ**
મંત્રી, ધી રામપુરા છોટા સેવા સહકારી મંડળી
**ઘસીયા (પટેલ) કરસનભાઈ પ્રભાભાઈ**
**લિંકન મેડીકલ એજન્સી, ધાનેરા**
**ગોસ્વામી નારણ ભારથીજી (કોટડા-ધાખા)**